શ્રી ગણેશાયનમઃ

અથ અનુભવ પ્રકાશ.

કીર્તન.

રચનાર,

સ્વામી ગણેશપુરીજી લક્ષ્મણપુરીજી.

વીરમગામ તાબે-વાસણા-ગુજરાત.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

સ્વામી લાલભારથી સુરજભારથી.

વીરમગામ તાબે—વીઠલાપુર.

સંવત ૧૯૬૭ સને ૧૯૧૧

આવૃત્તી પહેલી. પ્રત ૧૦૦૦

"શ્રી સત્યનારાયણ" પ્રીન્ટીંગ પ્રેસમાં પટેલ

મોતીલાલ કાળીદાસે છાપ્યા.

મૂલ્ય ૦-૮-૦

श्री गणेशायनमः

અથ અનુભવ પ્રકાશ.

રચનાર,

સ્વામી ગણેશપુરીજી લક્ષ્મણપુરીજી.

વીરમગામ તાબે-વાસણા-ગુજરાત.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

સ્વામી લાલભારથી સુરજભારથી.

વીરમગામ તાબે—વીઠલાપુર.

સંવત ૧૯૬૭ સને ૧૯૧૧

આવૃત્તી પહેલી. પ્રત ૧૦૦૦

"શ્રી સત્યનારાયણ" પ્રીન્ટીંગ પ્રેસમાં પટેલ
મોતીલાલ કાળીદાસે છાપ્યા.
ઘીકાંટા-અમદાવાદ.

મૂલ્ય ૦-૮-૦

આ પુસ્તકની પ્રસ્તાવના.

આ પુસ્તકમાં કોઈ પ્રકારનો વિવાદ નથી તેમાં મુખ્ય આત્મજ્ઞાન તત્ અને તવપદના શોધનને આધીન છે.

તેમાં તત્પદ કહેતાં ઇશ્વર અને તવપદ કહેતાં જીવ એ બંનેનું ખરૂં શું છે, તેનું જ્ઞાન થવા સારૂ સર્વ કીર્તનોમાં કીયાઓ સમજાવી જોઇએ તે વીના જીવનું વાસ્તવિક સ્વરૂપ તથા ઇશ્વરનું વાસ્તવીક સ્વરૂપ શું તેનો નીરણય થઇ શકતો નથી. માટે સરવે સદ ગ્રહસ્થો તથા સરવે સંસારરૂપી મનુષ્યોએ મતભેદ છોડી દઇ નીષ્પક્ષપાતપણે નિર્ણય કરવું યોગ્ય છે.

આ ગ્રંથ ગુજરાતીમાં છપાવી પ્રશીદ્ધ કરવાનું કારણ તો એજ કે ઘણા માણસોને ગુજરાતીનું થોડું ઘણું જ્ઞાન તો હોય જ માટે તે લોકો શહેલાઇથી વાંચી શકે માટે ગુજરાતીમાં છપાવવાની જરૂર પડી છે જે છપાવવામાં ભુલ ચુક હોય તે માફ કરી સુધારી વાંચી સાર ગ્રહણ કરશો એવી વિનંતી છે.

સ્વામી ગણેશપુરીજીનું જીવન ચરિત્ર.

સવૈયા,

સંવત ઓગણી, જોગણી સાલમાં, વાસણા ગામમાં પુર્યોરે વાસા;
ઈશ્વર ઈચ્છાથી આવી રહ્યા ત્યાંહી, ચાર વરસ ત્યાં પુર્યોરે વાસા. ૧
જપ તપ જોગકું શાધન લાગે તો, મન માન્યા છે ત્યાંતોરે ખાસા;
કુગ્રામ વસ્તીમાં વાસ પડયો તબ, ગણેશપુરીકું નવ રહી હુલાસા. ૨

ગણેશપુરી મહારાજની પ્રથમતો જન્મભોમીકા ગામ વરમોરની હતી, પણ ગામ વાસણામાં સરવે મળીને સંવત ૧૯૬૪ની સાલમાં લાવ્યા હતા, તો ગામની વસ્તી પહેલાં આનંદી હતી, ને ગણેશપુરી મહારાજતો તદન વૈરાગવાન હોવાથી કોઈની દરકાર કરી નહીં. તેથી તે અજ્ઞાની લોકો વીમુખ રહેતા હતા, મહારાજે મનમાં વિચાર કરયો કે, આપડે સર્વવાતે આનંદ છે. તેવું ધારીને એકાંત સ્થળે રહીને આ વાણી અનુભવ કરયો છે. હરદમ આપના પાસે રહેવાવાળા સ્વામી લાલભારથીજી તથા ભાઈ માધવજી તથા પ્રભુદાસ તથા વીઠો તથા નારણદાસ તથા ગંગારામદાસ તથા વીરજી તથા છગન તથા માસ્તર રહેમતઅલી અમારા ઉપર પુરી દયા કરીને કલમ હાથમાં લઈને ગ્રંથ સમાપત સુધી લખી આપ્યો છે તેમની અલ્લા સહાય કરશે.

સવૈયા.

વસ્તા હતા પહેલા વરમોરમાં, લક્ષ્મણપુરીકે સુત કહાવે;
સંવત ઓગણી ચાલીસકી સાલમાં, કારતક માસ શુભ; મહુરત પાવે. ૧

રેવીકે દીન મહુરત શુભમાં, જન્મ લીયો પછી તે સુખ પાવે;
આનંદ કંદમાં રહે તે તો નિત્ય, લાલભારથી તાકા ગુણ ગાવે. ૨

આ મહારાજની જન્મતિથી સંવત ૧૯૪૦ની સાલના કારતક માસ રવિવારના દીવસે હતી.

સવૈયા.

વાસણા મધે બિરાજે ભલી બીધી, નામ ગણેસપુરી તેહી જાણો;
બાનો બડો ગુરૂકો શીર શોભત, કાલ ગણે નહી તેહી આણો. (૧)
માનો ગણેશ સમાન બિરાજત, રાજત સાજત બુદ્ધિ ખજાનો;
કાનો કરે જમ કે મુકતાનંદ, આનંદ કંદ આંહીં પરમાનો. (૨)

સવૈયા.

સંવત ૧૯૬૬કી સાલમાં, શ્રાવણ માસ તીથી ત્રયોદશી જાણો;
તે દીન ગ્રંથ પ્રારંભ કીયો હતો, શુક્ષમણાકા સ્વરહી માણો. (૧)
શુભ નક્ષેત્ર શુભહી વારમ, પ્રેમ ધરીને ગાયો આ ગાણો;
ગણેશપુરી પર પુરી દયા કરી, શુદ્ધ અશુદ્ધ શુદ્ધ કરી જાણો. (૨)

સંવત ૧૯૬૬ ની સાલમાં શ્રાવણ માસ તિથી ત્રયોદસીના દિવસે આ ગ્રંથ પ્રારંભ કર્યો હતો. શુક્ષમણાકા સ્વર ચાલતે વખતે શુભ મહુરત જોઇને સરૂઆત કર્યો હતો. પરંતુ આ ગ્રંથમાં બુદ્ધિ તુચ્છ હોવાથી કાંઇ શુધ્ય અશુધ્ય આવ્યું હોય અગર આવે તો મહારા વહાલા મિત્રો સુધારો વધારો કરીને વાંચશો.

હું તો આપ સર્વે સંતોનો દાસ છું. પરંતુ આ વાણીમાં કાલાવાલા કરીને દિવસ ગુજારો કરવા માટે કરી છે. હું કાંઈ વ્યા-

કરણ ભણેલો નથી ને સંસકૃતં પણ જાણતો નથી ને મારી બુદ્ધિ પ્રાકૃતમાં પણ પુરી પહોંચતી નથી, પણ ઇશ્વર ઇચ્છાથી કાલાવાલા કર્યા છે તે આપ સમજુ પુરૂષો શુદ્ધ કરી લેશોજી. મારી એજ પ્રાર્થના છે. હું આપનો દાસ છું સરણાંગત છું. એજ

આ પુસ્તકમાં એટલે=તત્વશોધન મહાસાર (અનુભવ પ્રકાશમાં દોહા ૨૪ તથા અનુભવપ્રકાશ કીરતનો ૮૨ તથા સવૈયા વિગેરે તેમને પોતાના મનના અનુભવથી પરમાત્માને ઓળખવા માટે તથા કેવી રીતે ઓળખવા તે વિષે પોતે ગ્રંથ પ્રસીદ્ધ કરવા ધારણા કરી છે તો સર્વે વાંચકોએ મનમાં ખ્યાલ કરવો કે તે ખરી છે કે ખોટી. વિશેષ લખવાનું કે પોતે કાંઇ વધારે ભણ્યા નથી જુજ વાંચતાં લખતાં શીખ્યા છે પરંતુ આ વાસણા ગામમાં આવી પોતે આ ગ્રંથનો પ્રભા શરૂ કર્યો છે તો વાંચકોએ આ ગ્રંથનો આદીથી તે અંત સુધી આદર પુર્વક વીચાર કરવો એવી મારી વિનંતી છે.

સ્વામી લાલભારથી સુરજભારથી.

છત્રના કર્તા સ્વામી લાલભારથીજી સુરજભારથીજી છે.

આ છત્રમાં જેની મેરે વાંચસો તેની મેરે સાંમી ગણેસપુરીજી તેવું નામ આવશે.

							જી							
						જી	રી	જી						
					જી	રી	પુ	રી	જી					
				જી	રી	પુ	સ	પુ	રી	જી				
			જી	રી	પુ	સ	ણે	સ	પુ	રી	જી			
		જી	રી	પુ	સ	ણે	ગ	ણે	સ	પુ	રી	જી		
	જી	રી	પુ	સ	ણે	ગ	મી	ગ	ણે	સ	પુ	રી	જી	
જી	રી	પુ	સ	ણે	ગ	મી	સાં	મી	ગ	ણે	સ	પુ	રી	જી

મી
લ
ક્ષ
મ
ણ
પુ
રી
જી

સચ્ચિદાનંદ. સચ્ચિદાનંદ.

શ્રી સરસ્વતીને નમઃ ॥ શ્રી ગણેશાય નમઃ ॥

ઓમ તત્ પુરૂષાય:

અથ અનુભવપ્રકાશ.

તત્વ સોધન મહાસાર પ્રશ્ન ઉત્તર સાથે.

દોહા. ૧

સરસ્વતી માતને હું નમું, પુરો મનની આશ;
ગ્રંથ રચું આ પ્રીતથી, સમરી સ્વાસો સ્વાસ.

દોહા. ૨

ગવરી નંદન ગણુપતિ, કરજો આ સુભ કાજ;
વીઘન વિપત્તિ જે પડે, રાખો તેમાં લાજ.

દોહા. ૩

નમું નમું ગુરૂદેવને, સત્તચિત આનંદ રૂપ;
જ્યાં દેખું ત્યાં સર્વમાં, વસો સુરીવર ભુપ.

દોહા ૪

આપ કીપાથી નાથજી, મીટયો સર્વ અજ્ઞાન;
જગત્ત દીસે છે સપનાવત્તુ, રજ્જુ ભ્રાંતી પ્રમાન.

દોહા..૫

અધ્યાતમહ અધિ દેવ તે, અને અધિભુત પ્રમાન;
ત્રિવીધિના તાપથી, છોડાવો શ્રી ભગવાન..

દોહા. ૬

પ્રથમ અનુબંધ ચાર તે, હોય મુમુક્ષુતા કોઈ;
તેને વિદ્યા તે કરે, સંસય તેમાં ન હોઈ.

ટીકા—પ્રથમતો ચાર અનુબંધવાળો મુમુક્ષુતા પુરૂષ હોય તેને ગ્યાની પુરૂષે તપાસીને પછી બોધ કરવો. કારણકે તેમાં વિઘ્ન વિપત્તિ જરા પણ નડતી નથી, પાત્ર વિના બોધ કરવો તે તમામ નકામો જાય છે. માટે તેનાં અનુબંધ ચાર તપાસીને બોધ કરવો. ચાર અનુબંધ ક્યાં તે આ નીચે દરશાવી આપું છું. (૧) વિવેક (૨) વિચાર (૩) સદ્ સંપત્તિ (૪) મુમુક્ષુતા, તે ચાર અનુબંધ વાળાને તપાસ કરી બોધ સરૂ કરવો તો તે પુરણ ગ્યાની થઈને ગુરૂને સોભાવે છે તેમાં સંસય નથી.

પાત્રવિના બોધ ઠરતો નથી કેવી રીતે કે જેમ વાઘેણનું દુધ સોવરણના પાત્રવિના ઠરતું નથી તેમ અજ્ઞાની માણસને બોધ ઠરતો નથી. પાત્ર રૂપી મુમુક્ષુતાને વાઘરૂપી ગુરૂને બોધ રૂપી દુધ સમજવું. પાત્ર વિના બોધ કરવાથી તેને ગ્યાન ઠરતું નથી ને ઉલટી હાંસી થાય છે. તેનું કારણ કે ગ્રંથનું પ્રયોજન બ્રહ્મગ્યાનમાં મેળવવા વિચાર છે માટે અજ્ઞાની માણસને વાત કરવાથી ધર્મહાની થાય છે. કારણકે પોતે પાત્ર નહિ હોવાથી ખોટું માનીને ઉલટી હાંસી કરેછે. માટે પાત્ર તપાસવો ને પછી ખરી વાત કરવી.

દોહા ૭ જીગ્નનું વિભ્રણ.

આ જગતમાં ઈશ્વર હે કે નહિ, વિચાર કરો ગુરૂદેવ;
જપ તપ તિરથ બહુ કર્યા, ભેટ્યા નહિ તતખેવ.

ટીકા—પ્રશ્ન—હે ગુરૂદેવ આં જયતમાં ઇશ્વર હશે કે નહિ હોય.

ઉત્તર—આ જગતમાં ઇશ્વર સર્વ ઠેકાણે વ્યાપક છે જો ઇશ્વર ના હોય તો આ જગત ચાલે કેમ માટે સર્વ વ્યાપક ઇશ્વર સમજવા.

પ્રશ્ન—ઠીક. વ્યાપક છે તે તમો કહો છો પણ મારા સમજવામાં કાંઇ પણ આવતું નથી.

ઉત્તર—તેનું કારણ શું જે સમજવામાં આવતું નથી.

પ્રશ્ન—તેનું કારણ એ છે જે કે હું તેનો વિચાર કરી જોવું છું તો કાંઇ સંભવતું નથી સાથી કે જેવો હું જપ કરૂં છું. તથા તપ કરૂં છું. તથા સમરણ કરૂં છું. તથા નાહું છું. ધોવું છું. તથા દેવદર્શન કરૂં છું. તિર્થ વૃત્ત કરૂં છું. અહોરાત્રી ઉપાસના કરૂં છું. જગન કરૂં છું દાન કરૂં છું. પણ તે અંદરતું કાંઇ પ્રાપ્ત થયું નહિ. તેનો પ્રચો, ઉત્તર કાંઇ પણ મળ્યો નથી માટે મને એમ લાગે છે કે ઇશ્વર નહિજ હોય.

દોહા ૮.

મસ્તાનો ફરે છે જગતમાં, ભૂલ્યો ઘરની રીત;
જાવું છે પુર્વ રીતથી, ને પશ્ચિમ કરે છે પ્રીત.

ટીકા—ઉત્તર—ઠીક તું એમ કહે છે કે જપ તપ તીર્થ કરૂં છું પણ ઇશ્વરની પ્રાપ્તી નથી. પણ જો ઇશ્વર ના હોય તો આ જગત ચાલે નહી ને તું કહે છે કે નથી તે તો ખંડણ ગણાય માટે એમ બોલવું બને નહિ ને એમ વીચાર કરીને જો કે, ઇશ્વર વીના તલ માત્ર જગ્યા ખાલી નથી. તે ઉપર દ્રષ્ટાંત કહું છું.

દ્રષ્ટાંત—કોઇ પુરૂષે ગામથી પરગામ જાવાં સારૂ તૈયારી કરી છે. ને તે ગામ અથવા તેનો રસ્તો જોયો નથી. ને અભીમાનના

લેવાથી રસ્તો પણ પુછયો નહિ ત્યારે પુછયા વિના કેવી રીતે જોવા ધારેલા ગામ કેમ કરી પહોંચશે, ને ગામ છે પુર્વમાં ને પશ્ચિમમાં પરિયાણુ છે તો નાજ પહોંચે ઠીક ત્યારે તે માણસને જે ગામ જાવાની ઇચ્છા છે તે હજી સુધી જાવું છે ને ગામ કેમ આવતું નથી. તો સમજુ હોય તો એમ વીચાર કરવો કે જરૂર આપણે માર્ગ ભૂલેલા છીએ માટે સમજણ લાવીને અભિમાન મુકીને માર્ગ પુછી જોવો જેથી કરી પોતાનું કાર્ય સિદ્ધ થાય.

સિદ્ધાંત--પરગામ જવા રૂપી ઇશ્વરનું ધામ સમજવું. જનાર માણસ રૂપી જીગનાસુવાળો સમજવો અને માર્ગ ભૂલ્યા રૂપી અજ્ઞાન સમજવું. અજ્ઞાન કેવું જે વ્હેવાર મારૂં તારૂં મીથ્યાભ્યાસ તેનાં નામ અજ્ઞાન સમજવું. ને આ જગતમાં ભેદવાદી ગુરૂ મળવાથી ખરો રસ્તો પ્રાપ્ત થતો નથી. ત્યારે જે ગામ જવાનું તે ગામ કેવી રીતે પહોંચાય કારણ કે ખરો રસ્તો કોઇ બતાવે નહિ ને ગામ પહોંચાય પણ નહિ. ભેદવાદી ગુરૂના કહેવામાં એમ છે કે જો ખરો રસ્તો કહીશું તો રોટલો ભાગી જશે. ને પુન દાન કોઇ પણ કરશે નહિ. એમ ઠસાયછે માટે કહેતા નથી. એવા ભેદવાદીને પુછવાથી જે ગામ જવાનું છે તે ગામનો રસ્તો બતાવતા નથી. તેથી રસ્તો પણ હાથ આવતો નથી.

પ્રશ્ન—ત્યારે ભેદવાદી ગુરૂ બહુ મળે છે કેવાકે ધન હરવા વાળા ને અવળા માર્ગ બતાવનારા છે. તો કોણ રસ્તો બતાવે.

ઉત્તર—ભેદવાદી ગુરૂ મળે તો તેની પરીક્ષા કરવી.

પ્રશ્ન—હું તો અજ્ઞાની છું. તો મારાથી શી રીતે ઓળખાય.

ઉત્તર—તેની પ્રકૃતિ તથા ધન હરવાથી તથા ભાષણથી વહેવા-રથી ભેદવાદી ગુરૂ ઓળખાય છે,

પ્રશ્ન—તેમ કરતાં પરીક્ષા ના આવડે તો શું કરવું વારૂ.

દોહા ૯.

ઉત્તર—સત ચિત્ત આનંદ જેહને, નેં ક્ષમા દીલ સંતોષ;
તેને જઇને જો નમે, મારગ મળશે તજ રોસ.

ટીકા—ઉત્તર—જોકે તે પુરૂષ કેવા હોય છે કે સતચિત્ત એટલે જેનું ચિત્ત સત્યમાં છે, ને ચોખ્ખું છે. ચોખ્ખું એટલે અસત્યતો બોલેજ નહી ને સદા સુખી હોય છે, આનંદ એટલે સર્વદા શોક રહીત હોય છે નેં ઇશ્વરને સર્વે ઠેકાણે દેખે છે ને એમ કહે છે કે ઇશ્વર વીનાનો કાંઇ ઠામ નથી. પેલા ભજનમાં કહ્યું છે કે—

સકલ હંસમાં હંસ હમારા, હંસ વીના બીજો ઠામ નથી;
પંડ બ્રહ્માંડમાં જોવો તપાસી, આત્મ સીવાય બીજો કોઇ નથી.

તો તે જ્ઞાની સર્વ ઠેકાણે, સર્વ વ્યાપી, સર્વદા, નીત્ય, સુદ્ધ, બુદ્ધ, ઇશ્વરને જોયા કરે છે કેમકે સર્વ વ્યાપી ઇશ્વર છે, તેમાં સંશય નથી. તો, તેવા નિર્મળ ગુરૂને પુછવાથી ખોએલો માર્ગ એટલે ઇશ્વરના ધામરૂપી ભુલ થઇ હોય તો તેનો રસ્તો બતાવે છે. ને આપણે તો વિચાર કરવો કે ઉપર કહેલા વીચારને જો ઇશ્વરની પ્રાપ્તિ નથી તેનું કારણ એ છે કે આપણે માર્ગ ભૂલ્યા છીએ તો ભૂલ્યા ત્યાંથી ફેર ગણી લેવું જોઇએ.

પ્રશ્ન—આપણી શી ભુલ છે તે કૃપા કરી કહોં.

દોહો ૧૦

ઉત્તર--વીશરણું થયું છે તુજને, અને પ્રાપ્ત વસ્તુ તુજ પાસ;
જો મળે તેનો માલમી, તો શંસ્ય થાય સૌ નાશ.

દોહો ૧૧

દસ્ટાંત— કરકો તો કંકન ગયો, શોચ કરે બહુ નાર;
પછી મળ્યો તેનો માલમી, તો તેને તું ગુરૂ ધાર.

દસ્ટાંત—હે ભાઇ વસ્તુતો પોતાના પાસેજ છે પણ વીશરણું થઈ ગયું છે.

પ્રશ્ન—હે ગુરૂજી વિશરણું કેવી રીતે ને જો વસ્તુ મારા પાસે હોય તો હું ભાળું પણ કાંઇ દેખાતી નથી અને તમો તો કહો છો કે વસ્તુ તારા પાસેજ છે તે સમજવામાં આવતું નથી.

દસ્ટાંત—જો ભાઈ તારા સમજવા સારૂ આ નીચે દસ્ટાંત દરશાવું છું. એક ગામમાં વાણીયણ રહેતી હશે ત્યારે તેણે વીચાર કર્યો લાવ° આજતો ડાંગર ખાંડું ત્યારે તેની હાથની ચુડી ખોલી હોવાથી શાંબેલા સાથે ઢીચકાવા લાગી ત્યારે તેણે વિચાર કર્યો કે મારી ચુડી ઢીચકાઇ ઢીચકાઇ નંકાઈ જશે માટે લાવ કાંઇક જતન કરૂં તેવો વિચાર કરીને હાથે થુંક લગાવીને ચુડીને ઉંચી ચડાવી ને પછી પોતાનો ધંધો કરવા લાગી જ્યારે ડાંગર ખાંડી રહી ને પછી હાથના કાંડા સામું જોયું તો ચુડી ના ભાળી ને પસ્તાવો કરવા લાગી. કામ મુકીને ધણીના ભયથી ખોળા ખોળ કરવા લાગી પણ કંઈ ચુડીની માહીતી નહી મળવાથી અકળાવા લાગી તેટલામાં પોતાના મહેલાનો માણસ આવી ચઢયો ને પેલી વાણીયણને જોઇ તો

ઉદાસી દેખી ને બોલ્યો કે શેઠાણી આટલાં બધાં વ્યાકુળ કેમ થયાં છો ત્યારે શેઠાણી બોલ્યાં કે ભાઈ ડાંગર ખાંડતાં હાથની ચુડી ખોવાઇ છે, માટે જો શેઠ જાણશે તો મને પુરણ નહશે તો તેચિંત્તામાં મને કાંઈ સુઝતું નથી. ત્યારે પેલો આવેલો માણસ બોલ્યો કે બાઇ આ તારા હ.થે ચુડી ઊચી ચડાવેલી છે તે કે તેના વિના બીજી. ત્યારે આ બાઇ બોલી કે હા ભાઇ હા એજ મારી ચુડી. હું રાંડ ગાંડી તે મને ભાન રહ્યું નહિ.

સિધ્ધાંત—ત્યારે તે ઉપરથી શું સમજવું કે, પ્રાપ્ત વસ્તુ છે ને અપ્રાપ્ત થઇ છે, ઇશ્વર તો સદાય પાસે છે પણ ડાંગર રૂપી સંસારના મોહથી આત્મા રૂપી ચુડામણીની ભુલ થઈ છે, માટે સમજુ પુરૂષને પોતાની ભુલ રાખવી એ યોગ્ય નથી.

દોહા ૧૨.

મનનાં કલ્પયાં માનવી, મનનો રચ્યો આ સંસાર;
માટે મનને સંગ લઈ, કરવો તેનો વિચાર.

ટીકા—ઉત્તર—આ જગત મનુરાજ કહેવાય છે, યોગવસીષ્ટમાં કહ્યું છે કે, મનનો રચ્યો આ સંસાર છે તેનું કારણ કે જો તારા મનમાં એવો વિચાર થયો કે લાવ ધરબારી બનું પણ વિચારી જોક એ વિચારમાં શું બન્યું. એક ગૃહસ્થાશ્રમી કહેવાણો નેં બૈરાં તથા છોકરાં, સાસુ, સસરો, સાળો, માત, પીતા, તે સર્વનો સંબંધ વહેવાર લાગી ગયો, માટે તને એવો વિચાર થયો ત્યાંથી એમ જાણ કે સંસાર વહેવાર વધ્યો માટે મનનું રચ્યું જગત જાણ.

પ્રશ્ન—ત્યારે તમો એમ કહોછો કે મનનો રચ્યો આ સંસાર

છે ત્યારે મનતો જ્યાં સુધી પંચભુતનો સ્થુળ છે ત્યાં સુધી રહેવાનું છે ત્યારે તેનો નાશ શી રીતે થાય.

ઉત્તર—તેનો નાશ મનથી કરીને થાય છે.

પ્રશ્ન—મનથી શીરીતે તેનો નાશ થાય.

ઉત્તર—તારા મનમાં એવો વિચાર થયો કે આપણે ગ્રહસ્થાશ્રમી થવું નથી ત્યારે પછી કાંઈ વહેવાર રહેતો નથી માટે મનથી સંસાર ને મનથી નાશ માટે મનને ઉપસમ કરીને વૈરાગ ધરવો. સર્વ જગત ખોટું છે.

પ્રશ્ન—આ જગત ખોટું છે ત્યારે કેમ દેખાય છે તે કેમ ખરૂં માની લીધું છે. તે ટળે એવો ઉપાય સહેજ રીતે સમજ પડે તેમ કહીને સમજાવો.

દોહા ૧૩

મૃગ તૃષ્ણા જળ કેમ ભાસ્યો, રજ્જુ સર્પનું જ્ઞાન;
સોવર્ણમાં ભુક્ષણભયો, આકાશ ચંદ્ર પ્રમાન.

ટીકાં—પ્રશ્ન—મૃગતૃષ્ણા કહેતાં શું તે કહો.

ઉત્તર—મૃગતૃષ્ણા એટલે ખોટા ધ્યાસ સમજવો.

પ્રશ્ન—ખોટા એટલે શું તે કંઇ સમજવામાં આવતું નથી. માટે કૃપા કરી બતાવશો. મૃગતૃષ્ણા એટલે ઝાંઝવાનાં પાણી સમજવાં જે કે ભાઈ સૂર્યના પ્રકાશથી દિશાઓમાં તથા ખારસ જમીનમાં જળના જેવો ભાવ પડે છે માટે વાસ્તવીક રીતે તો જળ છે નહિ ને ખોટા ધ્યાસ પડે છે તેને દેખીને મુર્ખ લોકો જળને કલ્પે છે. જ્યાં સુધી ઝાંઝવાના પાણીનું જ્ઞાન છે ત્યાં સુધી દુખ પામે છે ને જો તેને નક્કી

થાય કે આ તો તદ્દન આભાસ માત્ર જળભાપ ખોટા છે તો તે અતી સુખી થાય ને તેની વરતી ડોલાયમાન રહેવાનીજ નથી.

પ્રશ્ન—રજુ કહેતાં શું ને તેમાં સરપનું જ્ઞાન તે શું તેની મને કાંઇ પણ માલુમ નથી. માટે કૃપા કરી કહેશો.

ઉત્તર—જો કે ભાઇ તારા પુછેલા પ્રશ્ન તેને સ્પષ્ટ રીતે વિવેચન કરી તને સમજાવું છું. જો કે ભાઇ રજુ નામ દોરડી તેનો અંધારાના લેવાથી સર્પનો ભાસ પડી ગયો છે. જોકે ભાઈ દોરડીનો સર્પ કેમ થયો. જો અંધારૂ હોય તો તો દોરડી બીલકુલ દેખાયજ નહી અને જો અજવાળું હોય તો દોરડી ચોખ્ખી વરતાય માટે કરીને અંધારામાં તથા અજવાળામાં સર્પનો ભર્મ થતો નથી. પણ માત્રજ અંધારૂં તથા અજવાળું તે બેની વચ્ચમાં એટલે થોડું અંધારૂં ને થોડું અજવાળું એ બેના પટમાં સર્પનું જ્ઞાન થાય છે ને દોરડી પલટી જાય છે. ત્યારે તેને જોઇને માણુસ અત્રુ બીહાય છે ને એમ કહે છે કે હાય બાપ હમણાં સર્પ કરડયો હોત તો તેના બોલવાથી આજુબાજુનાં માણુસો એકઠાં થાય છે ને કોઇ એમ કહેશે કે આતો ચીંથરૂં છે ને કોઇ એમ કહેશે કે જરૂર તેતો સર્પજ છે. જુઓ તેની આંખો દેખાય છે ને જીભના લબકારા કરે છે ને બીજો વળી એમ કહે છે કે આતો ખાસ દોરડી પડી છે તેમ વાસ્તવીક રીતે તે સર્પ છે નહિ ને ખોટો ભ્યાસ પડી ગયો છે તેમ જગતનો ખોટો ભ્યાસ પડી ગયો છે.

પ્રશ્ન—સોવરણુમાં ભુક્ષણુ તે શું તે કૃપા કરી કહેશો.

ઉત્તર—જો કે ભાઇ સોવરણ કહેતાં સોનું સમજવું જેમ સોવરણુમાં ભૂક્ષણુ રહ્યું છે તેમ આ જગતમાં પ્રમાત્મા વ્યાપી રહ્યા છે.

પ્રશ્ન—ભૂક્ષણ એટલે શું?

ઉત્તર—ભૂક્ષણ કહેતાં ઘરેણું સમજવું જો કે ભાઇ વાસ્તવીક રીતે જો સોનું ના હોય તો ભૂક્ષણ નામ ઘરેણું કેમ કરી બને વારૂ, નાજ બને. તેમ આ જગતમાં પરમાત્મા ન હોય તો આ જગત કેમ કરી બને વારૂ, નાજ બને. જો કે ભાઇ વહેવારની રીતી કેવી છે કે જો સોનાનો કકડો માગીએ તો કોઇ નહી આપે અને એમ કહેશે કે મારા ઘરમાં સોનાનો કકડો નથી અને જો કે ઘરેણાંનું નામ લઇને જો માગે તો તેને માગેલું ઘરેણું તે મળશે. કારણ કે જેને ઘરેણાનું ભાન છે સોવરણનું ભાન ભુલીજ ગયો છે. તેવી રીતે આ જગતના વહેવારથી પોતાનું વાસ્તવીક ઇશ્વરપણું ભુલી જઇને હું સંસારી છું, હું સુખી છું, હું દુખી છું, હું વહેવારીયો છું, હું કટમદાર છું, હું વિવેકી છું, હું ધનવાળો છું, હું કાળો છું, હું ગોરો છું, મને માન છે, મને અપમાન છે, ને હું ડાહ્યો છું તેવો ધ્યાસ ખોટો પડી જાય છે. વાસ્તવીક રીતે તો ઉપર કહેલાં લક્ષણો એકે તેના આત્મામાં નથી ને માત્ર પોતાની ભૂલથીજ એમ કહે છે.

પ્રશ્ન—આકાશચંદ્ર કહેતાં શું? તે મને જેવી રીતે ઉપરના ત્રણ દૃષ્ટાંતે કરીને સમજાવ્યો છે તેવી રીતે સમજાવશોજી.

ઉત્તર—જો કે ભાઇ આકાશના વિષે લીલતા કેમ દેખાય છે. કે જ્યાં સુધી પોતાની નજર પહોંચી છે ત્યાં સુધી પોલું લાગે છે ને જ્યારે પોતાની નજર પહોંચતી નથી ત્યારે લીલતા દેખાય છે. માત્ર જ્યાં સુધી નેત્રની ચપળતા હતી ત્યાં સુધિ પોલું હતું પણ જ્યારે લાંબી નજર ના પહોંચ્યવાથી લીલતા દેખાય છે. વાસ્તવીક રીતે તો લીલતા છેજ નહી. નેત્રની ભ્રાંતીથી લીલતા દેખાય છે.

પ્રશ્ન—આકાશચંદ્ર તે શું?

ઉત્તર—જો કે ભાઇ નેત્રની ભ્રાંતીથી આકાશના વીશે બે ચંદ્ર દેખાય છે. ખરી રીતે તો ચંદ્ર એકજ છે પણ ભ્રાંતીથી બે ચંદ્ર દેખાય છે.

દ્રસ્ટાંત—ઉત્તર–જો કે ભાઇ કોઇ માણસની આંખે કમળો હોવાથી સર્વ જગતને પીળું દેખે છે ને એમ કહે છે કે આ બધું જગત પીળું કેમ લાગે છે. પણ તે મૂરખ કાંઇ વીચાર કરીને જોતો નથી. પોતાનો અવગુણ પોતાના જોવામાં આવતો નથી. માટે કરીને જગતને પીળું દેખે છે માટે સમજુએ તેનો વીચાર કરી જોવું કે આ જગત બધું કાંઇ પીળું ન હોય માટે મારા નેત્રમાં કાંઇક ભ્રાંતી હોવી જોઇએ.

સીદ્ધાન્ત—જો કે ભાઈ કમળા રૂપી અજ્ઞાન સમજવું અને અજ્ઞાન હોવાથી સર્વ જગત સાચું ભાસે છે. ખરી રીતે તો જગત ત્રણ કાળમાં છેજ નહી.

શીશ કહે કે—દોહા ૧૪

જગત્ત કરતા કુંણ હશે, વાકો કરીએ વિચાર;
જોવું તો સર્વ સાચ હે, નહી રંચ લગાર.

ટીકા—પ્રશ્ન—હે ગુરૂજી તમે કહો છો કે જગત ત્રણ કાળમાં છે નહી પણ આ જગતનો દેખાવ તો દેખાય છે પણ વિચાર કરી જોઉં છું તો પણ જગત હરદમ નજર પડ્યા કરે છે. ને એવી વૃતી ઉઠે છે કે આ જગતનો કુંણ કરતા હશે. કારણ કે સરવે સાચું ભાસે છે. ગુરૂ કહે છે કે જોકે ભાઇ જગત છેજ નહી, આ તારો

દેહ પંચભુતનો છે તે આખર પંચભુતોમાં મળી જવાનો છે. તે વિચાર કરી જો તો દેહ તારો નહી તે તો પંચભુતનું કારણ સમજ. ત્યારે પછે દેહે કરીને ધન, માલ, પઇસો, ટકો, દેવ મંદીર ઘર, બાર, વીગેરે મેળવેલું છે તો ઊપર કહ્યા પ્રમાણે દેહ રેવાનો નથી. તો તેનું કર્તવ્ય કેમ કરી રહેશે. નહીજ રહે. ત્યારે તુંને જો ભાસ પડ્યો તે નાસવંત થયો માટે જગત ત્રણ કાળમાં ક્યાં રહ્યું.

શીશ કહે છે—ના રહ્યું તે ખરી વાત, પણ અમોને કીરપા કરી સમજાવશો.

ગુરૂ ઉવાચ— **દોહા ૬૫.**

પોતે પોતાનો જાણુ હે, પોતે પરનો જાણ;
પોતે ન જણાય કોઇથી, એ ચેતન લક્ષણ જાણ.

ટીકા—જો કે ભાઇ પેલા દોહામાં જગત સર્વ નાસવંત નરણે કર્યું હતું તે પાછળ હવે શું રહ્યું તે સાંભળ. પોતે પોતાના આત્માને જાણે છે અને પરને પણ જાણે છે પોતે નથી દેખાતો તેનું શું કારણ કે પોતે પોતામાં વ્યાપી રહ્યા છે. બ્રહ્માથી લઇ કરી કીડી સુધી આત્મા વસ્તુ તો એકજ છે માટે ચેતન ચેતન એક થયો બાકીનું વાંસે જડ રહ્યું તે જડ ચેતનને કેમ કરી જાણે. નાજ જાણે. માટે હે શીશ ચેતન ચેતન એક થએ પછે શું જાણવું રહ્યું. શીશ કહે છે ના રહયું.

દોહા ૬૬.

જડ ચેતનની ગાંઠ આ, છુટે નહી કોઇ કાળ;
જો છુટે તો વાર નહી, ચેતન દ્રષ્ટી ધાર.

હે શીશ જડ ચેતનની ગાંઠ ખોટી પડી ગઇ છે. માટે વિચાર કરી જો કે તે ગાંઠ પુરી ગુરૂની કૃપા હોય ત્યારે છુટે. ગુરૂની કૃપા વિના આ ભવસાગર રૂપી સંસાર તરી શકાતો નથી. ને ચેતન દ્રષ્ટી થયા વિના મોક્ષ પદવી પ્રાપ્ત થતી નથી.

શિષ્ય—હે ગુરૂ તે ગાંઠ છૂટવાના માટે કાંઇ બીજો ઉપાય હોય તો કૃપા કરી બતાવશો.

દોહા ૧૭.

ગુરૂ— ગ્યાન દીપક જો પ્રગટે, પુરણ લાગે પાસ;
અજ્ઞાન અંધારૂં તો ટળે, દુખ સર્વેનો નાશ.

ટીકા—ગ્યાન રૂપી દીપક તારા અંતરના વિષે જ્યારે પ્રગટ થશે ત્યારે અજ્ઞાન રૂપી અંધારૂં નાશ પામશે. ગ્યાન દીપક કેવી રીતે પ્રગટ થાય છે તે હું તને કહું છું. પ્રથમ તો એકાકાર વૃતી થવી જ જોઇએ, ઉંચ નીચની દેશ બુદ્ધી બીલકુલ રહેવી ન જોઇએ. નાના મોટા ઉંચા નીચા તે દેહના ધર્મો છે આતમાના નથી. માટે સરવે આત્મામય છે. દેહતો નાશવંત છે. આત્મા તો અજર અમર અવિનાશી અવિગત્ય છે. એવી જ્યારે એકાકારવૃત્તી થશેં પછી અજ્ઞાનરૂપી અંધારૂં ટળી જશે, દુખ સરવે દૂર થઇ જશે, આ નિશ્ચય કરી જાણુજે.

ગુરૂ—

દોહા ૧૮.

સમરણુ તત્વ સાર હે, મનન કરે જે કોઇ;
નીધીધ્યાસ ભાવે કરે, ગ્યાન દીપક તબ હોઇ.

ટીકા—જો કે ભાઈ સમરણ કહેતાં મનને એવો વિચાર થયો કે

ચાલો આજતો વેદાંતી ગ્યાનને શ્રવણુ કરવા. માટે તેનું નામ શ્રમરણુ. મનન કહેતાં એકાગ્રહ ચીત્ત રાખીને જે વેદાંતની વાત ગુરૂ કહે તે સાંભળીને ગુરૂના વચનમાં વીશ્વાસ રાખીને શાસ્ત્રને સત્ય માનીને શ્રવણુ કરવું તેનું નામ મનન કહે છે. નીધીધ્યાસ કહેતાં રોજનો તેનો અભ્યાસ કરવો ને વિચાર કરી જોવું કે આમાં મારી મતલબનો એટલે પોતાના ગુણુનો ગ્રહણુ કરવો અને ફાલતુ વાતનો ત્યાગ કરવો તેનું નામ નિધિધ્યાસ. આવી રીતે શુધ્ધ મનથી નીત્ય પ્રીતે અભ્યાસ જ્યારે વધી જાય ત્યારે ગ્યાન રૂપી દીવો થાય તેમ સમજો.

દોહા ૧૯.

સર્વ વેદાંતકો સાર એ, તે બુદ્ધિનો પ્રકાશ;
મોટાનું વચન ટાળવું, બુદ્ધિ વિનાની કાસ.

ટીકા—સરવે વેદાંતનો સાર કહેતાં એ છે કે બ્રહ્માએ ચાર વેદ નીપુણુ કર્યા છે તે શાથી કે પોતાની બુદ્ધિ લાંબી હોવાથી એક ઓમકારથી કરયા છે ઓંમકારતો એકજ છે પરંતુ બુદ્ધિના પ્રકાશથી ચાર વેદને નરણે કરેલા છે માટે વેદાંતી જે પુરૂષો વચન કહે છે તે વચન પોતાના હ્રદયના વિષે ધારણુ કરીને પોતાના મનની શાક્ષી લઇને તે વાતને સમજુ પુરૂષોએ કબુલ કરવી જોઇએ માટે જે જે વચનો બોલાય છે તે બુદ્ધિના પ્રકાશથી સમજવું. તેમાં બુદ્ધી બે પ્રકારની છે એકતો શાકારી વા નીરાકારી. શાકારી બુદ્ધિ વેવારસિદ્ધ કરાવે છે ને નિરાકારી બુદ્ધિ ઇશ્વરની પદ્દીને પહોંચાડે છે. માટે સમજુ પુરૂષને ઇશ્વરી બુદ્ધિનું જરૂર છે. મોટાનું વચન કહેતાં એ છે કે મોટો સાઠ વરસનો પુરૂષ હોય ને જો હિત્તનું વચન ના આવતું હોય તો તે વચન ગ્રહણુ ન કરવું જોઇએ અને જો મોટો પુરૂષ

હોય ને જો બાળક પોતાના હિત્તનું વચન કહે તો તે મોટા પુરૂષને વિચાર કરી ગ્રહણ કરવું જોઇએ. પ્રથમતો એવો વિચાર કરવો કે એસવું ક્યાં પોતાના કરતાં જેનામાં બુદ્ધિ વિશેષ વધારે હોય ત્યાં વિષેશ બુદ્ધિ કેને કહીએ જે પોતાના હીતની. ઇશ્વરને પ્રાપ્ત કરાવે તેના પાસે હરદમ સતસંગ કરવો જોઇએ તેમ કરતાં ઘણા કાળે પોતાની બુદ્ધિ મોટી થઇને મોક્ષ પદવીને આપે છે માટે હે શીશ પોતાના કરતાં વિશેષ બુદ્ધિવાળો પુરૂષ સોધીને સતસંગ કરવો ત્યારે પછી મુળ પદવીએ પહોંચે છે એમાં સંશય નથી તે જાણજો.

શિષ્ય— દોહા ૨૦.

મુળ પદવી તે શું હશે, ક્યારે પ્રાપ્તિ થાય;
મુળ પદવી જો મીલે, તો ભવનાં સંકટ જાય.

ટીકા—હે ગુરૂજી મુળ પદવી તમો જેને કહો છો એ તે શું વસ્તુ છે. એ મુળ પદવીની મુને કાંઇ માલમ નથી માટે કૃપા કરીને મુળ પદવીએ પહોંચાય એવો બોધ કરો જેથી કરીને જન્મ મરણ રૂપી ફાંસામાંથી છુટી જાઉં.

ગુરૂ— દોહા ૨૧.

જેમ વાયુને શોધે વંટોળીઓ, તેમ તુજમાં તારો નાથ;
છે કને છે કને દુર નહિ, પરગટ દેખો સાથ.

ટીકા.—જો કે ભાઇ જેમ વંટોળીઓ વાયુને સોધે છે. વાસ્તવિક રીતે વંટોળ અને વાયુમાં કાંઇ ફેર નથી તેમ વાસ્તવિક કરીને તારામાં તથા ઇશ્વરમાં કાંઇ પણ ફેર નથી. કેવી રીતે કે તું તો અજર, અમર, અવિનાશી, અભંગ જેમનો તેમ સર્વને જાણવાવાળો

સાક્ષિરૂપે વ્યાપી રહ્યો છે, માટે તારામાં ને ઇશ્વરમાં કાંઇ ભેદ અમારા જોવામાં આવતો નથી.

શિષ્ય—હે ગુરૂ તમે તો કહયું કે ઇશ્વરમાં ને તારામાં કંઇ ફેર નથી પરંતુ આ દેખાવ શાનો દરશાય છે માટે કૃપા કરી શંકા સમાધાન કરશો.

ગુરૂ— **દોહા. ૨૨**

વંઝાપુત્ર આ જગતમાં, કરે રાજ શુભ કાજ;
ગાંધર્વકો નગ્ર બન્યો, ત્યાં કરે શુભ રાજ.

ટીકા.—જો કે ભાઇ આ દોહામાં શું દરશાવે છે કે વંઝાપુત્ર એટલે વાંઝણી નારને દીકરો થયો અને તે આકાશના વિષે નગર બનાવી ત્યાં રાજ્ય કરે છે, આ વાત ખરી હશે ?

શિષ્ય—ના ગુરૂજી એ વાત તો મુજને કાંઇ ઠસતી નથી. કારણ કે વાંઝણી નારને ત્રણ કાળમાં પુત્ર હોય જ નહિ, તે વાત મને કાંઇ હૈયે બેસતી નથી.

ગુરૂ—જો ભાઇ જેમ વાંઝણી નારને પુત્ર નથી અથવા ગાંધર્વનું નગ્ર પણ નથી તેમ આ જગત ત્રણ કાળમાં છેજ નહિ, સસલાને શીંગડાં ના હોય, ઝાંઝવાના પાણીમાં નીરની પ્રાપ્તી ના હોય, રજ્જુમાં સરપ ત્રણ કાળમાં હોયજ નહિ, તેમ તારામાં જગત ત્રણ કાળમાં નથી. તે ઉપર તને પહેલાં સમજાવેલું છે. પોતે પોતાનો જાણ એટલે પોતે પોતાના આત્માને જાણે છે, પોતે પરનો જાણ એટલે પરના આત્માને જાણે છે કે મારો જેવો આત્મા છે તેવો પરનો પણ છે. તેમ કીડીથી લઇને બ્રહ્મા પર્યંત આત્મા વસ્તુ એક જ છે માટે જો કે જગત ત્રણ કાળમાં છેજ નહિ.

દોહા ૨૩

શુરૂ—જાગૃત સ્વપના શુશુપતિ, તે ત્રણુ અવસ્થા જાણુ;
તે ત્રણેનો તું સાક્ષીય, પોતે શુદ્ધ ભગવાન.

ટીકા—જાગૃત કહેતાં જાગીએ છીએ તે જાગતાં કોઇને પૈસો ટકો આપ્યો હોય તથા કોઇને કાંઇ કહાવ્યું હોય તો તે પ્રાણી કાંઇ વીશરી જતો નથી માટે જાગતાનો આત્મા સાક્ષી છે. સ્વપ્ના કહેતાં જે આજે મને એવું સ્વપનું આવ્યું કે હુતો મુંબાઇમાં ગયો ને લાખોના સટ્ટા કર્યા પરંતુ જાગી જોયું તો કાંઇ પણુ નથી તેમ તે સ્વપ્નાની વાત સર્વે જાગીને કરે છે કે હું તો મુંબાઇ ગયો હતો તેમજ સ્વપ્નામાં પણુ આત્મા ખરો. જો આત્મા ના હોય તો સ્વપ્નાની વાત કેમ કરી કહે. માટે સ્વપ્નાનો સાક્ષિ સમજવો. શુશુપતિ કહેતાં આજે હું તો સુઇ રહયો પણુ રાત્રી કેવી રીતે અનુસરી ગઇ તેની મને બીલકુલ ખબર નહોતી પરંતુ જો તેને ખબર ના હોત તો જાગી ઉઠયા પછી કેમ કરી કહેત જે મુને કાંઇ ખબર ના પડી. માટે તે ઉપરથી એમ નકકી થાય છે કે ત્રણે અવસ્થામાં આત્મા સાક્ષી રૂપે રહેલો છે. માટે આધ અંત મધ્ય એ ત્રણે કાળમાં જાણુવાવાળો પોતે સાક્ષી રૂપે જુદો રહેલો છે. વીચાર કરતાં જેનો નાશ ન થાય તે વસ્તુ ખરી. તેનું નામ ઇશ્વર. વિચાર કરતાં જે વસ્તુનો નાશ થાય છે તે વસ્તુ ખોટી એમ સમજવું. માટે હે શિષ્ય વીચાર કરીને આધ અંત ને મધ્ય એ ત્રણે કાળમાં જે વસ્તુ રહે તે વસ્તુ તારી છે માટે નિશ્ચય કર.

દોહા ૨૪.

જગત સ્વપના મોટા ભયા, નાનું સ્વપનું ઉંઘ;
સુસુપતી તેતો સમાધી કહી, માટે ચેલા મત ઉંઘ.

ટીકા—જાગત સ્વપ્ન એટલે જ્યારથી પોતાનો જન્મ થયો અને નાશ થાય છે ત્યાં સુધીનો વહેવાર છે તેનું નામ મોટું સ્વપનું સમજવું. લાખોનો વહેવાર કરો, કરોડોની સાહેબી હોય પણ અંતકાળ વખતે કાંઇ પોતાના સંગાથે આવવાનું નથી. હજારોનું દેણું હોય તો પણ કોઈ કરગઠીએ બાઝવાનું નથી. આવ્યો તેવો પચીસ યા પચાસ વરસ જીવીને જવાનો છે, કાંઇ પણ સંગે આવવાનું નથી, તેથી કરી જાગૃતને પણ મોટું સ્વપનું કહ્યું. નાનું સ્વપનું કહેતાં જે નીંદ્રાના વિષે સ્વપનું થાય છે તે, તે સ્વપ્નામાં હજારો રાગ દ્વેષ થાય છે પણ વાસ્તવીક રીતે તો રાગ દ્વેષ તથા સ્વપનું તે પણ તદન ખોટું છે. સુસુપતિ કહેતાં જે જાગૃત સ્વપના તે એનો મધ્ય ભાગ તેનું નામ સુસુપતિ છે માટે તે સુસુપતિમાં ચેતન છે પણ જડતાનો હેતુ છે માટે સુસુપતિ તે પણ ગ્યાનદાઇ હોતી નથી માટે ચેતનને ચેતાવીને હું મને મારી શાક્ષી લઇને હું મારામાં મળું ત્યારે મોક્ષ પદવી કહેવાય. માટે હે શિષ્ય આળસ મુકીને ચેતન દૃષ્ટિ ધારીને જો.

અહીઆંથી દોહાનું વિવેચન તથા દોહા મારી બુદ્ધિના અનુસારે કરીને જેવું મને ભાષ્યું તે પ્રમાણે કહી સંભળાવ્યું. પરંતુ જો એમાં શુદ્ધ અશુદ્ધ, તથા ભુલ યા ચુક હોય તે વાંચનાર સજ્જનોએ માફ કરવી જોઇએ. કારણ કે સર્વનાથી શ્રેષ્ટ બુદ્ધિ હમારી નહી હોવાથી શુદ્ધ અશુદ્ધ આવી ગયું હોય તો સુધારીને મારા વહાલા મિત્રો વાંચશોજી.

અનુભવપ્રકાશ સમાપ્ત.

અથ ઓંમ રૂપી ઈશ્વર સ્તુતિ.

પદ ૧ (રાગ કલ્યાણ)

પ્રાર્થના.

ઓમ ઇશ્વરા, આરાધિએ અતિ, સાહેબ સાહ્ય, નાથ થાજો
અમારી વતી. ટેક.

ઓહંગ સોહંગની અરજી કરતાં, દુખ સર્વે તો જાય;
સ્વાસો સ્વાસે ભજતાં તેને, ભવનાં સંકટ જાય. ઓમ. ૧

ભવનાં સંકટ ભાગ્યાં મારાં, સુરતા સોહંગમાં લાગી;
સુરત નુરતકી ચડી નીસાની, અનભય જોતું જાગી. ઓમ. ૨

શ્વાસો શ્વાસે જાવું આવું, મુજને કોઇના જાણે;
જે જાણે તો જોગી બનગ્યો, અનભે વસ્તુ માણે. ઓમ. ૩

તરવેણીના ત્રણ ઘાટા, વચમાં જોતી ઝળકે;
તે જોતીનાં દર્શન કરલો, લેવું દેવું ના એકે. ઓમ. ૪

જોતીમાં જોતી મીલગયો, પછી જુગતિ જોયા જેવી;
ત્રણ ભોવનમાં હું તો ફરયો, પણ નહિ એના જેવી. ઓમ. ૫

આજ સુધીતો અવળા ચાલ્યા, સવળા થાઓને ભાઈ;
સવળા થાઓતો સુખછે સઘળું, જન્મનાં સંકટ જાઇ. ઓમ. ૬

મુજ સેવકને રાંક જાણીને, વારે વેલા ધાજો;
દોયકર જોડી ગણેસપુરી ગાવે, પછી જ્યાં ઇચ્છો ત્યાં જાજો. ઓમ. ૭

શ્રી પદ ૨ જું રાગ મંગળ.

શુદ્ધ બુદ્ધ પતિઆં મનાય, સારદ શમરણુ કરૂં;
મેરે મનહિ આનંદ, રામ ગુણુ ઓચરૂં. ટેક.
ચડીરે ગગન મંડળ માંય, દેખો દીનો નાથ હે;
જ્યાંહ જળકે છે જ્યોત, તેજનાં અંબાર હે. ૧
છુટે જ્યારે શુનમાં નાદ, અનહદ ડંકા વાગશે;
ભેર ભુગોળને તાળ, ઘેરી નોબત ગાજશે. ૨
ત્યારે પછી લાગશે તેજશું તાન, તદાકાર તો થશો;
નીરખે નિરંજનકો રાજ, નયણેથી નીહાળશો. ૩
લગાવો પછી નીજ સરૂપમાં ધ્યાન, આવન જાવન તો ટળે;
તેના સ્વરૂપમાં તદાકાર, બીજું નજરે ના મળે. ૪
ખોટો લાગશે સબ સંસાર, તાળી તેનાથી થશે;
મટશે મોહનીરે જાળ, ત્યારેરે સુખ પામશે. ૫
કરને કબુલ કહે જે કિરતાર, સાચો ધણી તેહ છે;
આતો ખોટો સર્વે સંસાર, સાર તેમાં તેને શો છે. ૬
રાખો શ્વાસો શ્વાસમાં ધ્યાન, આવે જાવે નાથજી;
ગુરૂ પ્રતાપે ગણેશપુરી ગાય, સર્વમાં બોલે રામજી. ૭

પદ ૩ જું. (રાગ ઉપર પ્રમાણે.)

અસરણુંદકા કરોરે વિચાર, બુંદ ક્યાંથી આવીઆ;
વાકા કરતા હે કોણુ, ખબર કોક પામીઆ. ટેક.
પુરૂષે પાયોરે અનાજ, સતાવીસ દીન સામટો;
વાકો તત્વ મીલ્યોરે આકાશ, પારોરે બન્યો સામટો. ૧

તેથી થયો શીવ શક્તિ ને રોગ, ચંચળ ચિત્ત તો થયાં;
થયો અંગ ભંગ સંજોગ, પુરૂષ નારી કામી બન્યાં. ૨
સુનનો રહેવાશી સુર, શુભ ઇચ્છાંથી આવીયો;
મટી ગયું મુળ સ્વરૂપ, થુલને સંગે લાવીયો. ૩
પછી ભુલ્યો પોતાની રીત, ખોટું તે ખરૂં થયું;
મારૂં ધન ને મારો માલ, ત્રીયાસેં મન ટકયું ૪
અરે જોને તપાસીને જીવ, કયારનો તુંતો ભુલીયો;
આપે હતો તું તો શીવ, જીવરે કહેવાઇયો. ૫
અને તું તો નીરંજન નાથ, શુનમાંથી આવીઓ;
તારા ભાગ્યતણો નહીં પાર, અવસર આવો પામીઓ. ૬
સર્વનો સાક્ષી તેજ રૂપ, સાનથા તેને ભાળજે;
ગુરૂ પ્રતાપે ગણેશપુરી ગાય, સર્વમાં તેને ન્યાળજે. ૭

પદ ૪ થું (રાગ મંગળ ઉપર પ્રમાણે.)

જુવો વિચારીરે જગતમાં, સારરે તેમાં શો હશે;
વાકા કરતા હે કોણ, દીનોનાથ તે કયાં હશે. ટેક.
જાડી બુદ્ધીથી નારે જણાય, ઝેણો મારો નાથજી;
ઝેણા થાઓને મારા ભાઇ, સમરથનો લોને સાથજી. ૧
કરોને શબ્દનો તોલ, કયાંથી તેતો ઉપડે;
કયાં જઇ તેતો સમાય, સાર તુને તો જડે. ૨
નાભીસેં ઉઠે શ્વાસ, વિચાર હદે થયો;
કંઠે કરયો તેનો નાશ, શુનમાં જઇને મળ્યો. ૩
નાભીમાં વિષ્ણું જાણુ, શ્વાસ ત્યાંથી નીશરે;
હદે બ્રહ્મા કેરા ધાટ, વિચાર ત્યાં તું કરે. ૪

કરે રૂદ્ર દેવ, સંહારે તે સવાલને;
તે ત્રણેનો તું પ્રકાશ, જાણે તે સરવેને. ૫
ન્યારાને ન લાગે ડાગ, જુગતિ જાણે જોગની;
રહે તે તો વ્હેવારાં સાથ, માણે સરવે ભોગની. ૬
ગુરૂ પ્રતાપે ગણેશપુરી ગાય, રહેવાશી તે ગામના;
પુરી કરી ગુરૂજી મારી આશ, સેવક તમ ચરણુના. ૭

પદ ૫ મું. રાગ મંગળ ઉપર પ્રમાણે.

ગાયાથી તો ગમ નહિ થાય, વિચાર જો તેનો કરે;
મુળ પદવીએ તો જાય, સુખમાં તું તો ફરે. ટેક.
માટે કરીને વચનનો તોલ, કેવા રૂપે કાનજી;
ઓળખ્યા વિના એળે જાય, દરશે નહિ રામજી. ૧
મહામણી જેવો અવતાર, એળે તેને નવ કાઢશો;
આવો હીરો આવ્યો હાથ, હવે ના ગમાવશો. ૨
હરે તારે ઘડી ઘડીરે જાય, સવા લાખ તણી;
માટે સફળ કરને કાજ, ધાર નીરંજનનું ધણી. ૩
ધણી નહિ નીકટ દુર, ભીત્તર બારે એક બ્રહ્મ છે;
તેના વિના નહિ કોઇ ઠોર, સર્વમાં ભરપુર છે. ૪
ચર્મ દ્રષ્ટીથી તો નહિ ભળાય, નટવર નાથને;
જ્ઞાન સુરજનો થાયરે પ્રકાશ, ભાળોરે પછી નાથને. ૫
ત્રવેણીના ઘાટામાંહી, અખંડ જોતી ત્યાં જલે;
થઇ ગયો જોઇને તદાકાર, બીજું કાંઇ ના મીલે. ૬
ગુરૂ પ્રતાપે ગણેશપુરી ગાય, એકરસ તું રામજી;
ક્યાંઇ ખાલી નહિરે લગાર, સર્વમાં મારો નાથજી. ૭

પદ ૬ ઠું. (રાગ મંગળ ઉપરનો.)

કરોને કરતાનો વિચાર, કાયા કોને ઘડી,
વાકા કરતા હે કોણ, ખબર કોકને જડી. ટેક.
પીતાએ પાયોરે અનાજ, રેતીરે તેની બની;
પડી વજશાળા માંહી, કાયા મોટી ત્યાં બની. ૧
હવે સુઝે તને કાંઇ વિચાર, ધારને ધીંગો ધણી;
કયો એમાં તારો કિરતાર, પારસ લોને ગણી; ૨
જો ઇચ્છો સુખની સેજ, ઇશ્વરને ઓળખો;
જાય દુઃખ તારાં તો દૂર, અવસરે આવો પારખો. ૩
કોણ ધણી કોણ કીરતાર, ઠાઠ આશો બન્યો;
હમતો જાણુન હાર, બીજો આવો કોણ બન્યો. ૪
સીડી સુનની આવી હાથ, બીજો સાથ શું કરૂં;
તેના વિના દરશે નહિ કાંઇ, બીજે રે ઝુરી મરૂં. ૫
પાપ પુન્યનોરે પાર, પછી અમો પામીયા;
તે તો પંડય બ્રહ્માંડના પાડ, પરમાણુ લખાવીયા. ૬
શું શોચ કરે મન માંહી, સાહેબ છે ઢુકડા;
ગુરૂ પ્રતાપે ગણેશપુરી ગાય, સુણ હૈયા ફુટડા. ૭

પદ ૭ મું (રાગ મંગળ ઉપરનો)

દુનીયામાં આવી આપ, કામરે શું કીજીએ;
મેં કોણ જગત હે કોણ, પાર તેનો લીજીએ. ટેક.
હઠજોગ તપજોગ સાધ, દુઃખ દેહને વેઠીને;
સતસંગ કર દીન રાત, ખોળી કાઢ નાથને. ૧

નજરે પડેતે નાથ, નીર વૃત્તિને લાવજે;
પુરો પત્તો તું રે લગાડ, પછી અનભે સુખ પામજે. ૨
આવન જાવન તે જાય, સુભ રે કામ કીજીએ;
વરસે નીરંતર નુર, તેમાં રે નીત્ય ઝીલીએ. ૩
બહારની વરતી ને બાળ, અંતર વરતી કીજીએ;
એક રૂપે એ કીરતાર, ચરણુંમાં તેના રીજીએ. ૪
તન મન ધનનો લાવ, તુરીયામાં માણીએ;
તારૂં રૂપ તે તીતાકાર, તેમાં રે નીત્ય રીજીએ. ૫
હાલતાં ચાલતાં હારોહાર, હરીને રે દેખશો;
પુન પાપ તારાં તે જાય, અકળ ગતિને પામશો. ૬
દુનિયામાં દુખી સીદ થાઓ, સામને સેવજો.
ગુરૂ પ્રતાપે ગણેશપુરી ગાય, ચરણુમાં ચીત્ત રાખજો. ૭

પદ ૮ (રાગ મંગળ ઉપરનો)

ક્યા ક્યા કામના મંહી, લાગ્યો તુ આત્મા;
ભુલ્યો તુંતો ઘરડાંની રીત, એળખ કોઇ રૂમાતમા. ટેક.
આ દુનીયામાં આવી દોસ, નકામો તેં બાંધીયો;
મેલી દારાં સુત ધન, એકલો તું ચાલીયો. ૧
ઠાલા શ્વાસા નવ તોડ, તારૂં તેમાં નવ સુધરે;
તેતો દેખીતી મોહની જાળ, ભટકી ઠાલો શું મરે. ૨
આધ અંત નેં મધ્ય, નાશ જેનો નહિ;
તેતો તારો કીરતાર, નમો તેને રે જહિ. ૩
ઠાલો આવ્યો ને ઠાલો જાય, વચ્ચમાં કબુદ્ધિ કાં કરે;
મીથ્યારે મોહની જાળ, તેમાં ઝુરી શું મરે. ૪

મૃગતૃષ્ણા જેવો આ સંસાર, મીથ્યા દોડી શું કરે;
આમાં સુધરે નહિ કંઇ કાજ, આવું રે કામ શું કરે. ૫
હરી તો હારો હાર, તોય પત્તો તુને ના મળે;
સતગુરૂ લોને દલાલ. હરિતો તુને પ્રળે ૬
ગુરૂ પ્રતાપે ગણેશપુરી ગાય, સાહેબ કેવા ધારીએ;
મુજમાં તુજમાં તે કીરતાર, બીજું ન ન્યાળીએ. ૭

પદ ૮ (રાગ મંગળ ઉપરનો.)

સત ચિત્ત આનંદાકાર, લક્ષણુ જેનાં ભાળીએ;
તેનો લેશો જ્યારે સાથ, મોક્ષ પદમિ પામીએ—ટેક.
મોટાનો તે તો મહિમાય, પાત્રનેરે પારખી:
કરશે ખરી વાતનો તોલ, જીગનાશુને નીરખી ૧
કહેવું કોઇનું ના આવે કામ, દયા હરીની જારે થશે;
ત્યારે પહોંચશે તે નીરવાણ, સુખરે અનમે પામશે. ૨
બંકનાળ થઇ જાવ આવ, અવળું તે સવળું થશે;
તેતો તેનામાં તદાકાર, બંધન તેનાં છુટશે. ૩
કઇક જન્મનીરે કાશ, તારી હરી કાપશે;
ફેરો તારો તો સફળ થાય, સુનનારે નાદ વાગશે. ૪
બારની વૃતી ફુટી જાય, અંતર વૃત્તી ઉપડે;
દ્વૈત પડપંચ જ્યારે જાય, ખબર તુને તો પડે. ૫
જળમાં જેમ તુરંગ પ્રકાશ, બસુદા ફેરાં નીપને;
તે જળથી જુદાં નવ થાય, તેમ તુંજ હરિકને. ૬
ગુરૂ પ્રતાપે ગણેસપુરી ગાય, જૂદાને તમો જાણજો;
મટી જાય મનની સૌ કાશ, જીવો ત્યાં સુધી સુખ માણજો. ૭

પદ ૧ (રાગ સંતો ભાઈરે) ૯

અને સંતો ભાઈરે, સુરતા સાહેબ સામી કરીયેરે હો જી. ટેક
આવરણ આવે કદી તુજને, તેને આદર દઈયેરે હો જી;
ભેળારે રહીને સર્વે કીજીએ, મનનો ભેદ ન દૈયેરે હો જી. અને ૧
જળમાં કમળ સદાયે રહે, જળ વિના જીવે નહિ ઘડીએરે હો જી;
જળનો લેપ તેને નવ થયો, એમ અળગા રહીએરે હોજી. અને ૨
શેઠપણું મહીથી કાઢીને, દલાલ થઈને રહીએરે હો જી;
ખોટરે નફો કદી આવશે, દલાલે દેવાળુ નવ જાવેરે હો જી. અને ૩
સંગત કરીએ કોઈ સાધુની, બુદ્ધિ હોય જેની ઝાઝીરે હો જી;
તેવાંની સંગતે કાંઈક પામીએ, મોટી એરે એધાણીરે હો જી. અને ૪
મોટાંની સંગતે કેટલા સુધરયા, અગણિત પાર ન આવેરે હોજી;
તેત્રીસ કરોડ તેમાં ઓધરયા, સંગત સમરથની કીધીરે હો જી. અને ૫
ઇયળ ભમરીને સંગ થયો, ભમરી દરમાં લાવીરે હો જી;
સજીવંન મંત્ર ત્યાં ભણી, પોતાના જેવી બનાવીરે હો જી અને ૬
પાત્ર, કુપાત્રનું શું કામ છે, ગુણમાં ગમ રાખોરે હો જી;
ગુરૂ ચરણેગણેસપુરી ઓચરે, સુરતાસાહેબ સામી રાખોરે હોજી. અને ૭

પદ ૨ રાગ ઉપરનો.

હરે મેરે સાયબા, કૃપા કયું નવ કરીએરે હોજી. ટેક.
કૃપાયું નહિ જ્યારે નાથની, ભુલ્યા ભુલ્યા ફરીએરે હોજી;
અરે ભુલવણીના ભવમાંથી, કયારે પ્રભુજીની શરીયેરે હોજી. અને ૧
ભુલવણી આ કેવી મારા નાથની, ખોટું તે ઝાલ્યું તાણીરે હોજી;
ખરૂં તેતોરે ખોટું થયું, ખોટું મેલો વીસારીરે હોજી. અને ૨
વીચાર્યાથી તો કાંઇ નથી, વીના વિચારે સાચુંરે હોજી;

સાચાને જુઠું કરી માનીએ, એતો પુર્વની કમાણીરે હોજી. અને ૩
જુઠ સાચનો પેરક આતમા, તેતો સર્વથી ન્યારોરે હોજી;
એવું જાણુતો હરી છે કને, જુઠામાં દીલ નવ આણોરે હોજી. અને ૪
હાલો હાઠ નજરે પડયો, દેખો બાજીગર તે ન્યારોરે હોજી;
ન્યારાને કેમ કરી ભાળશો, ન્યારા જેવા થાશોરે હોજી. અને ૫
એ સ્વરૂપે બાર દર્શે નહિ, એક વૃત્તિ કરજોરે હોજી.
એઠ રે વૃત્તિ જ્યારે થઈ, તેના જેવા થઇ દરસોરે હોજી. અને ૬
એક રૂપે જ્યારે નીરખો, આવણુ જાવણુ તારાં સમાણુાંરે હોજી;
ગુરૂ પ્રતાપે ગણેશપુરી કહે, સર્વે શોક તો શમાણારે હોજી. અને ૭

પદ ૩ (રાગ ઉપર પ્રમાણે). (૧૧)

જરૂર જાવું અરે પ્રાણીયા, બીક બાનાની રાખોરે હોજી. ટેક.
હુંરે ખોટા પ્રાણી દેખાવ ખોટા, ખોટા અવની અસમાનોરે હોજી;
પાંચરે પચીસ ખોટાં જાણુજો, ન્યારા ને કાંઇના વળગાડોરે હોજી. જરૂર. ૧
દ્રસા દ્રશ્યે દ્રષ્ટા, તે તમારામાં તાણોરે હોજી.
એકરે રૂપી તે સર્વમાં મીલે, સર્વે એકમાં સમાણોરે હોજી. જરૂર. ૨
વેગળો વાલો નથી છે ઢુકડો, ગુરૂ ગમથી ભાળોરે હોજી
ભાળો ત્યારે ભત્ર સુખ માણસો, મારૂ તારૂ નવ તાણોરે હોજી. જરૂર. ૩
જેમ પાવક પ્રકાશે સર્વને, અગનિ તેમાં સમાણોરે હોજી,
તેરે અગનિ બાળે નહિ કોઇને, ચસ્મા બુદ્ધિથી ભાળોરે હોજી. જરૂર. ૪
તેમરે પાવક રૂપિ મારો નાથજી, તેમાં બુદ્ધિ મીલાવોરે હોજી.
ઝડપ પ્રગટ થાશે તે વાલમો, પછી ભે ન૧ આણોરે હોજી. જરૂર. ૫
ભેરે ગયો પછી ભુખ શાની, આનંદ અતિસુખ માણોરે હોજી.
સાક્ષીરે પુરાવા સાચા જો મળે, તેને તમો ઝાલોરે હોજી. જરૂર. ૬

ઝાલા ફેડે ઝણુકારો વાગશે, શુનમાં થાશે ભણુકારોરે હોજી.
ગુરૂપ્રતાપે ગણેસપુરી બોલીયા, સાચી વસ્તુને જાણોરે હોજી. જરૂર.૭

પદ ૪ (રાગ ઉપરનો). (૧૨)

ખટ ચક્ર વીંધી જાવે આત્મા, મુગ પદમિ પાવેરે હો જી; ટેક.
નાદ બુંદની જ્યાં ગમ નહી, જળમલ જોતું ત્યાં જાગે રે હોજી;
જો તન અજવાળે અંધારૂં ના પડે, પુરો ત્યારે કહેવાયરે હોજી. ખટ ૧
પુરારે અધુરાનું એ પારખું, નીશ્ચે ડોલી ન જાવેરે હોજી;
નીશ્ચે ડોલ્યો ત્યારે શું રહ્યું, જરૂર અધુરો જાણોરે હોજી. ખટ. ૨
પેલારે ચક્રે મળ ત્યાગ હે, બીજે લીંગકા પ્રકાશારે હોજી
ત્રીજારે ચક્રે જાવે વીંધ કે, તો તો વિસ્નુ પ્રકાશારે હોજી. ખટ ૩
ચોથારે ચક્રે ચાવો થઇ, આવ્યો બ્રહ્માની પાસેરે હોજી;
પાંચમા ચક્રે પશુપતિ કને, છઠ્ઠે જોતમાં મીલાંણોરે હોજી. ખટ ૪
જોતમાં મીલ્યો પછી શું રહ્યું, ગમન ફેરો ગમાવ્યોરે હોજી;
રૂપમાં રૂપ મીલી ગયો, સાનકાથી તે તો સમાણોરે હોજી. ખટ ૫
એક બેની સંખ્યા ના રહી, હું તું ત્યાં ના કહેવાણોરે હોજી;
મારૂંરે તારૂં મટી ગયું, નદીમાં જઇને ઠેરાણોરે હોજી, ખટ ૬
દ્વંદ વીત્યોને દાળીદ્ર ભાગીયાં, સુનમાં સુરતા ઠરાણીરે હોજી.
ગણેસપુરીની આ વિનંતી, પ્રીત તેનાથી કરવી રે હોજી. ખટ. ૭

પદ ૫ (રાગ ઉપરનો). (૧૩)

અને મેરે ભાઇરે બુદ્ધિ સીદને બગાડોરે હોજી. ટેક.
આધ અનાધના એકલા, ભેળા કોઇને નવ ભેળોરે હોજી.
ભેળા તમો જો કદી ભેળશો, બુદ્ધિ પોતાની બગાડેરે હોજી. અને ૧

હુરે મને હું જાણુતા, આ જુગમાં આવ્યો રે હોજી.
પછી હુંરે મને હું જાણીને, હુંતો મારામાં સમાણોરે હોજી. અને ૨
હુરે મને નથી જાણુતો, ત્યા સુધી અળગો રહેવાનો રે હોજી.
મનેરે મારી માલમ પડી, પછી મારામાં હું મળવાનોરે હોજી. અને ૩
હું મારામાં મળી ગયો, માલીક પોતે કહેવાણોરે હોજી.
પુન્ય પાપ સો બળી ગયાં, સુન્યમાં જઇને ઠેરાણોરે હોજી. અને ૪
જાગૃત સ્વપનાતિ મધ્યમાં, હવે વાસ હમારોરે હોજી.
આવન જાવન આંકડો, મનમાંથી ભાગ્યો મારોરે હોજી. અને ૫
સાહેબ સબમાં સમાઇ રહ્યા, ગ્યાન ગતિ હોય તો ભાળોરે હોજી.
જોયા વિનારે નથી છુટકો, જુગોજુગ ભટકાશોરે હોજી. અને ૬
સુખરે દુઃખ નાશી જશે, પદ પોતાનું પામોરે હોજી.
ગણેસપુરીની આ વિનતી, હેત કરી હૈએ ધારોરે. હોજી અને ૭

પદ ૬ (રાગ ઉપરનો). ૧૪

અને સંતો ભાઇરે, આવન જાવન મટાડોરે હો જી. ટેક.
તું કોણુ આતમ કોણુ છે, એવો વિચાર જ્યારે ઉઠેરે હો જી.
આવન જાવનકી ગમ કીજીએ, મોક્ષ પદવી તો મળશેરે હો જી. અને ૧
સત્ય અસત્યને પારખી, પલ્લો તેનો ઝાલો રે હોજી.
દુઃખને દાળીદ્ર સો ભાગશે, પ્રેમે પ્રભુને પીછાનોરે હોજી. અને ૨
તેમાં જો ભેદુ મળે આપણો, તેના ભેળા હાલોરે હોજી.
અસત્ય જુઠરે ન ભાખીએ, સત્યની વાતે ચાલોરે હોજી. અને ૩
મુવા કેડે મુગતિ સો કહે, તે મુગતિને ટાળોરે હોજી;
જીવતાં મુગતિને જો જાણુશો, નિરવાણુ તો તો કહેવાશોરે હોજી અને ૪
મુવા કેડે મુગતિ તે મોઘમ થઇ, મોઘમવાતુ ન માનોરે હોજી;

નીરખી પરખીને નક્કી કીજીએ, જુગંતિ જીવતાં જાણોરે હોજી અને ૫
જુદા જુદા મતને જાવાદઇ, એક મતમાં આવોરે હોજી;
એકે આવ્યા વિના નહી છુટકો, પછી પોતાની પદમી પામોરે હોજી અને ૬
સાહેબ સાહેબ તમો શું કરો, સાહેબ તુજમાં સમાણોરે હોજી;
ગણેસપુરીની આ વિનંતી, ગ્યાન ગતિ હોય તો જાણોરે હોજી અને ૭

પદ ૭ (રાગ ઉપરનો) ૧૫

હેજી મેરે બાઇરે, હરીને હેતે બાળોરે હોજી. ટેક.
જોયારે વિના નથી છુટકો, જરૂર ચોરાસી જાણોરે હોજી;
તેમાં પાર ન પામો નાથનો, પત્તો લગાડો પોતાનોરે હોજી. હેજી ૧
બારોબાર કયાં ચાલીયો, મહીની વરતીને વારોરે હોજી
બારની વરતી ભીતર ભળે, ત્યારે મઇલાને ન્યાળોરે હોજી. હેજી ૨
સુખ દુઃખ સમ જાણીને, સાહેબમાં સરતી ઠરાવોરે હોજી
સ્વર્ગ નરક સુખ છાંડીને, સુન શીખરગઢ પધારોરે હોજી હેજી ૩
બ્રહ્માથી તે કીડી સુધી, આશા અળગીં કરજો રે હો જી;
સુન શિખરગઢ ઘેરીને, સુરતિ શ્વાસામાં ઠરાવોરે હો જી. હે જી ૪
કેવામાં અલક પણ 'અળગો નહિ, સબ ઘટ તેતો સમાણોરે હો જી;
તેરે હરિને જયારે નીરખો, તેજમાં ત્યારે મળવાનોરે. હો જી. હે જી ૫
જાણ્યા કેડે તમો જાગશો, મળવાનું મીથ્યા માનોરે હો જી;
ગ્યાનરે થયું જયારે અંગમાં, મળેલો તેને પછી માનોરે હો જી. હે જી ૬
કેળના સ્થંભ શોહામણા, મહીં કાંઇ વસ્તુ ન જાણો રે હો જી;
ગુરૂ ચરણે ગણેશપુરી બોલીયા, તેઓ આ સંસાર જાણોરે હો જી. હે જી ૭

પદ ૮ (રાગ ઉપરનો) ૧૬

શું રે સુતો અરે પ્રાણીઆ, તને ભે કેમ નવ લાગે રે હો જી. ટેક.
કાળારે વાળ તારા ઉતરી, ધોળા આવી ઠેગણારે હો જી;
મૃતુકના મુખમાં જઈ પડયા, તોએ કયુંબ્ધ ન જાએરે હો જી. શું રે ૧
હાથ પગનું જોર હઠી ગયું, ત્રસના ટુંકી નવ થાવેરે હો જી;
વારેરે વારે તુને વિનવી, સમર્થ સુત સમજાવેરે હો જી. શુંરે ૨
નિતિ ખારી વાત આચરે, સુઓ નિતિમાં નવ આવેરે હો જી;
નિતિમાં આવે તો નયણે ભાળશો, દેખો શામ તમારોરે હો જી. શુંરે ૩
જલમની આંટી અવળી પડી, સવળી તે નવ થાવેરે હો જી;
સવળીરે આંટી જ્યારે થશે, દુઃખ સર્વે તો જાશેરે હો જી. શુંરે ૪
દોરડીનો સરપ બની ગયો, ભ્રાન્તી અંધારાની જાણોરે હો જી;
વિચારકરીને જો તમો ન્યાળશો, તો, સરપ રજ્જુમાં સમાણોરે હોજી શુંરે ૫
એવુંરે જગત સર્વ જાણજો, અજ્ઞાન અંધારૂં કાઢોરે હો જી;
પછી ત્રીપુટીના મધ્યમાં જોવો નાથ તમારોરે હોજી. શુંરે ૬
આવ્યો એવો જોજે ચાલતો, જુગતિ જોતારે જાજોરે હો જી;
ગુરૂ પ્રતાપે ગણેશપુરી બોલીયા, આવાગમન ફેરા મટાડોરે હોજી. શુંરે. ૭

પદ ૧ (રાગ મોરારનો) ૧૭

પુર્વનીરે પ્રીત, પેલાં પિતાએ કીધીરે
મનશા અવતાર, મહા મણીદેહ, તેમને દઇ દાધીરે. ટેક.
આતો શુનનો રહેવાશી શીવ, પારા ભેગો પાચોરે;
શીવ મટીને મહારાજ, જીવરે કહેવાણોરે. પુર્વની ૧
જીવ જીવ કહેશે સૌ લોક, ભ્રમે ભુલાવ્યોરે;
પડયો ભુલવણીના ભવ માહી, પારરે તેનો ના આવ્યોરે. પુર્વની ૨

તરકારી વેચનાર હાથ, આતોરે હીરો આવ્યોરે;
તેનાથી તો પરીક્ષા નહિ થાય, ઝવેરી પાસે ચાલોરે. પુર્વની ૩
ઝવેરી જો આવે હાથ, મુલ અમુલ્ય બતાવેરે;
ત્યારે માલમ પડે મન માંય, પુરોરે પસતાયેરે. પુર્વની ૪
પુરા ગુરૂ મીલે જ્યારે ત્યાંય, સાન કીએ સમજાવેરે
સમજુ હોય તે તો કરેરે વિચાર, પોતાની પદવી પામેરે. પુર્વની ૫
પાત્ર વિનાતો નહિરે ઠરાય, દુધરે વાઘેણુ કેરૂંરે;
માટે સિંહ બનોને મારા ભાઈ, દુધરે તો તે પામોરે. પુર્વની ૬
વાઘનું બાળ જો હોય, વાઘના ભેગું માલેરે;
તે પુર્વની નીશાની જાણુ, ગણેશપુરી ગાવેરે. પુર્વની. ૭

પદ ૨ [રાગ ઉપરનો] ૧૮

મારામાંતો નથી કાંઇ ભેદ, તને અવળું ભાસેરે;
માટે તારૂં હોય તેને ટાળ, પછીરે મુક્તિ થાશેરે. ટેક.
જોને વિચાર કરીને જીવ, પછી શિવ તું કહાવેરે;
પછી આવન જાવન જાય, જોતમાં મીલી જાવેરે. મારા ૧
જીવ પદવી તારીતો જાય, ખરી વસ્તુને લેજો ખોળીરે;
પછી થઇ ગયો તંદાકાર, શુનમાંરે સમાવેરે. મારા ૨
પછી છુટશે અનહદ નાદ, ઘેરી નોબત ગાજેરે;
તેના ધમ ધમાટારે માંય, બીજું નવ ભાસેરે. મારા ૩
તે જોતનો નવ લાગેરે તાપ, સીતળ નવ કહેવાયરે;
નહી રૂપ અરૂપરે કાંઇ, પ્યારી બહુ લાગેરે. મારા ૪
વાલપણામાં તે વ:લ, તે જેવું એકે નાહિ રે;
તાળી લાગી હવે તેની સાથ, બીજું બધું બાળોરે. મારા ૫

એતો પુરાંનો પાડ, તેથીરે અમો પામ્યાંરે;
અધુરો તો રે અકળાય, પુરારે સુખ પામ્યારે. મારા ૬
જો ઇચ્છો સુખનીરે સેજ, સંગત સંતની કરજોરે;
તો તમો પોચી જાવોરે નરવાણુ, ગણેશપુરી ગાવેરે. મારા ૭

પદ ૩ રાગ ઉપરનો. ૧૯

જો હોય નીરવાણુ ચડયાની આશ, નીરવરતીને લાવોરે;
પછી પકડો મોટાંનો સાથ, ઇચ્છો ત્યાં લઇ જાવેરે. ટેક.
ભેદવાદી જગતની માંય, નફ્ટ બહુ લંગોટારે;
જેને ધન હરવાનીરે આશ, ભવના તે ભુલેલારે. જો હોય ૧
તેવાનો કરવો નહિરે સાથ, પુરૂરે એ નહિ પાડેરે;
જેને ડશ્યેલો લોભ રૂપી સાપ, ઉલટું ઝેરરે ચડાવેરે. જો હોય ૨
કેવાનોરે કરવો સાથ, તમનેરે સમજાવુંરે;
જેનો હોય સર્વમાંરે સમભાવ, તેની પાસે જાવુંરે. જો હોય. ૩
ઉંચ નીચ નહિ ગણે તે નાથ, હેતરે સરખું દાખેરે;
જેને બાળે નહિ ત્રીવીધીનારે તાપ, તેનેરે સુખ તાજુંરે. જો હોય. ૪
એવા હંસનો કરશે જ્યારે સંગ, રંગ ત્યારે લાગેરે;
પછી છુટી જાવે વાદને વિવાદ કાંઇરે નવ તે માગેરે. જો હોય ૫
જોવે સરવે ઇશ્વર મય, અમરાપર પહોંચ્યારે;
પછી શાને કરે નબળી આશ, પુરામાં તે તો પેઠારે. જો હોય. ૬
પછી મટી ગઇ પારકી આશ, પોતાની પદવી પામ્યારે;
ગુરૂપ્રતાપે ગણેશપુરી ગાય, અવશર આવો નાવેરે. જો હોય. ૭

પદ ૪ રાગ ઉપરનો ૨૦

જીત્યો જેને ઇદ્રિયાંનો સાથ, મન વશ કરી લીધાંરે;
જેને કરમ રહ્યાં નહિ કાંય, જીવન મોક્ષ કહેવાણારે. ટેક.

તુરીયા પદવીનોરે ભાવ, તીતમાં રહીને માણ્યોરે;
પછી તુરીયાનો થયોરે અભાવ, તીતમાં તે સમાણોરે. જીત્યો. ૧
સાતમી ભોમકાનીરે વાત, સરવેરે ખોટી લાગેરે;
એવો એક રૂપનો પ્રતાપ, પોતામાં ભાળ્યો પોતેરે. જીત્યો. ૨
સુનમાં ચડી ગઇ સોર, ઉનમુનીરે લાવોરે;
પછી ભાવા ભાવરે નહી કાંય, જ્યોતમાં મીલાયોરે. જીત્યો. ૩
છુટી પડે જ્યારે સૌનો સબંધ, સુરતા શોહંગે સમાણીરે;
બીજું ભાષે નહિ અરે કાંય, એકમાં જઇ મીલાયોરે. જીત્યો. ૪
ઓહંગ શોહંગ ઉઠે સવાલ, સરતી ત્યારે દોરાણીરે;
તેમાં જોઇને થયોરે તદાકાર, ક્યાંથી આવ્યો આ વાલોરે. જીત્યો, ૫
હું તો કરૂં હવે તેનો તોલ, ક્યાં જઇને તે સમાવેરે;
જો જાણે તો વાગેરે અનહદ નાદ, પુરો હોય તો પરખાવેરે જીત્યો. ૬
હદત બેહદ કરરે વિચાર, હુંતો ક્યાંનો રેવાશીરે;
ગુરૂ પ્રતાપે ગણેશપુરી ગામ, પરચોરે પુરો પાયોરે. જીત્યો. ૭

પદ ૫ (રાગ ઉપરનો.) ૨૨

સરવે દુખીઓ સંસાર, સુખીઓ નજરે નાવેરે;
માટે સુંખીઆંનો લોને સાથ, તો તે જુકિત બતાવેરે. ટેક
મારૂંને તારૂં મનમાંથી મેલ, સબંધ સરવે છુટી જાવેરે;
પછી થઇજા તીતાકાર, નજરેરે કાંઇ નાવેરે. સર્વે. ૧
તે સ્વરૂપમાં તારો નાથ, ચેતન હોય તો ચેતોરે;
નિશાનીભુલશો નહિરે લગાર, સાનથી સમજી જાજોરે. સર્વે. ૨
આત્મ તત્વ તો તપાસ, તુરીયાને મેલો ટકીરે;
પછી સુન મંડળમાં રે જાય, દુખડાં તો સરવે જાવેરે. સરવે ૩

હરદમ ચડાવોનેરે હાલ, હરિ હમણું દરસાશે રે;
પછી જડ ચેતનકીરે ગાંઠ, પળમાંરે પલટી જાવેરે. સરવે. ૪
તરવેણીનીરે તીર, ત્રણ જણા ઉભારે;
એક તુ ને બીજો કીરતાર, ત્રીજામાંહી કહેનારારે. સરવે, ૫
અલખનોરે આરમપાર, પરચોરે જેને પાયોરે;
પછી ફુટે માંહીરે કઇક કપાળ, નીસોરે તોય નવ તુટેરે. સરવે ૬
તે પુરૂષનીરે પાસ, નીરવરતી આવેરે;
ગુરૂ પ્રતાપે ગણેશપુરી ગાય, પછી અભેપદ પાવેરે. સરવે. ૭

પદ ૬ (રાગ ઉપરનો.) ૨૨

પોતેરે પંડમાં પ્રકાશ, બીજેરે નજરે ના આવેરે;
તેનું રૂપ અરે જોયુંરે અરૂપ, પોતામાંરે દરશાવેરે. ટેક.
એક માટીના અનેક ધાટ, માટીથી જુદા નવ જાણોરે;
ન હોય માટી તો શેના હોય ધાટ, માટી મય જાણોરે. પોતે. ૧
સોવરણ એક ને ધણા ધાટ, સોવરણરે સૌમાં માણોરે;
જ્યારે મટી ગયું ધાટનું ગ્યાન, સોવરણ થઇ દરશાણોરે. પોતે. ૨
એક જળમાં તરંગરે અપાર, જળથીરે જુદા નહિરે;
તેમ જગતમય કિરતાર, આખર તેમાં જવાનારે. પોતે. ૩
આશા રૂપી ફાંસીરે સાથ, બંધાયો તુંરે બાળારે;
તોડી નાંખ તૃસ્નાનીરે જાળ, તારૂં પદ હોય તે પાવેરે. પોતે. ૪
અજ્ઞાનરૂપી આવરણ આજ, આડું તારે રે ઉભું રે;
જ્યારે તે આવરણ અળગું રે થાય, જોતીમાં મળી જાવેરે. પોતે. ૫
સુખ દુખનોરે સંતાપ, સર્વે સુનમાં રે સમાણોરે;
પછી કર્યો પોતે પોતામાંરે વાસ, પુરી પદમી પામ્યોરે. પોતે. ૬

સ્વર્ગ સુખનો રે લાવ, જીવતાં જોઇને રે માણોરે;
મુવે મળી ગયો મ્હારે આકાશ, ગણેશપુરીએ ગાયોરે પોતે. ૭

પદ ૭ મું. (રાગ ઉપરનો.) ૨૩

આદો અનાદનોરે એજ, અળગોરે નહિ થાવેરે;
જેને આવરણુ અડે નહીરે કાંઈ, કોનેરે કેમ કરી જાવેરે. ટેક.
પ્રગટ પંડયમાંરે પ્રકાશ, સૌનેરે જાણુનારોરે;
ભીતર બારેરે ભરેલ, ન્યારો નહીને તે ન્યારોરે. આદો. ૧
ઘણુા ઘણુારે ઘાટ, ભાગીને ઘડી જોયારે;
સોના વિના નજરે ના આવે કાંઈ, હરીને તેવા જોયારે. આદો. ૨
મનની વરતીને વાર, સુરતીકું ચુકાવેરે;
જયાં સુધી સુરતી ચાલીરે જાય, ત્યાં સુધી સુખ નવ પામેરે. આદો. ૩
હું મને જાણવા કાજ, આ જુગમાંરે આવ્યોરે;
હું મને જાણીને રે મહારાજ, હું મારામાં મળવાનોરે. આદો. ૪
દુઃખ સુખને રે ઘાટ, દુનિયામાં ડાહ્યા થવમાં રે;
તેમાં સુધરે નહી તારૂં કાંય, એ દુઃખમાંરે જામાંરે. આદો. ૫
કરને તું કોટી ઉપાય, કામરે તારૂં નવ થાયેરે;
માટે સતગુરૂ લોનેરે દલાલ, પુરીરે પદમી પાયેરે, આદો. ૬
પછી પોતાનીરે પદમી નીહાળ, સુનનારે નાદ વાગેરે,
ગુરૂ પ્રતાપે ગણેશપુરી ગાય, આવન જાવન ભાગેરે. આદો. ૭

પદ ૮ (રાગ ઉપરનો ૨૪)

તુરીયાતીત બોલણુહાર, તેનેરે કોઇ પીછાણોરે;
જો આવે તે તમારે રે હાથ, તો નીરવાણ જાણોરે. ટેક.
સુખ દુખનોરે સંબંધ, સર્વેરે છુટી જાવે રે;

પછી મળી ગયો મોરાર સાથ. અગમ વાતું બહુ ફાવેરે. તુરી. ૧
સત ચિત્ત આનંદ તેના પાસ, હરદમ હારો હારે રે;
બાળે સરવે ભ્રમના સાથ, પોતે તુરીયામાં રહીને માણેરે. તુરી ૨
થયો જવેરી જાણનહાર, ખરૂં ને ખોટું નરખોરે;
તેમાં પડે તમને જેતું સાચ, તેને તમો પરખોરે. તુરી. ૩
આયો તેતોરે અળગો નહિ, આપે આપમાં જાણોરે;
પછી મળી ગયો સ્વરૂપ માંહી, જુગમાંરે ફેર નાવેરે. તુરી. ૪
જાવન આવનકી જાળ, જુગમાં કોઇ જોજોરે;
જોતાં જોતાંનારે સાથ, પાપ ને પુન્ય ખોજોરે. તુરી. ૫
શુન મંડળ નીજ ધામ, સુરા હોય તે જાવેરે;
અધુરા હોય તેરે અકળાય, પુરારે કેમ થાવેરે. તુરી. ૬
સાનકા ગુરૂજીના હાથ, ગુરૂને કાઢો ગોતીરે;
ગુરૂ પ્રતાપે ગણેશપુરી ગાય, બીજી વાતું ખોટીરે. તુરી. ૭

પદ ૧ (રાગ અગમ તિરથ કોઇ ચલના.) ૨૫

અગમ તણી ઓળખાણુંરે મનવા, અગમતણી ઓળખાણું;
એરે ઓળખાણેથી આવી ગળ્યો મન, અબ બીજું નહિ જાણુંરે
મનવા. ટેક.
બાનુ દેખી તમો મત હાખો, ખોટીરે વાતનું ટાણું;
ખોટું હોવે તેનો ખરૂં નહિ થાવે, એ વેદ પુરાણનું પ્રમાણુંરે મ. ૧
શ્વાસો શ્વાસ આવેને જાવે, અરૂપનું એરે ઠેકાણું;
તેરે ઠેકાણે મારો નાથ બીરાજે, બીજું બાળોને સરવે ગાણુંરે. મ. ૨
કોટીરે બ્રહ્મા કોટી પુરાણો, પુરૂં નવ કરે તારૂ જાણ્યું;
શ્વાસોશ્વાસમાં સરતીરે રાખો, તો મટી જાવે ચોરાશીમાં જાણુંરે. મ. ૩

પુરા ગુરૂ મળે ત્યારે પરચા પાવે, તો સુધરે હૃદે મન જાણું;
મનકીરે પેરણા મનકીરે મનમાં, ઓંકાર વસ્તુને જાણુંરે. મ. ૪
બાર ગયું ત્યારે બગડયુંરે બધું, સ્વારથમાંરે ફેરાણું;
પોતે પોતાનું અવળું કરીને, ખરાને મનમાં ન આણ્યુંરે. મન. ૫
મોટા મોટાના મતને નીહાળો, સ્વારથમાં શીદ જાણું;
સ્વારથ છુટે તો સુખ સરવે પાવે, પછી અધોગતી નવ જાણુંરે. મ. ૬
એકવીસ હજારકી ચઢી અસવારી તો, તુરીયામાં રહીને જાણું;
કહેત ગણેશપુરી વિવેક વીચાર વિના, જુગકો પાર ન આણુંરે. મન. ૭

પદ ૨ રાગ ઉપરનો. ૨૬

ઘરકીરે ગમ કોઇ કરનારે મનવા, ઘરકીરે ગમ કોઇ કરના;
એ ઘર છોડી બીજે ઘર ન જાના, પછી સદાય મગનમાં રહેનારે. ટેક.
એરે ઘરમાં અનહદ બાજાં, તાળ પખાજ માંય ગાના.
સુરત નુરતકા મહી નાવ ચલતાહે, પ્રેમ પગથીએ પગ ધરનારે. મન. ૧
જ્યાંસે આવે ત્યાં તે સમાવે, દેખો પ્રજા આદમના.
જુગરે દરશનમાં તે તોરે દરશે, અનહદ ધુનકા ધ્યાનારે. મનવા. ૨
કયા કહીએ કહેવું કોઈ ન માને, કહેતાં તોરે લજાના.
તારી લજ્જા તે તુજમાંરે લાવે, અમર પદવીએ પછી જાનારે. મનવા. ૩
પાસ્યો પાર પછી પુછવાનું શું છે, શોહંગમાં તે તો જવાના;
ઓહંગ શોહંગ એતો એકરે મીલતહે, પછી સુખ દુઃખ કોને કેનારે. મનવા. ૪
ઓહંગ સોહંગમાં, એક મેક થાવો ત્યારે, ત્રીકુટીમાં ધ્યાન લગાના;
ત્રીપુટીમાં જાય ત્યાં તો જ્યોતી જલતહે, પછી અનભે સુખ પાનારે મ. ૫
પારકી આશા કયારે રે મટશે, પુરાનો પાલવ લેનાં.
પુરારે પદને તમો જઇને મીલશો, નીરવૃતી પાસે જાનારે. મનવા ૬

પારકી ઉપાધી માથે નહ લેના, સ્વરૂપમાં ચીત્ત લગાના.
ગુરૂ પરતાપે ગણેશપુરી ગાવે, પુરવની પ્રીતે ભેગા થાનારે મનવા ૭

પદ ૩ (રાગ ઉપરનો) ૨૭

શાકાર સૌકોએ જાણેરે, મનવા શાકાર સૈકોએ જાણે.
શાકાર જાણે તેમાં તારૂ શું સુધરયું મુળ પદવી કયાંથી માંણેરે મ. ટેક.
શાકાર મધ્યે નીરાકાર વાસ્યા, વાકુંતો નહી રે પીછાણે.
એ ઘરાંની ગમ તુને લાગે, પછી આવન જાવન કોઇ નવ માણેરે. મન. ૧
બોલત ચાલત બેઠત ઉઠત, તાળી તેનાથી માણે;
હરદમ હારે હારે હાલે તુંતો, તોય ગમતું મનમાં ના આણેરે. મનવા. ૨
શબ્દ સપ્રસ રૂપ ને રશના. તારામાં તેતોરે જાણે;
માટે મન તું વિચાર કરી લે, તો તેજમાં તેજ મીલી માણેરે. મ. ૩
આદરે ઓમકારકી ગમરે કરીલે, ખાલી તેરે નવ જાણે;
એક ને દોય તે સર્વે મટી ગયું, જોતીમાં જોતી મીલી માણેરે. મ. ૪
બંકનારકી ચઢીરે નિશાની, તેનો શુનમાં જાય તોરે માણે;
તે સુખની લેરી હવે લાગી, બીજી વાત નવજાણેરે મનવા. ૫
સમે સમેકી સુરતીરે ચાલે, વરતીકું રે પીછાણે;
વરતી કહે તે પ્રમાણે નહિ કરના, તો સુખ અનભય માણેરે. મન. ૬
શ્વાસો શ્વાસકી કર સમરણી, તો પારરે પુરૂષકો જાણે;
ગુરૂ પ્રતાપે ગણેશપુરી બોલ્યા, આવો અવસર નવ મળેનાણેરે. મનવા ૭

પદ ૪ (રાગ ઉપરનો.) ૨૮

ગુરૂ મીલ્યા પુરા ગ્યાનીરે મનવા, ગુરૂ મીલ્યા પુરા ગ્યાની;
ગ્યાનકારે રગડા બહુરે લગાયા, પુર્વની વાત અમોએ માનીરે. ટેક.
શબ્દે તાળાં શબ્દમાં કુંચી, શબ્દમાં સુરતા મીલાની;

શબ્દ વિચારે તો સોહંગમાં જાવે, દુ:ખને દાળીદ્ર ગયું હાનીરે. મનવા. ૧
અડધે ચંદ્રા અડધે સુર્ય, શુક્ષમણા નુર વરસાની;
તેરે નુર મધે પરિણામ કરના, પછી પારપહોંચ્યામુગતિ માનીરે. મનવા. ૨
બંકનાળ તરવેણી ઘાટા, સર્વે મોહીરે બતાની;
બંકનારસે જાવું ને આવું, સુનની વાતું કરાનીરે. મનવા. ૩
પારકી ઉપાધી પડી હવે મેલો, પોતાની વરતી દો લગાની;
પોતાનુંને પરનું એક થયું તબ, જ્યોતીમાં જ્યોતી મીલાની. મનવા. ૪
ગુરૂ પરતાપે પરચારે પાયા, પારકી ઉપાધી મીટાની;
ગ્યાન અજ્ઞાનને દૂર કરીને, પોતાના જેવો બનાનીરે. મનવા. ૫
પરમારથ માટે પોતે અવતરીયા, પરમારથી તેતો કહાની;
તન ઓર મનશું સેવાયું કરીગે, અભેપદવીને દરશાનીરે. મનવા. ૬
ગણેશપુરીને આજ ગુરૂરે મીલ્યા તો, પુરા પરમાણા લખાની;
આવન જાવનકી અડચણ નહી, જ્યોતીમાં જ્યોતી મીલાનીરે. મનવા. ૭

પદ ૫ (રાગ ઉપરનો) ૨૯

ત્રીપુટીમાં ધ્યાન લગાવુંરે, મનવા ત્રિપુટીમેં ધ્યાન વગાવું;
તેને અજવાળે જાવુંને આવું, બીજુંરે મારે નહિ ગાવુંરે. મનવા. ટેક.
સત્ત સો કયા હે ચીત્ત સો કયા હે, ખરીરે વસ્તુને ભાવું;
ખરૂને ખોટું જ્યારે એક થયું તબ, જ્યોતીમાં જ્યોતી મીલી જાવુંરે. મનવા. ૧
રેણીકેણી જ્યારે એક થઇ તબ, મટી ગયું જાવું ને આવું;
હરદમ હથીયાર હાથમાં જેને, અનહદ અલક જગાવુંરે. મનવા. ૨
આદ અનાદનો એકીલો પ્રાણી, સાથ કોઇની નવ જાવું;
શાન શાડીએ ચડી ચડી જાવે, અકળ ગતીને પાવુંરે. મનવા ૩
અગમ ખેલ તેતો અળગોરે નહિ, ભાગ્ય હોય તોરે પાવું;

કૃપા ગુરની જ્યારે થાશે, સાક્ષીત થઇને દરશાવું રે. મનવા ૪
એક મેક મળી ગયો જ્યારે પ્રાણી, જાવું ને આવવું જણાણું;
અલક ધણીને જોયા કરે તો, સાચી વાતરે સમજાવું રે. મનવા ૫
ધન જોબન તન રંગ પતંગા, વારેવારેં નહિ પાવું;
જાણવું માણવું હોય તે જાણી માણી લેજો, પછી જોતીમાં જોતી મીલીજાવું રે ૬
ગુરૂ પ્રતાપે ગણેશપુરી ગાવે, નીમક ખોટું નવ ખાવું;
ખોટું નીમક તું જો કદી ખાવે, જરૂર ચોરાસીમાં જાવું રે. મનવા ૭

પદ ૬ (રાગ ઉપરનો) ૩૦

પેલા બંગલામાં બોલેરે મનવો, પેલા બંગલામાંરે બોલેરે;
ઘટોઘટમાં આવી તે તોરે ધરકે, ખરી વાતું હોય તે તો ખોલેરે. મનવો ટેક
નજર કરતાં તેતો ન્યાળી લેવે, હરદે મનમાં રે ખોલે;
સત્ત ચિત્ત આનંદનાં નુરતો ઝરત હે, ભીતર રહીનેરે બોલેરે. મનવો ૧
ચંદ્ર સુરજને શુક્ષમણા નારી, નુરરે ઝરે વણ તોલે;
તેના નુરમાં તદાકાર થઇ ગયો, ખરી વસ્તુ હોય તે જોઇલેરે. મ. ૨
આદ અનાદના અલક ધણી, તુરીયામાં આવીને ડોલે;
તેને શોધવા સર્વેરે જાવે, અભાગીઓ હોય તે ભુલેરે. મનવો ૩
બ્રહ્મા વિશ્નુ, ઓર મહેશા, નીત નિત તેવું બોલે;
તે વસ્તુની ગમ તુને તો લાગે, મઇલાં ભીત્ર જ્યારે ખોલેરે. મનવો ૪
ત્રીકુટીનાં તાળાંરે ઉઘડશે, સુન મંડળ તો રેલેરે;
ભે ભરમનામાં ભડકારે ઉઠગો, ખરી વસ્તુ હોય તોના ભુલેરે. મનવો ૫
નાભી કમળસેં ચડીને નીશાંની, તરવેણી ઘાટેરે ઝુલે;
ઝુલતાં ઝુલતાં ઝોકુરે આવે, તો સંસાર થઇને ડોલેરે. મનવો ૬
દુઃખ સુખ સર્વે દાટીરે મેલો, પાપરે પુન સર્વે ખોલે;
ગુરૂ પ્રતાપે ગણેશપુરી ગાવે, ખરા હોય તો ધણીને નવ મેલેરે. મનવો ૭

પદ ૭ (રાગ ઉપરનો) ૩૧

જાણવું હોય તે જાણોરે મનવા, જાણવું હોય તે જાણો;
જાણ્યા વિના જો કદી તમો જાશો, તો મુક્તિ સુખ ક્યાંથી માણોરે. ટેક.
આદ્દો અનાદનો આવેલો પ્રાણી, જુદોરે તેને નવ જાણો;
એક રૂપે જ્યારે મળી ગયો પ્રાણી, બીજો વીકાર નવ માણો. મનવા ૧
રજુમાં ભ્રાંતી નાગની ભાષે, પાછો તે રજુમાં સમાણો;
તેવું સમજીને મનવારે મારા, રજુ ભ્રાંતી સમ જાણોરે. મનવા ૨
મરચાંમાં જેમ તીખાસ વ્યાપી. વાયુમાં સપરસ જાણે;
સોનાના ભુખસણ જેવું બન્યુ છે, શીદને મુમતા તાંણોરે. મનવા ૩
વઝારે પુત્ર ગાંધ્રવ નગ્ર, સસાના શીંગવતુ માંણો;
વસ્તુ તો રે પાસે પોતાના, સુજાણુ હોય તો જાણોરે. મનવા. ૪
જ્યાં સુધી સ્રષ્ટીમાં બીજનો વધારો, ત્યાં સુધી જગતરે જાણો;
બીજરે બળે નહિ નાશ થાવે નહિ, આમનો આમ આનો થાણોરે. મનવા ૫
કોટી રે બ્રહ્મા કોટી પુરાણો, જુદા જુદા મત તેના જાંણો;
સમજણના ઘરમાં રે પ્રાણી જો આવે, મન માન્યા પદ માંણો રે. મનવા ૬
શ્વાસો શ્વાસમાં સોહંગ રમી રહ્યો, સર્વમાં સરખો જણાંણો;
ગુરૂ પ્રતાપે ગણેસપુરી ગાવે, ખરી વાતનો કરીલો ધાણો રે. મનવા. ૭

પદ ૮ (રાગ ઉપરનો) ૩૨.

જીવન મોક્ષ મેં માણ્યો રે મનવા, જીવન મોક્ષ મેં માણ્યો;
આદ્દો અનાદનો આવે ને જાવે, હવે ખેડો તેનો તાણ્યો રે. મનવા. ટેક.
હું રે મારામાં હું રે મળી ગયો ત્યારે, મેં મુજમેં ન માંણ્યો;
મારૂં ને તારૂં એ સરવે મટી ગયું, સરવેમાં સરખો ગણાંણો. મનવા ૧
મારી ભ્રાંતી મારામાં સમાણી, ત્યારે મારામાં મારાને માણ્યો;

ચૌદ રે ભુવનમાં ચાવો રે થઈને, ખોળી કાઢયો મારો દાણો. મનવા ૨
એક રે અનેક રૂપે અળગો નાહિ, સૌમાં તેતો સમાણો.
એવી રે વરતી જ્યારે મનનીરે ઉઠે, પોતાના જેવો પોતે જાણોરે. મનવા ૩
સદ્દગુરૂ મીલે ત્યારે શોહંગમાં સમાવે, માટે સત ગુરૂ હોય તેને જાણો;
પુરા ગુરૂ મીલે ત્યારે પુરા પદને પાવો, ફેર ચોરાસી નવ માંણો. મનવા ૪
સત્યના બોલી સાહેબ હે સાચા, ત્યારે સુન મંડળમાં સમાણો;
હરદમ હાસ હરિ મળવા ચઢાવો, ત્યારે મોક્ષ પદવીને માંણો રે. મનવા ૫
પુન્યને પાપ જ્યારે પરલે થાવે, ત્યારે જ્યોતીમાં જ્યોતી મીલાણો;
અલક ખલક સૌ સામું રે દરસે, તેમાંથી માણવું હોય તે માંણો. મનવા ૬
મારી દયાથી મુને તે મળીયા, પછી સોહંગમાં તે સમાંણો;
ગુરૂ પ્રતાપે ગણેસ પુરી ગાવે, આવન જાવન મીથ્યા હવે જાણો. મનવા ૭

સાતવાર પદ ૧ (રાગ ચોપાઈ) ૩૩.

મંગળ મહીલાની ગમ લાવો, ત્યારે સુખ અનભવ પાવો;
તુરીયાતીત તે બોલણહારો, બોલીને પાછો રહ્યા તે ન્યારો. ૧
બુદ્ધવાર બહારે મત જાનાં, જળ થળમાં દેખ પ્રભુ છુપાના;
મુજ તુજમાં ખાલી નહિ લગારા, સબ ઘટકું તે પેરકહારા. ૨
ગુરૂગમ ગુણિજન હોય તે જાણે, પછી અનભે સુખ તે તો માંણે;
જુગો જુગ રહે તે જુગકી માંહી, અજ્ઞાનકો લેપ તીનકું નંહી. ૩
બ્રેસ્પતવારે ભે સૌ ભાગી, તાળી હવે તીત સંગાથે લાગી;
તે પુરૂષ હે સદા સોભાગી, પોતે પોતાનું પદ લીધું છે માગી. ૪
શુક્રવારે શોહંગકા થાણા, ઘટઘટમાં પ્રભુ છુપાણા;
દુનીયામાં આકે કયા તું કમાણા, ખાલી ફેરા અબ નહિ ખાણા. ૫
સનીશ્વરે શુન સુનકું સાધો, શ્વાસો શ્વાસે હરિ આંરાધો;

પરીણામ અબ પુર્વમાં કીજીએ, લાવો લાખેણો પછી લીજીએ. ૬
સોમ, સોમસ એક સવાલા, સબસેં ન્યારા પેરકવાલા;
સમાણા સરવે સોમમાં સવાલા, અરજ કરે ગણેસપુરી કૃપાલા. ૭

તિથિ પદ. ૨ (રાગ ચોપાઇ) ૩૪.

પડવેમાંથી સકલ પધારે, જડતા કો સંગનમાં ધારે.
આવી પછી ભરમે ભુલાએ, તમ અજ્ઞાન કુસંગ મલાએ ૧
બીજ બાકૂ રે કછુ નાહિ, બીજમાંરે પ્રભુ રહયા છુપાહિ;
અબ બીજકી રે ગમ કીજીએ, તે પછી બ્રહ્મગતિકું લીજીએ. ૨
તીજ તુરીયામાંથી આવ્યો, તીત વસ્તુ તેને નવ પાયો;
નક્કી તીત્તકી રે ગમ કીજીએ, પછી બે વિનાની પદમી લીજીએ. ૩
ચોથ ચાર વેદકી ગમ પાવો, સાર લેના અસાર ગમાવો;
પછી સાક્ષાત થઇને દરશાશો, આવન જાવન ફેરો ગમાશો. ૪
પાંચમે પાંચ તત્વકા કરો વિચારા, કીનકીન કારે અંસ આમાં તારા;
જળ તેજ વાયુ આકાશા, પંચમી પૃથ્વીકા પ્રકાશા. ૫
છઠ્ઠે છેલ્લો ન્યાળન હારો, પાંચકો પેરક પાંચ થંકી ન્યારો;
તેને ડાગ ન લાગે મારો તારો, સરવે ભોગવે પણ સરવથી ન્યારો. ૬
સાતમે સમજી કરો સમાધાના, કરતા અકરતા તુજમાં સમાના;
આવન જાવનકી મટી ગઇ કારી, બે ગયે પછી ભયે સુખારી. ૭
અસ્ટમેં અળગો નહિ અવિનાશી, જળ થળમાં પ્રભુ રહ્યા વીકાશી;
મુંજ તુજમાં સબ ઘટ પ્રકાશા, હરદમ હારે ચાલે શ્વાસા. ૮
તુમે તુરત સોરતશું નીહાળો, પરની ઉપાધી સરવે બાળો;
નીરંજન નાથને ધણીરે ધારો, આવન જાવનકા ફેરાથી ન્યારો. ૯
દશમે દશો દિશામાં વ્યાપી, બાળત બળાવત સરવમાં વ્યાપી;

જયાંહી નજર કરૂં ત્યાં નજરે આવે, તેના વિના બીજુ વૃથા કહાવે. ૧૦
એકાદશી અવળે બંધે બંધાયે, ભાગ્ય હોય તો રે ત્યાંથી છુટાયે;
મુળ સ્વરૂપકી મરજી હોય, તબસુખ પાવે સરત્રે સોઈ. ૧૧
બારસે બારો બારો બીહારી, ન્યારો ન્યારો કહ્યો નીહાળી;
ન્યારાને નરક સરગ પુની નાહી, તેતો જાઇ જોતીમાં મીલજાહી. ૧૨
તેરસ તન મનસેં તે ન્યારો, સોકને મોહ મનમાં નવ ધારો;
સરવે ભોગી પાછો તીતમાં સમાણો, પછી તે અનભે સુખને માણો.
ચૌદશ ચકીત હો ગએ જોતે, પાપ પુન્ય સબી હમ ખોતે,
જલી ગયે ગુણ અવગુણ જબહી, જોતીમાં જોતી મીલગયે તબહી. ૧૪
પુનમે પુરણ મગન ભઈ છાતી, દુખતો ગયું દીન અરૂ રાતી;
ગુરૂ પરતાપે ગણેશપુરી ગાવે, સરવે ઉપજી તુજમાં સમાવે. ૧૫

પદ ૩ (રાગ ચોપાઈ) ૩૫

કક્કો.

કક્કા કામના સરવે ત્યાગો, પછી જે ઈચ્છા હોય તે માગો;
મન કામના પુરી થાશે, સમરણ કરજો શ્વાસો શ્વાસે. ૧
ખખા ખોળી કાઢો શ્યામ તમારો, ના ખોળો તો અવસર જાસે તમારો;
જાણ્યા વિના જાસો તો રહે પસ્તાવો, હીરો હાથ આવ્યોહવે કાયંકુગુમાવો.
ગગા ગુણકીરે ગમકીજીએ, જયાં હોય હરિ ત્યાંથી ખોળી લીજીએ;
જોજે આવ્યો તેવો જાતો, નકે નકી ધોકા ખાતો. ૩
ઘઘા ઘણું ઘણું શું કીજીએ, નીશ્ચે નામ નીરનજનકો લીજીએ;
મનકામના સરવે વીસારો, વેગ સુદ્ધી ગુણ ગોવિંદકા ઉચ્ચારો. ૪
અંગા અંગકે માંહી, ભીતર બહાર સરવે દરશાહી;
જયાં દેખું ત્યાં મેરારે નાથા, દેખો દમકા ઉડે સાથા. ૫

ચચા ચોવટ કામ નવ આવે, નીરવરતી લાવે તો સુખ પાવે;
જરૂર જુગ દરશનમાં નાવે, અનભે સુખને પછી તું પાવે. ૬
છછા છેલ્લી વાતકા કરો વિચારા, સુન મંડળમાં ધણી હમારા;
જોતી જલકે તેજ અંબારા, તે જોતમાં તમારા પ્રચારા. ૭
જજા જલકે ઘટ ઘટમાંહી, ક્ષણુ માત્ર તે અળગા નાંહી;
અળગા હોય તબ રહે ન કોઈ, સમ દ્રષ્ટીથી તીનકું જોઇ ૮
ઝઝા ઝગડા કરે નવ પામે, શ્વાસો શ્વાસે રામ ભજે નીષ્કામે
તબહી તુરીયા ગતિકુ પાવે, તરત તીતમાં તું સમાવે. ૯
ટટ્ટા ટુટી પડે જબ ત્યાગા, તબહી જાનો ભાગ્ય તમારા જાગ્યા;
છુટે વાદ તો શુનમાં સમાવે, સરગ સુખતો તું અહીંરે પાવે. ૧૦
ઠઠ્ઠા ઠાલા આવ્યા ઠાલા જાના, ઠાલે ઠાલા ઝગડા ઠાના;
સુખ દુઃખ સરવે એક સમાના, જાના નક્કી એક દીન મનમાના. ૧૧
ડડ્ડા ડાપણુ હોય દીલ માંહી, તો હરી દેખો ઘરકે માંહી;
હરી મય છે જો હોય ડાપણુ તારૂં, મેલને મુર્ખ મારૂં ને તારૂં. ૧૨
ઢઢ્ઢા ઢોલ વગાડી કહાવે, તોય મુરખકો સાન નવ આવે;
જો લગે સાન તો વાર રે શીછે, પછી પ્રેમસુખને રે ઇચ્છે. ૧૩
રેણુ રણુ ચોરાસી જાવે, સવાલમાં જો સરતી લગાવે;
પાર પામ્યો પછી પુછવાનું નાવે, સબ ઘટમાં પોતે દરશાવે. ૧૪
તત્તા તારૂં હોય તે તપાસો, સબ ઘટમાં રે તમારો વાસો;
પ્રીય મોદ પ્રમોદ રે પાવો, પછી શાન્તી વરતીમાં ઠરાવો. ૧૫
થથા થાણુ થડકા નીહાળો, એળે જનમારો નવ ગાળો;
પછી આવન જાવનકી અડચણુ નાહિ, દરસા દષ્ટા તારામાં સમાહિ. ૧૬
દદ્દા દારૂણુ દુખ નહિં લેના, સદા સરવદા મગનમાં રહેના;

ધંધા ધેતકા નત્ર કીજીએ, સુખ સાગરમાં નીત્ત નીત્ત રીજીએ. ૧૭
ધધા ધુન ધણીશું કીજીએ, પોતાનો જન્મ સફળ કરી લીજીએ;
સરધા રાખી હરીરસ પીજીએ, જન્માંતર કામ તેવું કીજી એ. ૧૮
નના નાતીલાને નીહાળો, પોતાનું મેલી પરનું નવ ન્યાળો;
પર નાતમાં પછી પસ્તાવો, પોતાની નાતમાં સુખ રે પાવો. ૧૯

પપા પારસ પોતે પાયો, ઝવેરી મળ્યાથી ફેરો ફાળ્યો;
આ અવસરે તો અડચણ નાહિ, ભુલે તો દુઃખ બહુ પાહિ. ૨૦
ફફા ફોજ ચડી સાહેબ પધાર્યા, એકવીસ હજાર છસેં ચલાયા;
પ્રાણ અપાન ઉદાન ઓર વ્યાના, સમાન સબ ઘટમાં પરમાના. ૨૧
બબા બીજ બાપે એક બોયા, તબકા મુર્ખ તેને ખોયા;
રજ બીજકા ભયો સંસારા, કહોનેં કૌણ હે બીજસે બારા. ૨૨
ભભા ભુલવણીમાં સબહી ભમાએ, પોતે પોતાનું ભુલી અકળાએ;
સમરે સાહેબ તો છુટન પાવે, ગરભવાસકી વાટ ન આવે. ૨૩
મમા મનકી મોટાઇ મારો, તો દરસે તે નાથ તમારો;
તું સરવેકે માંહી સરવથી ન્યારો, લેવન દેવન પ્રાણ આધારો. ૨૪
યયા યાંહી સકળ સુખ આપે, જો હરી તારો કરી થાપે;
જલ થલ ભુચર તારામાં ભાષે, પછી જો ઉપાધી સરવે જાશે. ૨૫
રરા રોમ રોમ રણુકારા, સકળ બ્રહ્માંડમાં તેના પરચારા;
નખ શીખ નીરખી નકી કીજીએ, આ જન્માંતર સફળ કીજીએ. ૨૬
લલા લાવો લીજીએ આ નેહે, વારે વારે ના આવો આ દેહે;
કરવું હોય તે કરી લે કાજા, પછી ચલે જાયગી મહી લે રાજા. ૨૭
વવા વાત વિવેકકી વીચારી, આ જુગમાંથી હંસાને લો તારી;
જીવતાં ન જાણે તો રહે પસ્તાવો, અને વિદેહ મુક્ત ક્યાંથી પાવો. ૨૮

શશા સાન કરી સમજાવે, હા'ના કે બીચ કશુ કહાવે;
તેના બીચમાં તમારા થાણુા, તે વસ્તુ કોઇ વીરલે માણુા. ૨૯
હહા હાલ હવે ચઢાવો, પરકરતી પુરૂષ એ સમાવો;
સમાણુા પછી રહા નહિ કાંઇ, ધરણીધર દેખો ઘટમાંઇ ૩૦
અળા એક મેક હો જાઇ, જયું જલકી લેરી જલમાં સમાઇ;
લેરી મટી પછી જળ દરશાણુા, ભુખસણુ ભાવ મીટે શોવરણુ ગણુાણુા. ૩૧
ક્ષ અક્ષય પદવી પાવો, ત્યારે તનના તાપ બુઝાવો;
ભીતર બારે સબ ઘટ માંહી, હરદમ હારે અળગો નાહીં. ૩૨
જ્ઞા જ્ઞાતી સરવે ગમાવી, એક રૂપ તો સરવે મીલાવી;
એવી દશા જબહી તું પાવે, જ્ઞાન ગતિ દીલમાં જરી લાવે. ૩૩
ઓમમાંસેં આવ્યા ઓમમાં સમાયા, ગુરૂ પ્રતાપે ગણેશપુરી ગાયા;
અબ ઓમમાં સુરતી કીજીએ, નીરવાણુ ગતિમાં નિત્ય નિત્ય રીજીએ. ૩૪

પદ ૪ ચોપાઇ ૩૬.

કારતક કયા જન્મની કમાણી, સરગે જ્યોતીમાંરે સમાણી;
સુખ દુઃખ સરવે ગયાં રે નાશી, અબતો પાયોસામળો અવિનાશી. ૧
માગસર મરજીવા થઇને ગોતો, ગ્યાની ગુરૂ જો મીલે તો તો;
પછી પારસ બની પ્રકાશ તે આપે, અવીચળ પદવી તે તો થાપે ૨
પોષે પંડકા કરો વિચારા, પાંચ તત્વકા આ પરચારા;
પાંચ પચીસસેં તું તો ન્યારા, બાર ને માંહી બોલનહારા. ૩
મહા મહીને મહીલાનો મર્મ પામે, ખોજત ખોજત ભવ દુઃખ વામે;
દુઃખ સુખ જન્મ મરણુ ગમાવે, ચોરાસીની વાટે ફેર નવ આવે ૪
ફાગણુ ફરી ફરીને થાકયો, તો પણુ પાર ન આવે વાકો;
તન મન ધનસેં સેવા કીજીએ, આ જન્માંતર સફળ કરી લીજીએ. ૫

ચૈતર ચિત્ત ચોફેરરે ડોલે, ગુરૂ વિન પડદા કોણ ખોલે;
ભેદે ગ્રંથી તો વાર ન લાગે, ભે વિનાની પદમીરે માગે. ૬
વૈસાખે વળગ્યો રહે વીશ્વાસે, ખોજ્યા વિના કહો ક્યાંથી પાસે;
પુરસારત કરે જો તન અને મનસેં, તો તેનાં કામ જુગમાં સરસે ૭
જેઠ ઠેઠ પાકે વાકી ગમ કીજીએ, સુખ દુખમાં સમજી રીઝીએ;
આવન જાવનકા ફેરા ગમાવો, જ્યોતિમાં જ્યોતિ રે મીલાવો. ૮
અસાડે અળગા રહીએ સબસેં, કામ કાજ કરો રે સબ તનસેં.
મનકી ગતિ તેતો મનહી જાણે, સુમત મુર્ખ શીદને તાણે. ૯
શ્રાવણે સુરત નુરતકું સાધો, તો તુને નહી લાગે બાધો;
સમજી કરો અબતો સમાધાના, પછી સુખ પામો મન માન્યા. ૧૦
ભાદરવે ભીતર જેનાં ભેદયાં, પુન્યે પાપનાં કારજ છેદયાં;
અનભે જ્યોતીમાં આવી અટકો, જ્યોતી જોઇ પ્રેમથી ના ધડકો. ૧૧
આસોએ આવાગમન અમાવી, તાળી તેના સંગે લગાવી;
જ્યોતમાં જ્યોતી મીલી ગયો સુભાગી, સ્વામી ગણેસપુરીનાં દુઃખ દો ભાગી. ૧૨

પદ ૫ (ચોપાઈ) ૩૭.

હું તને પુછું હંસા ભાઇ, મુવા પછી તું ક્યાં સમાઇ;
આવ્યો ત્યારે ક્યાંથીરે આવ્યો, શું શું વસ્તુ સંગમાં લાવ્યો. ટેક.
દુનિયામાં આવી દુઃખી શું થાવે, ખોળે તો ખરી વસ્તુ પાવે;
જાણવું જણાવવું તુજમાં જણાણું, મારૂં ને તારૂં સરવે સમાણું. ૧
અગમ પંથથી અમો પ્રાણી આવ્યા, સ્થુલ વસ્તુ સંગમાં લાવ્યા;
તું તારી ગમ તારામાં કરજે, તારામાં ને તારામાં હરીને વરજે. ૨
પાંચ ભુત પાંચ ભુતનાં જાણો, સવારથની વાટે મન નવ આણો;
સવારથમાં જાવતો સુખ નવ પામો, દીલની દુબઝા સરવે વામો. ૩

સાર અસારમાં સરતી રે કરના, સાર લેના અસાર પરહરનાં;
સાર વસ્તુ તો સૌમાં સરખી, અસાર ખોટું જોવો ન ખી. ૪
હું મને હું જાણવા કાજે, પ્રેમે જગતમાં આવ્યો આજે;
જાણ્યા વિના જોજે તું જાતો, નકે નક્કી ગોદા ખાતો. ૫
આવ્યો તેતો અળગો નાહીં, મારામાં તારામાં બારે ને માંહી;
જ્યાં દેખું ત્યાં તારા પ્રકાશા, તું ના હોય તો શાના હોય શ્વાસા. ૬
ગુરૂ પ્રતાપે ગણેસપુરી ગાવે, જો જાણે તો મુક્તિ પાવે;
ના જાણે તો રહે પસ્તાવો, જીવન મુક્તિનો ન મળે લાવો. ૭

પદ ૬ (ચોપાઇ) ૩૮.

સુણો સાહેબ તમો અરજી અમારી, તપાસી જોઉં પણ લાગે ન કારી;
કારી લાગ્યા વિના ફળ કેમ પાવે, જાણ્યા વિના આવન જાવન નવ જાવે.
સમજુ હોય તો સાનથી સમજો, હરદમ તમે તમારામાં રહેજો;
સત્તચિત્ત આનંદ સૌમાં સરખો, પારખું હોય તો તેને પરખો. ૧
આદ અંત મધ્ય તેના પ્રકાશા, સબકા મનમાં સબકું ખાસા;
ખાસાને ખસેડી જોજો દેતા, તેના વિના તો તમે નવ રહેતા. ૨
જો અમરાપુરકી આશા હોઇ, શ્વાસો શ્વાસે સમરો સોઇ;
ઇન બિન કો ન હોત ઓધારા, ઇનકું સમરે તો હોયગી પારા. ૩
અજરા રે જરયા રે નહીં જાંહી, જો જરે તો મુક્તિ પાહી.
જાણુ જાણુરે સુજાણુ સારા, નવ જાણે તો પડેહી મારા. ૪
પલ પલ રે પોતાના પાસે, પોતા વિના બીજો કોણ પ્રકાસે;
પોતે હોય તો પરીક્ષા પાવે, વીન પરીક્ષા તો ધોકા ખાવે. ૫
નાથ આપમાં આપ નાથમાં, જાત જાતમાં માપ અમાપમાં;
જડ ચેતનકી જુગતી જાણો, ભાત ભાતકી માલમ આણો. ૬

એક બે તે અળગા નાહિ, એક હોય તો બે દરશાહિ;
ગુરૂ પ્રતાપે ગણેસપુરી ગાહિ, આપે આપમાં ગએ સમાહી. ૭

પદ ૭ રાગ ચોપાઇ ૩૯.

પ્રેમનાં બાણુ કોઇ પ્રેમીને વાગે, પછી તે અહોનીશ દીન જાગે;
જાગતાં જીવન સફળ રે થાવે, હરતાં ફરતાં ગુણુ નીરગુણુ ગાવે. ટેક
અનભે અકળ ગતિ જે પામે, દીલનાં દુઃખડાં સરવે વામે;
આવન જાવનકી અડચણુ નાંહી, ભે વિનાની પદવી ભોગવે તાંહીં. ૧
જુગતિ જુગમાં તે જોયા જેવી, ખરી વસ્તુ હોય તે ખોળી લેવી;
જાણીને તમે ભલે જુગમાં માલો, દુઃખ પરહરી પછી સુખકું ઝાલો. ૨
પ્રાપ્તી અપ્રાપ્તીની ગમ જ્યારે ખોવો, ત્યારે તમે તમારાનં જોવો;
જોયા કેડે જન્મ અરે ના આવે, આપે આપમાં આપ સમાવે. ૩
સમાણા કેડે સુખ દુખ શાનું, પછી પદ પામ્યો તે મનમાન્યું;
ઇશ્વર મળ્યાની મરજી હોઇ, ગુરૂ શાસ્ત્ર વિચારો સોહી. ૪
મુજ તુજકી બની રે માયા, એક બેની મધ્યમાં હરી દરસાયા;
એક ને બે તે અલકની માયા, પાછા આપે આપમાં સમાયા. ૫
સુક્ષ્મણાકા નુર વરસાયા, ચંદ્ર સુરજ તો દોઇ દરશાયા;
અરે મુળ સ્વરૂપકી માલમ પાવે, તોપછી કયાં જાવે કયાં આવે. ૬
નીરધનપણુંરે નજરે નવ લાવો, પછી નીરધનના ગુણુ નિત્ય નિત્ય ગાવો;
ગુરૂ પરતાપે ગણેસપુરી ગાવે, મુઆ પછી તો ફેર ન આવે. ૭.

પદ. ૮ રાગ ચોપાઇ ૪૦

શું સુતો છે મુઆ મુમત તાણે, ગયા પછી તો તું શું માણે;
માણવું હોય તે માણી લે મનવા, જીવતાં મુક્તિ જાણે તો ધનવા. ટેક.
ખરીવાત હોય તે લાગે ખાશી, ખોળી કાઢ મુવા શું રહયો વીકાશી;

જાણેતો આવન જાવનના આવે, તું મારામાં હું તારામાં સરવે સમાવે. ૧
ત્રીપુટી તાળાં તુટી જાવે, સુનગઢમાં સુરતા સમાવે;
પ્રાપતી અપ્રાપતી કાંઇ ન ભાસે, પોતે પોતામાં પોતે પ્રકાસે. ૨
વરતી વ્યાપતિ ફળ વ્યાપ્તિ વીસારો, પછી ગર્ભવાસમાં પગનવ ધારો;
સત્ત ચિત્ત આનંદ નજરે ન આવે, પુનય પાપ તે સર્વે સમાવે. ૩
આ જગત્તમાં ત્રીપુટીની માયા, ત્રીપુટી ના હોય તો શાની હોય કાયા;
કાયા નહિ ત્યારે કેવણુ શાનું, પછી પદ પામ્યા તેતો મન માન્યું. ૪
અરજ કરૂં તોય આશું અંધારૂં, ખોટાને ખરૂં કરી ધારયું;
મરતુથી બ્રહ્મ લોકકી આશા, મરે ત્યારે પછી થાય હુલાશા. ૫
હરીની ગતિતો હરીજન જાણે મુર્ખ હોય તે શું મન માણો;
શુન્ય મંડળની શીડીએ ચાલો, પછી તમે તમારાને માલો. ૬
દેવ જગત્તમાં દુજો ન જાણો, દેવ જાણે તેને દેવ કરી માણે;
ગુરૂ પ્રતાપે ગણેસપુરી ગાવે, જુગ દર્શનમાં ફેર ન આવે. ૭

પદ ૧ લું રાગ ઠુમરી ચાલતી, ૪૧

ચેતનકા પ્રકાશ જગત સબ, ચેતનકા પ્રકાશરે. ટેક.
બેઠત ચેતન ઉઠત ચેતન, ચેતન ચેતન બાત રે;
લેવે ચેતન દેવે ચેતન, ચેતન આવે જાય રે ચેતનકા. ૧
ગાવે ચેતન બજાવે ચેતન, ચેતનથી સુણાયરે;
દેખે ચેતન દેખાવે ચેતન, ચેતન આરામ પારરે. ચેતનકા ૨
પશુબી ચેતન પક્ષી ચેતન, ચેતન વન અઢારરે;
જલરે ચેતન તેજ ચેતન, ચેતનભીતરે બારરે. ચેતનકા ૩
ખાવે ચેતન ખવાવે ચેતન, ચેતન પીવન હારરે;
ગ્યાની ચેતન અગ્નાની ચેતન, ચેતન બોલનહાર રે. ચેતનકા ૪

ધામે ચેતન પ્રધામે ચેતન, ચેતન ખાવનહારરે;
વાવત ચેતન ઉગત ચેતન, ચેતન ચેતનમાં રંધાયરે. ચેતનકા ૫
રાજાભી ચેતન પ્રજાભી ચેતન, ચેતન કરે અવાજરે;
મારે ચેતન મરજાવે ચેતન, ચેતન જાવે નવ આયરે. ચેતનકા ૬
વાદીભી ચેતન પ્રતીવાદી ચેતન, ચેતન દાન અપાયરે;
મુંભી ચેતન તુંભી ચેતન, ગાવે ગણેશપુરી આજરે. ચેતનકા ૭

પદ ૨ રાગ ઉપરનો. ૪૨

જડતાકો પ્રકાશ જગત બધું, જડતા કો પ્રકાશ રે. ટેક.
દેખાવભી જડકા અદેખાવ જડકા જડકા જોવણુ હારરે;
જડરે જાણે જડ જણાવે, જડકા સર્વમાં વાસરે જડતાકો. ૧
ખોટું ભી જડ છે ખરૂં ભી જડ છે, જડ આવે ને જાયરે;
મારત જડકું મરજાવે જડકું, જડ જડકું બહુ વાહરે. જડતાકો. ૨
શુજાત જડતા વગત જડતા, જડતા વહેવાર સાથરે;
ગ્યાની ભી જડતા અગ્નાની ભી જડતા, જડતા સબ આચારરે. જડતાકો
પુજત જડકો પુજાવે જડકો, જડકો પુન્ય ને પાપરે;
દુઃખ ભી જડકું સુખ ભી જડકું, ગ્યાનભી જડકું થાયરે. જડતાકો ૪
લેવત જડશું દેવત જડશું, જડકું દુઃખ નવ થાય રે;
જડકો જાણત જડકો પેરક, પોતે પોતામાં વાસ રે જડતાકો. ૫
દેવભી જડકા દાનવભી જડકા, જડ જડકું જાણુનહાર રે;
મેંભી જડકા તુંભી જડકા, જડકા સબ સંસાર રે. જડતાકો. ૬
વાવત જડસોં વવાવત જડકોં, જડકો જડ જડ ખાય રે;
ગુરૂભી જડકા ચેલાભી જડકા, ગુરૂ ચરણે ગણેસપુરી ગાય રે. જડતાકો. ૭

પદ ૩ રાગ ઉપરનો ૪૩

રામ તણો પ્રકાશ જગત બધું, રામ તણો પ્રકાશ રે. ટેક.
બેઠત રામહી ઉઠત રામહી, રામહી ભીતર બહાર રે,
બોલત રામ બોલાવે રામ હી, રામ હી ઘરમાં ને બહાર રે. સબ ૧
દેશ હો રામ પરદેશ હો રામ, રામ રહ્યો સબ ઠામ રે;
એક હુ રામ અનેક હુ રામ, સબ ઘટમાં રામ સમાય રે. સબ ૨
ઉંચે રામા નીચે હું રામા, રામ વિના નહી ઠોર રે;
ભાળત રામ ભળાવે રામા, રામા એ દાશી ને દાસ રે. સબ ૩
જીવભી રામા ચેતન ભી રામા, રામા એ બોલનહાર રે;
આગેભી રામા પાસેભી રામા, રામ રે પારમપાર રે. સબ ૪
પશુભી રામા પક્ષીભી રામા, રામની સૌ જાત રે;
મારે રામા મરી જાએ રામા, રામા નરને નાર રે. સબ ૫
આદીહુ રામા અંતહુ રામા, મધ્યમાં રામાનો વાસ રે;
ખાવે રામા ખવાડે રામા, રામ કરે જલપાન રે. સબ ૬
આયા તો રામા ન આયા તોભી રામા, રામા હું ને તુંય રે;
દુરહુ રામા નજીકહું રામા, ગુરૂ ચરણે ગણેસપુરી ગાયરે. સબ ૭

પદ. ૪ રાગ ઉપરનો ૪૪

શક્તિકે આધાર જગતસબ, શક્તિકે આધાર રે. ટેક.
જડમાં શક્તિ ચેતનમાં શક્તિ, શક્તિનો શીવમાં વાસ રે;
શુનમાં શક્તિ અશુનમાં શક્તિ, શક્તિનો સરવમાં પ્રકાશરે. શક્તિ ૧
જોતમાં શક્તિ ત્રીપુટીમાં શક્તિ, ઉનમુનીમાં શક્તિનો વાસ રે;
બોલત શક્તિ બોલાવે શક્તિ, શક્તિથી આવેને જાએરે શક્તિ ૨
કાલીરે શક્તિ અકાલી શક્તિ, શક્તિ શક્તિમાં સમાય રે;

મેરી બી શક્તિ તેરી બી શક્તિ, શક્તિથી શુનમાં જવાય રે; શક્તિ ૩
ઉચી બી શક્તિ નીચી બી શક્તિ, શક્તિ છે પારમપાર રે,
તુજ મુજમાં સરવે પ્રાણીમાં, શક્તિ સરખા ભાગરે. શક્તિ ૪
જીવમાં શક્તિ જંતુમાં શક્તિ, શક્તિનો દેવમાં સમાય રે.
માંહીરે શક્તિ બહારરે શક્તિ, શક્તિ વિના નહી ઠોર રે શક્તિ ૫
વાવત શક્તિ ઉગત શક્તિ, શક્તિથી સર્વે થાય રે;
જડ ચેતનમાં શક્તિ ફરશે, થઇ ગયો જોઈ તદાકાર રે; શક્તિ ૬
ભાગ્ય અભાગ્ય શક્તિથી જાણો, શક્તિમાં સર્વે સમાય રે;
ગણેશપુરીની સુણી વીનંતી, હવે ઝાલો હમારો હાથ રે શક્તિ ૭

પદ. ૫ રાગ ઉપરનો ૪૫

પંચ તત્વ વિચાર આપ તું, પંચ તત્વ વિચાર રે; ટેક.
પંચ તત્વ કુન કુન કઇએ, જલ પૃથ્વી પ્રકાશ રે;
તે તત્વથી તું તો ન્યારો, કર મન દ્રઢ વિશ્વાસ રે. પંચ. ૧
ચાર તત્વ તે શેમાં સમાયાં, કહુ તેની તુને બાત રે;
મહા આકાશ કહત જીનકો, તેમાં તે સમાય રે; પંચ ૨
મહા આકાશકી માયા સર્વે, મનમાં લેહુ વિચારી રે,
જો વિચારે નર તીનકું. અમર ગતિ તો થાય રે. પંચ ૩
પાંચ તત્ત્વમાં તું મળી રહયો. વિચાર હોય તો પાવે રે;
વિન વિચારે ફેરો ન ફાવે, અમર ગતિ નહિ થાવે રે પંચ ૪
શુનમાં સર્વે સમઇ જવાના. ઉનમુની તાકો નામરે;
અમર અજર ગતિ તો તું પાવે, વરતી આગ્રી નવ જાએ રે. પંચ ૫
વરતી જ્યારે વિશરામ પામે, ભાષે નહિ જમ કાંઇ રે;
સુખ દુઃખને હર્ષ વિશાદ, સર્વે તે મટી જાઈ રે. પંચ ૬

કલ્પીત વસ્તુ કામ ન આવે, કલ્પનાને ટાળ રે;
દશ્યા ખોટું દર્શા ખોટું, ગુરૂ ચરણે ગણેશપુરી ગાય રે. પંચ ૭

પદ ૬ રાગ ઉપરનો ૪૬.

જીવન મુક્તી જાણુ મન તું, જીવન મુક્તી જાણુ રે; ટેક
જળ તેજ પૃથ્વી વાયુ જે કહીએ, ચારે ગગન સમાય રે;
તુ સર્વથી ન્યારો સ્વામી, મેલી દે મનડાની તાણુ રે. જીવ ૧
સમાન શિવજી સૌમાં સરખો, જ્ઞાનથી તે દરશાય રે;
સમજ્યા વિના તો સુખ ન પાવે, સમજુ હોય તો જાણુ રે. જીવ. ૨
કલ્પીત વસ્તુ ક્યાંથી આવી, કરો તેનો વિચાર રે;
જ્યાંથી આવે ત્યાં સમાવે, ખરી વસ્તુની લે લાણુ રે. જીવ ૩
ખરા ખોટાને કે દીનો સાંત્રો, માત પિતાનો મેળાપ રે;
તે દીનકી તેં મુડી ગુમાવી, ધીક તુને અજાણુ રે, જીવન ૪
ખરૂં હતું તે તેં ખોઇ નાખ્યું, લીધો ખોટાનો સાથ રે;
ખરા ગુરૂને ખોળી કાઢે તો, ખોલે રતનની ખાણુ રે. જીવન ૫
ખાણુ ખોલે ખરી વસ્તુ પામે, મનની કલ્પના ટાળ રે;
તુટી કલ્પના ટેકો ન ભાવે, બ્રહ્માકાર એક ભાણુ રે. જીવન ૬
લખ્યા ભાખ્યાથી તે તો ન્યારો, સાનથી સમજાય રે;
ગુરૂ ચરણે ગણેશ ગાવે, ઉગ્યો આનંદનો ભાણુ રે. જીવન ૭

પદ ૭ રાગ ઉપરનો ૪૭

સત્ત ચિત્ત આનંદ સાથ આપને, સત્ત ચિત્ત આનંદ સાથ રે. ટેક.
સત્ત સો ક્યા ચિત્ત સો ક્યા, આનંદ કોને ઉપાઇ રે;
મેં મારામાં મેં મળી ગયો, તુરીયા લઇને સાથ રે. સત્તચિત્ત ૧

તુરીયામાં રહી સબકું નીહાળે, બોલે ખરી ખરી બાત રે;
ખરી બાતકું તું નવ જાણે, કેમ કરી હરી આવે હાથરે, સત્તચિત્ત ૨
તન તારૂં તુરીયામાં ટેકી, તીત્તકું તું ન્યાળ રે;
તારા મારામાં તેજ રમી રહ્યો, નમાય તીનકું માથરે. સત્તચિત્ત. ૩
સામાન્યનું કાંઇ કામ નહિ, વિશેષ વસ્તુ ધારરે;
વિશેષમાં પણ વિશેષ સોહે, વળગી રહે વિશ્વાસરે. સત્તચિત્ત. ૪
મેં મુને મેં માણવા, ધરયો મનશા અવતાર રે;
મેં મુને મેં નારે માણ્યો, જરૂર નરકમાં વાસરે. સત્તચિત્ત ૫
એક ચિત્તમાં ચાદ ભોવન હે, ચકિત હોઇ ગયો ન્યાળીરે;
સરગ નરગને દેવ કયારી, દીઠા દીનો નાથરે. સત્તચિત્ત. ૬
નાથ ન્યાળતાં નીરવાણ ન્યાળ્યો, તેમાં હમારો વાસરે;
ગણેશપુરીની સુણી વીનંતી હવે ઝાલો હરી હમ હાથરે. સત્તચિત્ત. ૭

પદ ૯ રાગ ઉપરનો ૪૮

મુખસેં કહ્યો નહી જાત રે મન, મુખસેં કહ્યો નહિ જાતરે. ટેક.
મુંગે માણુસેં સાકર ખાઇ, આનંદ કહ્યો નહિ જાતરે;
મનહી મનમાં કરે વિમાસણ, તુટી ગઇ તનકી જાતરે મુખસેં. ૧
વંઝા નારીને સ્વપનું આવ્યું, પુત્ર નથી તેની પાસરે;
સાચું કરીને સ્વપનું જાણ્યું, ઉઠી સોચ કરે પરભાતરે મુખસેં. ૨
દાળીદ્રીને જેમ ધન મળવાથી, આનંદ અતિ ઉભરાયરે;
તેથી અદકો આનંદ પામ્યા, ધન ધન શારદા માતરે મુખસેં ૩
બ્રહ્મહીકું બ્રહ્મ ઉપજી, બ્રહ્મમાં બ્રહ્મ સમાય રે;
બ્રહ્મ વિના જો તુજને ભાસે, ભ્રાન્તી તેને સોગાત રે. મુખસે ૪

જો કાઇએ સો મુળ હમારા, એ અમારી ડાળ રે;
ડાળની માયા દુનીયા જાણો, મુળ સ્વરૂપ માતને તાત રે. મુખસે ૫
જાણવું જણાવવું સર્વે ગયું ને, દુખને મેલો ડાટી રે;
ખોટું હોય તે ખઇ ન થાએ, પડશે જબરી લાત રે. મુખસે ૬
એક કેડે એકઠી ચાલે, કોણુ રંક કોણુ રાજ રે;
ગણેશપુરીની સુણી વીનંતી, ખોળી લો ખરી નાત રે. મુખસે ૭

પદ. ૧ સીતાજીને પુછે લક્ષ્મણ બંધુઆ. ૪૯

આનંદની લેરી રે જોવો મારે ઉપની રે હાં,
લાગ્યું હવે મારા સ્વરૂપમાં ધ્યાને રે હાં;
આનંદની લેરી જોવો મારે ઉપની રે હાં. ટેક.

પ્રેમના પ્યાલા રે ગુરૂએ અમને આપીયા રે હાં,
હવે હું તો પોકી ગયો નીરવાન રે, હાં;
પુરાંનો પાલવરે હવે અમને મળ્યો રે હાં,
જોઉં છું હવે તરવેણીનો ઘાટ રે હાં. આનંદ ૧

સાનથી સમજો રે શોહંગમાં મળો રે હાં,
હરે તન તો થઇ ગયું તદાકાર રે હાં;
તેના સ્વરૂપમાં રે બન્યો હું બાવરો રે હાં,
છુટીગયો સૌ વાદ વિવાદ રે હાં. આનંદ ૨

નરખીને પરખીરે નીશ્ચે હવે કીજીએ રે હાં,
વાહ વાહ શુન્ય તારી મજાહ રે હાં આનંદ ૩
અંધુકારમાં રે કાંઈ દરશે નહિ રે હાં,
નહિ બોલ્યા ચાલ્યાનું ભાન રે હાં

સુરતા ઠેરાણી રે હરીના નામમાં રે હાં,
તેના વિના ખાલી નહિ લગાર રે હાં. આનંદ ૪
નથી નથી રે તેને તમો નીરખો રે હાં
નીરખ્યા વિનાતો નક્કી નહિ થાય રે હાં
નક્કી કરીને રે અનભે સુખ માણીયે રે હાં,
દુઃખને દાળીદ્ર સર્વે જાય રે હાં આનંદ ૫
પારસને પરસે રે લોઢું કંચન બને રે હાં,
પછી નવ કરે લોઢાની આશ રે હાં,
પુર્વની પ્રીતેરે પુરા ગુરૂ પામીયા રે હાં,
હવે દુઃખ રહ્યું નહિ કાંઇ રે હાં, આનંદ ૬
જો જો આ મજારે સાહેબાની સેજની રે હાં,
તેતો સુખ વર્ણવ્યું નવ જાય રે હાં,
અવિનાશી ઓળખોરે આવે જાવે નાથજી રે હાં,
ગુરૂ પ્રતાપે ગણેશપુરી ગાય રે હાં, આનંદ ૭

પદ. ર રાગ ઉપરનો ૫૦

દર્શન કરીએ રે દેદારે દરશે નાથજી રે હાં,
એના વિના ખાલી નહિ કોઇ ઠામરે હાં
દર્શન તો કરીએ દેદારે દરશે નાથજીરે હાં ટેક.
મુજમાં ને તુજમાં રે શોહંગ રમી રહ્યો રે હાં,
આવે જાવેરે તેને તમો ઓળખો રે હાં,
પછી તમારી ગતિ થાય રે હાં, દર્સન ૧
હાલણુને ચાલણુ રે હરિનાથી ઉપને રે હાં,

પાછાં હરિમાંને હરિમાં સમાય રે હાં;
સુખને દુખરે સરવે સમૈ ગયાં રે હાં,
તેતો તેનામાં તદાકાર રે હાં. દર્શન. ૨

તાર તો બંધાણોરે તેનારે કોટમાંરે હાં,
સઘળી વસ્તુ તેમાં જઇ સમાય રે હાં;
નાભીસેં ઉઠે રે ઓહંગ એકલો રે હાં,
પાછો સોહંમમાં સમાય રે હાં. દર્શન ૩

સોહંગની સરતું રે હવે પુરી રાખી એરે હાં,
શ્વાસ સેમાં જઇ સમાય રે હાં;
સંગે સંગે સરતી રે તમો હવે દેખજો રે હાં,
પછી પામો તે પુરૂષનો પાર રે હાં. દર્શન ૪

પાર તમે પામ્યા રે પ્રભુને ઓળખી રે હાં,
પછી આવન જાવનની ગઈ જાળ રે હાં;
ત્રીવીધના તાપ રે સર્વે બુઝાઇ ગયા રે હાં,
ના રહ્યું પછી તારા મારાનું ભાન રે હાં. દર્શન ૫

કબુદ્ધિને કાઢી રે કળ સુજને વળી રે હાં,
કબુદ્ધિ ગઇ ત્યારે કળાણા કિરતાર રે હાં;
પાસે ને પાસે રે પાયો હવે પ્રેમથી રે હાં,
આવો અવસર ના આવે વારંમવાર રે હાં. દર્શન ૬

પૂર્વની પ્રીતે રે પરમાણા લખાવીયા રે હાં,
મેલો હવે પરવરતીની આશ રે હાં;
ગુરૂ પ્રતાપે ગણેશપુરી બોલીયા રે હાં,
મારે સાચો તમારો આધાર રે હાં. દર્શન ૭

પદ ૬ રાગ ઉપરનો પ્રે

પ્રેમ જેના પાસે રે પ્રભુને તે પારખે રે હાં,
પ્રેમના વશ છે તે દીનોનાથ રે હાં;
પ્રેમ જેના પાસે રે પ્રભુને તે પારખે રે હાં, ટેક.

પ્રેમતો બંધાણો રે દીપક પતંગને રે હાં,
તન મન સોંપ્યું તેની પાસ રે હાં;
અગ્નિમાં અરપણ રે દેહું તેણે કરી રે હાં,
તોયે ના છુટે પ્રેમની વાત રે હાં. પ્રેમ ૧

પ્રીતીતો લાગી રે હરચંદ મોરારની રે હાં,
તેતો કાશીપુરમાં વેચાય રે હાં;
સતતો ના છોડયાં રે સુખ સૌ પરહરયાં રે હાં,
ત્યારે પછી દર્શન દીધાં નાથ રે હાં. પ્રેમ. ૨

મીરાંનાં ઝેર રે આપે આરોગીયાં રે હાં;
હુંડી શીકારી ડાહ્યા થઈ દલાલ રે હાં;
પંચાળીનાં ચીર રે તમે પુરીયાં રે હાં,
કીધી સુધનવાની સારી સાય રે હાં. પ્રેમ. ૩

અમરીષ ઉગારયો રે સવરી બોર ચાખીયાં રે હાં,
સગાળશાની પુરી સાચી સાખ રે હાં;
ધરૂ પેલાદ રે તમોએ તારખ્યા રે હાં;
ગજ ગુણકાની લીધી સંભાળ રે હાં. પ્રેમ. ૪

અજ્ઞાને ઉંધમાં રે ક્યાં સુધી ઉંઘશો રે હાં,
અજ્ઞાન અંધારૂં કાઢો હવે બહાર રે હાં;

જાગીને જોશો રે જગત પછી નહિ જડે રે હાં,
ઉંઘમાં અટપટો ભાસે ભાસ રે હાં. પ્રેમ. ૫

તમ અજ્ઞાન રે જેનું જતું રહ્યું રે હાં,
પછી પોતે પોતામાં કર્યો વાસ રે હાં;
જેને તમે શોધો રે તેતો ઘટમાં રહ્યો રે હાં,
ઘટો ઘટમાં કરે તે પ્રકાશ રે હાં. પ્રેમ. ૬

છેલ્લો અવસર રે સુખને સંભાળજો રે હાં,
જો જાણે તો જવેરી આપો આપ રે હાં;
ગુરૂ પ્રતાપે ગણેશપુરી બોલીયા રે હાં,
હરીજનનો હોય હરિ ચરણામાં વાસ રે હાં. પ્રેમ. ૭.

પદ ૪ રાગ ઉપરનો પર

શોહંગનો ચરખો રે શુનમાં ચલાવીએ રે હાં,
એ શુનમાં સોહામણું એક શહેર રે હાં;
શોહંગનો ચરખો રે શુનમાં ચલાવીએ રે હાં. ટેક.

દીવસ ને રાતના દમ તારા હાલતા રે હાં,
એકવીસ હજાર છસેં શ્વાસ રે હાં;
વૃથા તેને નવ ખોશો રે અવસર લ્યો પારખી રે હાં,
સદાય તેમાં પુરો તમારો વાસ રે હાં. શો ૧

જીવનું સ્વરૂપ રે સત્ત ચિત્ત આનંદ ભાળીયે રે હાં,
શીવનું પણ તેવું પદ શોહાય રે હાં;
અજ્ઞાન અંધારૂં રે અળગું હવે કીજીએ રે હાં,
પછી જીવ શીવ બે એક રૂપે થાય રે હાં. શો ૨

પારકી મુડી રે પોતાની નવ કીજીએ રે હાં,
પોતાનું ધન હોય તેને તપાસ રે હાં;
પોતાના વિના રે પરચો કેમ પાંમીએ રે હાં,
ખરી વાતે તો પોતે પોતામાં પુરચો વાસ રે હાં. શો ૩

એક ને બેરે સૌ તારૂં ઉડી જશે રે હાં,
પછી વાગશે સુનના નાદ રે હાં;
વાગતાં નાદને રે વરતી ના ડોલાવશો રે હાં.
અજર અમર તુજમાં બોલનહાર રે હાં. શો ૪

એકમાંથી આવ્યા રે એકમાં સમાઈ ગયા રે હાં,
જેથી અકળ કહેવાતા નાથ રે હાં;
તને તો જોનાર રે કોઇ નહિ સામળા રે હાં,
બીજો ક્યાંથી લાવું જોનાર રે હાં. શો ૫

નીરવીકારી નાથ રે તેમ સહુ કહે રે હાં,
જ્યારે તું નીરવીકારી થાય રે હાં;
અવગુણુને કાઢીરે મળવિના માલીએ રે હાં,
પછી પુરો પોતે કેવાય રે હાં શો ૬

શુનમંડળ સરનામું શાનથી મંડાવીએ રે હાં,
કોઇ જાણે નહિ તેવો સાધીએ જોગ રે હાં;
ગુરૂના ચરણે ગણેસપુરી બોલીયા રે હાં,
મેળો કરાવ્યો માધરનો મહારાજ રે હાં શો ૭

પદ ૫ રાગ ઉપરનો. ૫૩

બ્રમહીકું બ્રમ ઉપજે રે ભ્રમણાને ટાળજો રે હાં,
પછી લાગે તેનાથી તાન રે હાં;
બ્રમહીકું બ્રમ ઉપજે રે ભ્રમણાને ટાળજો રે હાં, ટેક.

સુનના સવાલ રે સુનમાં સંભારીએ રે હાં,
નવ રહે જ્યારે પ્રકૃતી પ્રમાણુ રે હાં;
પત્તો પછી લાગેરે પોતા તણો રે હાં,
એવી નીરવૃતી દશા જ્યારે થાય રે હાં. બ્રહ્મ ૧

આદને અંત રે નાશ જેનો નહિ રે હાં,
ખેપ કરીને તેને ખોળી કાઢ રે હાં;
અવળી ને આંટીરે સવળી હવે કીજીએ રે હાં,
પછી હરીનો તમારામાં ભાસ રે હાં. બ્રહ્મ ૨

નીત નીત તપાસીને રે નીરખો તેહને રે હાં,
અને વળી પામ્યો ઉત્તમ દેહ રે હાં;
જેવી તારી જાતુંરે કામ તેવું કીજીએ રે હાં,
સમ દમ સર્ધા રાખી સાથ રે હાં. બ્રહ્મ ૩

પોતે પોતામાંરે પરચો પુરો પામીઆ રે હાં,
નથી તેના વિના ખાલી લગાર રે હાં;
સુખ ને દુઃખ રે સર્વે ગમાવીએ રે હાં,
તન મન સોંપો તે પુરૂષની પાસ રે હાં. બ્રહ્મ ૪

સંસાર સાગરના રે કિનારા બે જાણજો રે હાં,
એક કિનારો નરકનેં બીજો સ્વર્ગ વાસ રે હાં;

દુઃખને ગમાવીરે સુખ હવે કીજીએ રે હાં,
પછી અભયપદ તારૂં કહેવાય રે હાં. બ્રહ્મ ૫

પેલો પહોર રે બાળપણે ગમાવીયો રે હાં,
બીજા પહોરે બળતરા માંડી રે હાં;
ત્રીજે પહોર વીત્યોરે તૃષ્ણા તોએ ના ઘટે રે હાં,
છેલે પહોરે ભાગો મનની ભ્રાંત રે હાં. બ્રહ્મ ૬

અવીચળ પદમીરે જો ઇચ્છો તમે રે હાં,
તે પદમાં હવે તમારો વાસ રે હાં;
ગુરૂ પ્રતાપેરે ગણેશપુરી બોલીયારે હાં,
તે તો સમઇ ગયા તુરીઆ લઇને સાથરે હાં. બ્રહ્મ. ૭

પદ. ૬ રાગ ઉપરનો. ૫૪

દુનીયામાં આવીરે દગોરે તેં આદરયો રે હાં,
તપાશી જોને શી છે તારી જાતરે હાં;
દુનીયામાં આવીરે દગો તેં આદરયોરે હાં. ટેક.

મરણુની ભેચુંરે તારી સૌ મટાડશેરે હાં,
જાવા દેને જુલમ કેરી બાતરે હાં;
પરદેશી પ્રાણીરે તેને લોને પારખીરે હાં,
પછી તું સુનમાં સમાયરે હાં. દુનિયામાં. ૧

પરનું ને પોતાનુંરે એક કરી જાણજો રે હાં,
પછી એક રૂપે તે દરશાયરે હાં;
વીકાર નવ ભાખેરે વીલંબ નવ કીજીએરે હાં,
પછી ઓહંગ સોહંગ જપો શ્વાસો શ્વાસરે હાં. દુનિયામાં. ૨

મીઠી તારી વાણીરે મનતો મથનમાંરે હાં,
લુણહરામી લાજ નહિ લગારરે હાં;
મીઠું મીઠું બોલીરે મતને ચલાવતોરે હાં,
કોને સતગુરૂની ક્યાંથી આવે સાન રે હાં. દુનિયામાં. ૩

દ્રષ્ટીના ચરમીરે કુટીલ તેમને જાણજોરે હાં,
અજ્ઞાન અંધારૂ હરદમ જેના હાથ રે હાં;
મનતો બહુ મેલાંરે બહારના બહુ ઉજળારે હાં,
કોને તેવા કેમ જાએ નીરવાણરે હાં. દુનિયામાં. ૪

પરના અવગુણરે જુવો તમે નેહથીરે હાં,
ત્યાં સુદ્ધી પોતામાં અંધકારરે હાં;
શ્વાનના જેવારે ભસો તેવા ભાવથીરે હાં,
ધીક ધીક તુજને ઢોર સમાનરે હાં. દુનિયામાં. ૫

ધર્મને ભાગતાંરે ઢીલ તું ના ધરેરે હાં,
સતની વાતે આડો હાલ્યો જાયરે હાં;
સતોગુણની વાતરે તુજને નવ સંભવેરે હાં,
તમોગુણમાં પુરયો તમે વાસરે હાં. દુનિયામાં. ૬

બરોબરીયા સાથેરે બકરી થઇ બોલતોરે હાં,
ધર્મમાં ધપડાકા દેનારરે હાં;
ગુરૂના પ્રતાપે ગણેશપુરી બોલીયારે હાં,
મેરને મુવા ભારે મારી નીજ માત રે હાં. દુનિયામાં. ૭

પદ ૭ રાગ ઉપરનો. ૫૫

માફ કેવું માનોરે મનના મહેવાશીયા રે હાં,
નહી માને તો નરકમાં વાસ રે હાં;
માફ કેવું માનોરે મનના મહેવાથીયા રે હાં. ટેક.

બંધને મોક્ષરે મનથી જણાય છે રે હાં,
માટે મનને લઇ કરીએ વિચાર રે હાં;
ખરાને લઇએરે અવગુણને કાઢીએરે હાં,
પછી તુ મોહનને માલ રે હાં. મારૂં. ૧

નીરવીકારી નાથરે નજરે કયારે આવશે રે હાં,
જયારે તુ નીરવીકારી થાય રે હાં;
અવળી પડી આંટીરે સવળી હવે કીજીએ રે હાં,
ત્યારે તું સુનમાં સમાય રે હાં. મારૂં. ૨

મરજી જો હોયરે માલીકના મેળાપની રે હાં,
તો તુ વિવેક વિચારથી તપાશ રે હાં;
પત્તો તુને લાગેરે પ્રેમે તેને પારખો રે હાં,
પછી મટી જાવે તાણુમતાણુ રે હાં. મારૂં. ૩

અડસઠ તીર્થ રે ઘરના આંગણે રે હાં,
ભાગ્ય હોય તો ભાળે સમૈ રહ્યો તુ ગમાર રે હાં;
સત ચિત આનંદરે સૌમાં સરખો રે હાં,
પણ સમજયા વિના સુખ નવ થાય રે હાં. મારૂ. ૪

અરજી કરીનેરે આટલું સમજાવીએ રે હાં,
તોય તુજને નવ આવે સાન રે હાં;

ખરાને વિચારી રે અવળાં નવ ચાલીએ રે હાં.
અવળા ચાલે આવરણ આવે અપાર રે હાં, મારૂ. ૫

તન, મન, સોંપી રે પુછો કોઈ સંતને રે હાં;
ભેદુ મળે તો બતાવે ખરી વાત રે હાં;
પરદેશી હોય પ્રાણી રે પણ પોતાનો કરે રે હાં,
પછી સુખ સાગરમાં શેન કરે દીન રાત રે હાં. મારૂ. ૬

રામના પટાંતરે રે લોઢું કંચન નવ બને રે હાં,
એટલોએ જો હોય મનવિકાર રે હાં.;
ગુરૂના પ્રતાપે રે ગણેસપુરી બોલીયા રે હાં,
ત્યાં સુધી તેને નવ પમાય રે હાં. મારૂ. ૭

પદ ૮ રાગ ઉપરનો પદ.

પર ઉપકારી રે મારે ધરે પરોણુલા રે હાં,
નિત્ય નિત્ય કરીએ તેનો તપાસ રે હાં;
પર ઉપકારી રે મારે ધરે પરોણુલા રે હાં, ટેક.

તન, મન, ધન, સૌ વારીએ રે હાં,
તોંય પણ ના આવે તેના સમાન રે હાં;
અંતરના પડદા રે અળગા હવે કીજીએ રે હાં,
સુન મંડળમાં સોહાણા નાથ રે હાં. પર. ૧

અમૃત રૂપી રે વચન અમુલ્ય છે રે હાં,
આલમી હોતો માલો તે મોરાર રે હાં;
પ્રેમ વિના નવ પામો રે પાર નવ પહોંચી રે હાં,
સાચા મળે તો સવાંતોનાં નીર રે હાં. પર. ૨

પાડોશીને પુછો રે પ્રભુ રહ્યા પાસમાં રે હાં,
પુછયા વિના પામો નહિ પાર રે હાં;
અવળા પણાં મુકી રે સવળું સમજી લીજીએ રે હાં,
તો પછી હરી તુજમાં સોહાય રે હાં. પર. ૩
પ્રીયે મોદને પરમોદ રે પ્રીતે અમો પામીઆ રે હાં
હવે વાગે છે શુનના નાદ રે હાં;
નાદના ઝણુકારે રે ગમ મુજને પડી [illegible] હાં,
તારા ગુણુનો નવ આવે પાર રે હાં. પર ૪
તુરત સુરતશું ન્યાળો રે નવનીધી આપશે રે હાં,
પછી મટી જાવે પારકી આશ રે હાં;
મનના મેવાશીમાં સર્વે અમો માલીઆ રે હાં,
બહાર જોવાનું રહ્યું નહિ કામ રે હાં. પર. ૫
રસીયાજીને જોઇને મન મારૂં મોહી રહ્યું રે હાં,
બંધાણો હવે તે પુરૂપસેં તાર રે હાં;
તીરતો તાકયો રે તેના હવે તેજમાં રે હાં,
નીશાન પડે તો નીરવરતી થાય રે હાં. પર. ૬
દીલથી દેખાયારે દુભઝયા સૌ ગઇ રે હાં,
મન તો થઇ ગયું મરણીયા સમાન રે હાં;
ગુરૂના પ્રતાપે ગણેશપુરી બોલીયા રે હાં.
નીરખો નુરીજન નરણાં મોઝાર રે હાં. પર. ૭

પદ ૧ રાગ ધીરાનો કાફી ૫૭.

શ્વાસો શ્વાસે સમરોરે, અળગો એતો પલક નહિ રે;
તેને ધણી ધારોરે, સર્વમાંહી તેતો વસ્યો રે ટે

પલકે પલકે જોવું પારખું, પણ પોતે પોતાને પાસ;
પોતા વિના પાર નવ પામીએ, એવો અલકનો ભાસ;
પાર જે નર પાવે રે, તેતો પુરૂષ પુરો બન્યો રે. શ્વાસો. ૧

પળે પળે શું પુછવું, પોતામાં પ્રગટ નાથ;
પ્રગટનાથને કોઇ પારખો, પુરા ગુરૂનો લોને સાથ;
સુનની વાતું કરતા રે, અકળગતિ ઘડનારા રે. શ્વાસો. ૨

જુગમાં જન્મીને શું કમાણો, તારૂં શું સુધરયું કાજ;
પોતે પોતાનું સવળું કરી લ્યો, પારકી વસ્તુને ત્યાજ;
પારકું તે પોતાનું ન થાવે રે, નજર કરી જુવો જરી રે. શ્વાસો. ૩

તન, ધનના ધમધમાટે, ભુલી ગયો ભગવત;
તન, તો લાગ્યું ત્રીયાસેં, મુકી દીધું તે તારૂં સત;
હરીને ઘડીના એકો રે, દીન રાત નવ તેં ગણી રે. શ્વાસો. ૪

શું થાશે શું થઇ ગયું, તેનો કરોને વિચાર;
પારસ પડતી મુકીને રે, પથરાને નવ ધાર;
પથરાથી પાર નવ પામો રે, કરોડવાર કહીએ કથી રે. શ્વાસો. ૫

એક ભુલ્યો બીજો ભુલ્યો, ભુલ્યો સકળ સંસાર;
ભુલ્ય અભુલ્યના મધ્યમાં, દરસાણા તાહરો કીરતાર;
સાથ રે તેનો ઝાલે રે, હળવે હળવે હારે હાલો રે. શ્વાસો. ૬

અજ્ઞાન અંધારૂં સરે ગયું, ઉગ્યો, આનંદનો સુર;
અવળું હતું તે સવળું થયું, હરીતો નીકટ છે નહિ દૂર;
સર્વમાં તે સરખો રે, ગણેશપુરીએ તેતો કહ્યો. શ્વાસો. ૭

પદ ૨ રાગ ઉપરનો પ૮

દુનીયાંદારી દેખો રે, નુરીજન કેવો બન્યો;
સુખતો ગયું છેટ રે, તોય રે કહે સરસ થયો. ટેક.
મીથ્યા મનના મોહકે, ભુખ ના ભાગે ભાળ;
લાખોનું તુને સ્વપ્નું આવ્યું, પણ કોડીએ ક્યાંથી ભાળ;
સવપ્ના જેવું સરવે રે, નરણેથી આ કરજો નકી. દુનિયા. ૧
નીરખ્યા વિના નકીના કીજીએ, નકી કરે સુખ થાય;
અજંપા જાપ જો જપે તો, સરવે સંકટ જાય;
આનંદ લેહરી લાગી રે, ભુલવણી તો સરવે ભાગી. દુનિયા. ૨
સુર્ય ચંદ્ર ને સુક્ષમણા, વરસે નુર અપાર;
તે નુરમાં નાથ હમારો, તેનો પામો કોઇ પાર;
જુગતી તેવી સાધો રે, જુગમાં કોઇ જાણે નહિ. દુનિયા. ૩
કરવાનું હોય તે કરી લેજો, ખરામાં પુરો વાસ;
ખરી વસ્તુ તુંને જો મળે તો, ખલક સરવે તારી પાસ;
અજાણ્યો જોજે રેતો રે, નરકની ખાણુ જોજે લેતો. દુનિયા. ૪
ખરો હતો ને ખોટો બન્યો. ખોટાનું શું છે તારે કાજ;
ખોટું હોય તે ખરૂં નવ થાવે, માટે ભજો મેલી લાજ;
સુખતો સઘળું આપે રે, અળગો તુજથી નારે ઘડી. દુનિયા. ૫
ઓ વીરા મારી અરજી સાંભળી. અગમની કરો સંભાળ;
અગમ કેરી જો તુ ગમ કરે તો, પછે સુખે જનમારો ગાળ;
ઘટો ઘટ ઘરકે રે, ક્ષણુએ એતો અળગો નહિ રે. દુનિયા. ૬
અવીચળ પદમી એની પાસે, પુરૂં તેનાથી થાય;
ગણેસપુરીની આ વીનંતી, તેને છોડી ધંધેસુ ધાય;
સગપણ તેનું સાચું રે, બીજી વાતો સરવે બાળો. દુનિયા. ૭

પદ ૩ જુ રાગ ઉપરનો પદ.

ખલક સરવે ખોળ્યુ રે. ખરી રે વાતુ કોઇના કરે;
જુઠુ જુઠુ બોલી રે, ઉમર એમ એળે ખોવે રે. ટેક.

ખરો ખોટો ઓળખાય નહીં, ને શો કરવો ઉપાય;
ખરો જાણીને સેવીએ, તો તારી મુક્તી થાય;
ક્યાં જઇને કહો સોધુ રે. જ્યાં જોવું ત્યાં તે તો તેવો રે. ખલક ૧

હું મારામાં તમારામાં, મારામાં મારો નાથ;
મારા વીના કોઇ મુજને બતાવો, તો તે ગુરૂનો હું દાસ;
પત્રીકા પાછી લખજો રે, સુન મંડળ સરનામે. ખલક ૨

સુન સીખરથી અમો પધારયા, પારકી કરવી નહિ આશ;
પારકી આશે પુરૂં ના પડે, પોતે પોતામાં પરકાશ;
પોતાને પોતે પરખો રે, તેના વીના ચાલે નહીં ચરખો રે. ખલક. ૩

પોતામાંથી પોતે પરગટયો, પોતામાં પુરયો વાસ;
જળ થળ નભ મધ્યે, પોતે કરે પ્રકાશ;
પ્રભુ તો દેખો પાસે રે, પારકી આશ નવરે કરો. ખલક, ૪

સુર્ય ચંદ્રને સુક્ષમણા, તેના પોતામાં વાસ;
નાભી મધ્યે વિશ્નુ બિરાજે, હરદે બ્રહ્માજી ખાસ;
કંઠે રૂદ્ર દેવારે, કરજો તેની નીત્યરે સેવા રે. ખલક ૫

બોતેર લાખ તો બંગલા બિરાજે, નવસેં નવાણુંની વાડ;
તેતો નેણી બની બહુન્યારી, ઓહંગ સોહંગનાં ઉગ્યાં ઝાડ;
દીવસ ને રાત હાલેરે, એકવીસ હજાર છસેં સહીરે; ખલક ૬
શ્વાસો શ્વાસમાં સરતી રાખો તો, જાણવું સર્વે જણાય;

ગણેસપુરીની આ વીનંતી, આંવન જાવન સર્વે જાય,
સુખની સેજ્યું સોભેરે. સરતી જેની છેટે ટરી. ખલક ૭

પદ ૪ રાગ ઉપરનો. ૬૦

સોઇ સુરા કહીએરે, સુણ્યા વિના સુનમાં જાવે રે;
અનભે સુખ પાવેરે, ઓમમાં જઇ તેતો અડે રે ટેક.
ઓંમકારની જેને ગમ પડી, તે અળગો નહિ લગાર;
અળગો નહિ ત્યારે આવરણુ શાનું, પોતે પોતામાં ધાર;
સૌને જાણુનહારો રે, સૌથી તેતો ન્યારો બન્યો. સોઇ ૧

ન્યારાને ઉંચ નીચ શાનું, સર્વમાં જાણે સમભાવ;
સુખને દુઃખ સર્વે સમાઇ ગયું, પોતે કરયો પોતાનો અભાવઃ
પોતે પોતાને નવ ભાળે રે, જડમાં તેવી સુધી નથી. સોઇ. ૨

જાવરણુ, આવરણુ, કયાં લગી જણાશે, જ્યાં સુધી નિશ્ચય નવ થાય
માટે નિશ્ચયકરી નીરખો નાથને, સર્વમાં તેતો દરશાય;
ઢોરના જેવાં ઢાંઢારે, ક્યાંરે સુધી તુંતોરે ફરે રે. સોઇ. ૩

વહેવારનાં શાસ્ત્ર ક્યાંય નથી, તોય લીધો તેનો સાથ;
નેતિ નેતિથી વેદ પોકારે, તોય સુણુતો નથી અનાથ.
અવળો તુંતો ચાલેરે, કાલતો પુરી થાશે ઘડી; સોઇ ૪

પોથી પાનાનો પાર નવ આવે, પુછો જઇ પુરા પાસ.
પુરા હોય તેતો પાસે બતાવે, પલમાં મુકાવે ધ્યાસ;
અવળી પડી આંટી રે, પળમાં તેતો સવળી કરે. સોઇ.૫

મારૂં તારૂં જયારે મનથી મટે, ત્યારે પુરો તું ગણાય.
પોતે પોતાની નજરે પડયો, સુખ તો તુને સેજે થાય;

બનાવને દો ખાળી રે, ખરી રે વસ્તુ તોરે મળે. સોઇ. ૬
બહારથી બાળે બગડશે બધું, મનની વરતીને વાર;
દોઇ કર જોડી ગણેશપુરી ગાવે, તો પહોચ્યો પેલી પાર;
સુખ દુઃખ સર્વે નાઠાં રે, તુરીયા પદે તે તો ટક્યો રે. સોઇ. ૭

પદ ૫ રાગ ઉપરનો ફરી

મનની માયા વારો રે, બહારનું કાંઇ કામ નથી રે;
સાનથી સમજી જાજો રે, અરજી મારી યાદ કરી રે. ટેક.

બહારનો ત્યાગ તો સૌ બતાવે, મનનું મેલાપણુ નવ જાય;
કથા વાંચી કઇકને સમજાવે, ચિત્ત તો ચોખ્ખું નહિ ને ગાય;
દોડી દોડી જાવે રે, કલપના તેમાં તુટે નહિ રે. મનની. ૧

પોથી વાંચી પરને સંભળાવે, પોતાના પેટની કાજ;
સાચા સતગુરૂ તુને જો મળે તો, ત્યાં જાતાં આવે લાજ;
કાજ કયાં બગાડે રે, કાયા માયા કોઇની નથી રે. મનની. ૨

અંતઃકરણુ જેનું આંધળું, બહારનો કરે બહુ દેખાવ;
તેવા પુરૂષનો પલ્લો ઝાલતાં, પાર પહોંચશે નહિ નાવ;
પાછળથી પસ્તાશો રે, મીથ્યા કરો તારૂં મારૂં રે. મનની. ૩

તનતો તારૂં તુરીયામાં, તીતની ટાળી તે આશ;
તુરીયામાં રહી તેં તીત ન તપાસ્યો રે, ખાલી ખોયો શ્વાસ;
આવે ને તે જાવે રે, સુજાણુ હોય તો, લેજો ગણી રે. મનની. ૪

નથી દ્રષ્ટીમાં આવતો, નથી જણાતું રૂપ;
બીજો પણુ અનુભવ નહિ, જેથી જીવ સ્વરૂપ;
જોવાપણું જાવે રે, ત્યારે એક રૂપે બનો. મનની. ૫

જે દ્રષ્ટા છે દ્રષ્ટી તણો, તે જાણે નીજ રૂપ;
તે રૂપમાં તમો વસો છો, તમો છો મોટા ભુપ;
શાને એળે કાઢો રે, સાનથી તેને સમજી જુઓ. મનની. ૬

મન મથી માયાએ ઝુળ રચ્યો, નાદને બુંદ પ્રકાશ;
તેમાંથી તો તમો પધારયા, સમજે તો સાચો ભાસ;
ગણેશપુરી ગાવે રે, સૌમાં સોહંગ સાતું કરે રે. મનની. ૭

પદ ૧ રાગ સુંદર વરની ચુંદડી. ૬૨

ભવ દુ:ખમાં ભટકું મહારાજ, વારે વેહેલા આવજો;
તમ વિના તો દિવસ નવ જાય, સંદેશો સારો કહાવજો. ટેક

સંદેશો શોહંગે મોકલ્યો રે, જો ઇચ્છો સુખની શેજ;
પ્રેમ પાવડીએ પગ ધરોરે, તો સુખની મળશે સેજ. વારે ૧

પારકી પંચાતું કામ નવ આવે, કરો પોતાનું કાજ;
પરમાંથી પોતાનું કરે રે, તો તો મળશે મોટરૂ રાજ. વારે ૨

નાભી કમળમાંથી નીસ રે, મુળ કમળમાં જઇ સમાય;
તેરે શ્વાસની જો ગમ પડે તો, મુવા મુળ પદમીએ જાય. વારે ૩

મુજમાં ને તુજમાં રમી રહયોરે, ખાલી નહિં રે લગાર;
મોરાર મળવાની જોમરજી હોય તો રે, સારા સતગુરૂને માથે ધાર વારે ૪

સમજ્યા વિના નથી છુટકો, કરોને કોટી ઉપાય;
એકેકી ધડી સવા લાખની રે, મુર્ખા તારે તો ચાલી જાય. વારે૫

સગાં વાલાંનું તેં સુખ માન્યું રે પણ કોઇ નહિ આવે સાથ;
અંતકાળ વેળાએ જયારે કષ્ટી પડે ત્યારે, કોઇ ન ઝાલેરે હાથ, વારે ૬

મીથ્યા માયાની મોહની રે, ધોળે દહાડે લુટાઇ.
લુટયા ત્યાં લમણો નવ વાળો રે, તેના ગુણ ગણેશપુરી ગાય. વારે ૭

પદ ૨ રાગ ઉપરનો ૬૩.

સુનના સ્વામીને ઓળખો આજે, સુખરે અનભે પામીયા;
સતગુરૂ મીલ્યા પુરેરા દલાલ, પરમાણુ લખાવીઆ. ટેક.
પરમાણા લખાવી પાર પહોંચ્યારે, ફેર નવ કરે આવનકી આશ;
ખરૂં હતું તે તો મીલ્યું રે પછી જાપ જપે શ્વાસો શ્વાસ. સુખ. ૧
અળગું હતું પણ પાસે પડયું રે, જાવાનું જે ગામ;
પુરા ગુરૂને આજે પામતાં રે, હું તો પોકી ગયો અમર ધામ. સુખ. ૨
જગમગ જોતું જલે રે, તેજનો નવ આવે પાર;
સાચાનો સરણો ઝાલતાંરે, પછી ઉતરી ગયો સર્વ ભાર. સુખ. ૩
આ જુગતિ જુગમાં જાણજો રે, નિત્ય મુક્ત કહેવાય;
જન્મ મરણ સર્વ ગમાવીને રે, પછી કેશવ ચરણુમાં જાય. સુખ. ૪
આ પંડય બ્રહ્માંડ તો પારકાં રે પોતાનો પત્તો લગાડ.
પોતાનો પત્તો જો મીલે રે, પછી કરો હરિ પાસે રે લાડ સુખ. ૫
જાણવું જણાવવું જતું રહ્યું રે, પોતામાં પોતે પ્રકાશ;
તે પ્રકાશમાં પ્રકૃતી ગઇ રે, પછી મટી ગઇ સર્વે કાશ. સુખ. ૬
પુરા ગુરૂને પામતો રે, પહોંચ્યો પેલીપાર;
ગણેશપુરીની આ વીનતી રે, હેત ધરીને હવે પાળ. સુખ. ૭

પદ ૩ રાગ ઉપરનો ૬૪

જુગતિ ઝેણી જોગની મહારાજ, વીરલા પાર પામીઆ.
પછી છુટી ગયો વાદ વીવાદ, સુખ અનભે પામીઆ. ટેક.

સુખરે મળ્યું સર્વે સેજમાં રે, દુઃખની કોણ કરે આશ;
પર ધારેલું તે પોતાનું થયું રે, પછી પોતે પોતામાં પ્રકાશ. વીરલા. ૧
ચંદ્ર સુર્યને સુક્ષમણા રે, હરદમ હરીના પાસ;
તે ગતીને જો જાણે તો રે, તેને કહીએ હરીના દાસ. વીરલા. ૨
જાવું આવવું જતું રહયુ રે, તે સત્ત ગુરૂનો પ્રતાપ;
પુરા ગુરૂ અમને ભેટીયા રે, મારા જતા રહ્યા ત્રીવીધી તાપ વીરલા. ૩
જાણી કરીને જોજો જાતા રે, નરક ખાણુની વાટ;
જવેરી જણુને જાણી કરીને રે, નબળી વરતીને દાટ. વીરલા ૪
શું થયું સંપત ધણી મળ્યાથી રે, ખાલી ખોટી સીદ થાય;
પોતે પોતાનું બધું બગાડી રે, મુઆ નરકની વાટે શું જાય. વીરલા. ૫
કબુધી કડાકા બહુ પડે રે, સબુદ્ધિ કરે તો સુખ થાય;
સારા સતગુરૂ મીલ્યા વિના તો રે, કહો ને સુબુદ્ધિ કયાંથી થાય. વીરલા. ૬
મીથ્યા માયામાં મોહી રહ્યો રે, તારૂં નહિ તલભાર;
તારી વસ્તુ તુને તો મીલે રે, ગણેસપુરીના ગુરૂમાં ગમધાર. વીરલા. ૭

પદ ૪ રાગ ઉપરના. ૬૫

કરને કબુલ કહે જે કીરતાર, સાચું રે સુખ આપશે,
તારા જતા રહે ત્રીવીધી તાપ, દુઃખ રે સર્વે કાપશે. ટેક.
વાર નવ લાગે વેલો આવજે રે, જાવું ધણીને દરબાર;
કોટાનકોટી અવગુણ કાપીને રે, તુને કાઢે સંસારની બહાર. સાચું ૧
પરવશ મુર્ખ શું પડયો રે, મેલી દે મનડાનું માન;
પરમાં તારૂં શું વળે રે, મુવા ખરી રે શીખામણ માન. સાચું ૨
દીલના ડાગ કાઢયા વિના તો રે, દીનો નાથ નવ દેખાય;

તું તારાને મુઆ વિસરી ગયો રે, નરકની વાટે શુ જાય. સાચું ૩
કઇ વાર આની વાટે આવીઓ રે, ભારે મારી નીજ માત;
જોતાં જોતાં નક્કી કરીલે રે, મુઆ શી છે તારી જાત. સાચું ૪

જોગ જગને નહિ મળે રે. તપ તિર્થને દાન;
સંત સમાગમ જો જઇને કરો રે, મેલીને મનડાનું માન. સાચું ૫

ક્યાંથી આવ્યો ક્યાં જવાનો રે, કરોને તેનો વિચાર;
કોણુ છે આમાં જોને તાહરૂં રે, શોરે મળે છે આમાં સાર સાચું ૬
પરના અવગુણુ નવ જુઓ રે, કરોને પોતાનો વિચાર
ગણેશપુરીની આ વિનંતી રે, ધણીતો ધેંગાને હવે ધાર સાચું ૭

પદ ૧ રાગ હરીનો મારગ છે સુરાનો. ૬૬

આદ ધરાંની ગમ કોઇ કરજો, અનભે પદવી પામો જોને
શુન મંડળમાં શામ હમારો તેને નજરે ન્યાળો જોને. ટેક

નબળી વાટે નવ કોઇ ચાલો, અમર પદમી પામો જોને;
સુખ દુઃખ સર્વે તારાં જાશે, પછી મુળ પદવીને માલો જોને. ૧
અડસટ તિર્થ છે આંગણિએ, શોભાગ્ય હોય તો ભાળો જોને;
જો ભાળેતો ભેછે શાનો, ભુલવણી શું ભટકો જોને. ૨
શોવરણુ એકના ઘાટ ઘડયા પણુ, સોવરણુ સરખો જાણો;
એક જળમાં તરંગ અનેકા, જળ રૂપ તેને માણો જોને. ૩

મૃગ તૃષ્ણા જળ દેખી દોડો, તૃસા ટુંકી ન થાય જોને;
તૃસા ગયા વિના તાનના ઉઠે, તૃસા બુઝાવો તનની જોને. ૪
તું તારામાં હું તારામાં, તારામાં તારો નાથ જોને;
નાથ નવ હોયતો નક્કી કરજો, નાથે નાથ દેખાય જોને. ૫

આગળ પાછળ અળગો નહિં, આ રહ્યો ભીતર બાર જોને;
મુર્ખ મનમાં કરે વિભાષણુ, બોલતાને નવ બુઝે જોને. ૬
જુગજીવનને જાણ્યાવિનાતો, જુગોજુગ ધોકા ખાશો જોને;
ગણેશપુરીની ગરીબ અરજી, જ્ઞાની મનમાં ધરજો. જોને ૭

પદ ૨ રાગ ઉપરનો ૬૭

અલક અલક આ એક સમજીએ, ભીતર બહારે ભળતો જોને;
ભળતામાં જો જઇ ભળે તો, ભટકણુ ફેરો ભાગે જોને. ટેક.
અકળ ગતિ કળવામાં ના આવે, મુખથી નવ કેવાય જોને;
મોહ‌રજીની મરજી હોય તો, મહીલા બાઇ દરશાય જોને. ૧
મરણુ જન્મ તો મટશે તારૂં, મુળ સ્વરૂપે જાય જોને;
અકળગતિ તે અવિનાશીની, તુજથી અળગી ન થાય જોને. ૨
ખબર પડી જ્યારે, ખેત્રટીયાની, નીરવાણુ નીશાન ન્યાળ જોને;
નીરવાણુની નજરૂં બહુ લાંબી, બંધનમાં તે નવ જાય જોને. અલક. ૩
પરંતું તે પોતાનું થયું ને, પુરણુ પદની પામ્યો જોને;
જાગૃત સ્વપના શશુપતિનો, સાક્ષી તું કહેવાણો જોને. ૪
ત્રણુકાળમાં નાશ નહિ જેનો, તેજ તારો નાથ જોને;
તે નાથને નરણે નીરખો, તે તો તારા પાસ જોને. ૫
તે હરી જો હાથ આવે તો, મટી જાય સર્વે કાશ જોને;
કાશ ગઈ પછી કેવણુ શાનું, શોહંગમાં સમાય જોને. ૬
અલકનાથ પણુ અળગો નાંહિ, આ રહ્યો આરમપાર જોને;
ગણેશપુરીના સ્વામીને ભજતાં, ધોખો રહે નહિ કાંઇ જોને. ૭

પદ ૩ રાગ ઉપરનો ૬૮

હું મારાથી હું તો ભુલ્યો, કેવું આ અજ્ઞાન જોને;
મારૂં અજ્ઞાન મુજને વળગ્યું, અળગું તે નવ થાય જોને. ટેક.
સુખના માટે સોધું સર્વે, પણ સુખતો મારા પાસ જોને;
મારામાં મારો નાથ બીરાજે, મળના હોય તો માલો જોને. ૧
વખ જેવો આ વહેવાર લાગે, મનની પીડા મનમાં જોને;
શું કરવું સહન કરી લો, વેગ સુધી ગુણ ગાવો જોને. ૨
આ દુઃખ તુજને રે શું બાંધે, ખોટું ખરાને નવ રોકે જોને;
મનનો જાણુક મનનો પેરખ, મનથી તેતો ન્યારો જોને. ૩
ચેતન ચિત્તથી ચેતો મનવા, સઘળું દુખ તો જાશે જોને;
ભુક્ષણુ ભાવ સર્વે મટીને, સોવરણ એક દરસાય જોને. ૪
જીવ જીવની સૃષ્ટી જોતાં, જુદો જુદો ભાસ જોને;
ભાસ પડયો ત્યાં ભડકો ઉઠયો, સૌ ચેતન મન ધાર જોને. ૫
ચેતન ચેતન એક થયો તબ, સબ ઘટ તારો વાસ જોને;
નાથ વિના નજરે કાંઇ ના આવે, અનભે સુખમાં માલ્ય જોને. ૬
વાતું કર્યાથી વાલો ન પામો, નિશ્ચય કરોને ન્યાળી જોને;
ગણેશપુરી કહે ગુરૂગમ હોય તો, નરણે નીરખો દહાડી જોને. ૭

પદ ૪ રાગ ઉપરનો ૬૯.

આ જગતમાં કોઇક સુરા, સર્વે વાતું જાણે જોને;
સુરો થાય તો વાર નવ લાગે, દુઃખડાં સર્વે જાય જોને. ટેક.
મહા મણી જેવો મનસા અવતાર, એળે તેને નવ કાઢ જોને;
જાયું તે તો સરવે જવાતું, ધણી પોંગાને ધાર જોને. ૧

આજ કાલમાં આતો જાશે, પંડય બ્રહ્મંડનો ઘાટ જોને;
પાછળથી પસ્તાવો થાશે, પાણી પહેલી બાંધ પાળ જોને. ૨
તન ધનનો તો ગર્વન કરીએ, તે તો આવે ને જાય જોને;
આવ્યું તે જાવાનું સર્વ, ખરી વસ્તુ નવ જાય જોને. ૩
ખેપ કરીને ખોળી રે કાઢો, કયાં છે સરજનહાર જોને;
એ મારામાં એ તારામાં, સર્વમાં શીવનો વાસ જોને. ૪
સગપણ સાચું શીવ ધણીનું, સુભાગ્ય હોય તો થાય જોને;
શ્વાસો શ્વાસે સરતી કરે તો. હરદમ હારોહાર જોને. ૫
પરની પંચાત પડતી મહેલી, અલક એક આરાધ જોને;
સૌનો જાણુક સૌનો પેરક, સૌમાં રહ્યો સમાઇ જોને. ૬
માટે મનવા મતલબ મેલી, મહીલાને આરાધ્ય જોને;
ગણેસપુરીની ગાડી ના રોકો, લાગુ તમારે પાય જોને;

પદ ૧ રાગ કારંગડો ૭૦.

જ્યાં ત્યાં મીલ ગયા જોટા, જ્યાં ત્યાં મીલ ગયા જોટા. ટેક.
ધન જોબન તન રંગ પતંગા, મન માન્યા સો ખોટા. જ્યાં.
જાકું દુઃખ કોઇ દરસે નહિ, એસે જનકા ટોટા. જ્યાં. ૧
જડ ચેતનકા સંગ હુવા જબ, તબકા નરગકા કોટા. જ્યાં.
મુર્ખ મન તું હજુ નહિ સમજ્યો, જીવન તારા ખોટા. જ્યાં. ૨
જો સમજે તો સુખ છે ઝાઝું, મેલ માયાકા કોટા; જ્યાં.
આજ કાલમાં કાળકી આવે, પછી કરદેગા તન ખોટા. જ્યાં. ૩
પરની ઉપાદી પલટી દઇને, ખોળી કાઢ કોઇ મોટા; જ્યાં.
મોટા પુરૂષકી મરજી હોય તો, દેખાવ દરસે સો ખોટા. જ્યાં. ૪

એક દિવસ જો અળગો રહે તો, માર પડેગા બહુ મોટા; જ્યાં૦
તપશી સન્યાશી કાં ઘરઆરી, ખરી વાતકા ટોટા. જ્યાં. ૫
જે જાણે તે મુજને માણે, પછી ભાસે ગરબડ ગોટા; જ્યાં૦
એકવીશ હજારકી ચઢી અસવારી, બંકનાળ કે કોટા. જ્યાં. ૬
આઘે જાતાં અરજી સાંભળો, દેખ્યા તરવેણી કોટા; જ્યાં૦
ગણેશપુરીકી અરજી સાંભળી, કાગળ લખજો મોટા. જ્યાં. ૭

પદ ૨ રાગ ઉપરનો. ૭૧

આ જુગમાં જોજે જાતો, આ જુગમાં જોજે જાતો. ટેક.
પારકી ઉપાધી જો પડે તો, હરીથી રહેજે ડરતો; આ૦
દુખ સુખમાં નહિરે ડરનાં, તો દેત પરપંચ સહુ જાતો. આ. ૧
શ્વાસોશ્વાસે હરી સમરતાં, હોયગા બહુ તું માતો; આ૦
વીલંબ નવ કરીએ વિસરે નહિ તુજને, તો અનભે સુખન પાતો. આ. ૨
વિસરે નહિ જોજે વનમાળી, નહિકર ગોદા ખાતો; આ૦
પંડય બ્રહ્માંડકો કરે વિચારતો, મુગ પદવીએ જાતો. આ. ૩
ત્રણુ ગુણનું તન મુકીને, ત્રીપુટીની વાતું કરતો; આ૦
તેના તેજમાં મા ખુઝે તો, જોજે પાછો થાતો. આ. ૪
ઠેલી ઠેલીને પુરો ઠેકાણે; પછી અમર વસ્તુ પાતો; આ૦
આ કાયાકો ગર્વ નવ કરીએ, ખોટા તીનકા નાતો. આ. ૫
ખરા નાતાને ખોળી કાઢો તો, જન્મ સફળ તારો થાતો; આ૦
ખરી વસ્તુ તુને ક્યાં ક્યાં કહીએ, તેના વિના તો તું નવ રહે તો. આ. ૬
તારૂં મારૂં મટી ગયું તબ, શુનમાં જઇને ઠરતો; આ૦
ગણેશપુરીની અરજી સાંભળે તો, જીવન મુક્તિએ જાતો. આ. ૭

પદ ૩ રાગ ઉપરનો ૭૨.

રામ રામ ભજ રામા, આ રામ રામ ભજ રામા. ટેક.

સાહેબ સબમાં તું સાહેબમાં, બીજા સર્વે ભામા,
શાસ્ત્ર વેદાંત શ્રવણ કરી જો, તો જાવેતું:તારે ગામા. રામ. ૧
સુખ સંપતી સર્વે સમ જાણી, તજો મનમાંથી કામા;
દુનિયા દીવાની સબી સવારથી, ખોટા ઇનકા કામા. રામ. ૨
ચાહત ચોપન ચૌદ ભોવનમાં, ગામો ગામ ને ધામા;
અલબેલો તો અળગો નાંહિ, જુવો કરે સૌ કામા. રામ. ૩
કામ કરે તે ક્યાંનો રહેવાશી, સુન મંડળ નીજ ગામા;
તે ગામકી જો ગમ કરલો, સબ ઘટ્ટ સોહંગ શામા. રામ. ૪
પલ પલ રે પ્રકૃતી પલટે, તો નવ જાવે નીજ ધામા;
હરદમ હથીયાર હાથમાં લેના, પછી ચાલોગુરૂકે ધામા. રામ. ૫
ઓહંગ સોહંગ તો સૌમાં સરખો, રટી લ્યો તીનકા નામા;
બેઠત રામા ઉઠત રામા, કામ કરે સૌ ધામા. રામ. ૬
સબ જુગમેં તો દુખીયા દેખું, સુખીયા સુનમંડળકા શામા;
ગુરૂ પ્રતાપે ગણેસપુરી ગાવે, મેલ બીજા સૌ ભામા. રામ. ૭

પદ ૪ રાગ ઉપરનો ૭૩.

આ ઘટમાં નોબત ઘરકે, આ ઘટમાં નોબત ઘરકે. ટેક.

નાભી કમળ જોવો નીશાની, ત્રીકુટીમાં જોતી ઝળકે. આ ઘટમાં:
સુન મંડળની સીડીએ ચાલો, ઓહંગ સોહંગ માંહી ભરકે. આ ૧
નટવર ન્યારો બહુ હે પ્યારો, ઘટમાં આવી ઘરકે; આ
સુર્ય ચંદ્ર તો મસાલ કરે છે, શુક્ષમણા હે વાકે. આ ૨

તાબેવંત અરે તું તો પ્રાણી, મોહોટા ચીન્હ હે જાકે; આ
આવન જાવન પ્રનકું નાંહી, ગરભ બીજ નહિ વાકે. આ ૩
ઓહંગ સોહંગકો કર્યો હીંડોળો, સુન મંડળ ત્યાં હે કે;
આવન જાવનકી અડચણુ નાહિ, જોતિ જોતિ જળકે. આ. ૪
સાહેબ તુજમાં તું સાહેબમાં, કર સમજ વાત જડકે; આ.
પોતે પોતાનું પદ નીહાળો, ઘેત ઉપાધી પટકે. આ. ૫
વસ્તુ તો પાસે પોતાના, બહાર તું ક્યાં ભટકે; આ.
સમજુ હોય તો સમજી લેજો, સુભ અવસર હે વાકે. આ. ૬
સુન મંડળ તો શેહેર સોહામણું, ઓહંગ સોહંગ ત્યાં મહેકે. આ.
ગુરૂ પ્રતાપે ગણેસપુરી ગાવે, ચીત ચરણામાં ધરકે. આ. ૭

પદ ૧ રાગ મેઘાડમર ગાજે ૭૪.

એકાએક કેમ ઉતર્યો, જીવ શીવ ક્યાં વીસાર્યા;
જો વીસરો તો દુઃખ પામશો, ફુટો માથાં તમારાં. ૧
સુખ દુઃખમાં સમ રીજીએ, માથે મોત નગારાં;
ઘરનાં કામ ગમાવીને, જુવો મહીલા નગારાં. ૨
પાર કોઇ એનો પામજો, પછી પુરા પરમાણુા;
દુખ ને દાળીદ્ર સૌ ભાંગશે, સુખમાં તે સમાણુા. ૩
આવ્યો તેતો અળગો નહિ, આણુકું રે પીછાનો;
પારસ પડતો મુકીને, પથરાને નવ માનો. ૪
સુખ દુઃખમાં સમ રીજીએ, પારસ પ્રેમે રે પાવો;
શુન મંડળની સીડીએ, આવો તે પછી જાવો. ૫
પત્તો જડયો પોતા તણુો, પ્રેમે તેને પીછાનો;

આવન જાવન આંકડો, જરૂર તેતો જવાનો. ૬
સુરાને સાહેબ ઢુકડા, સાનથી તેતો સમજો;
ગણેશપુરીની આ વિનંતી, પ્રેમ કરીને પીજો. ૭

પદ ૨ રાગ ઉપરનો. ૭૫

સુરતા સોહંગમાં રાખીએ, આવન જાવન જાવે;
ધન જોબન સુત સાહેબી, પલમાં પલટી રે જાવે.
પુરા પરમાણા લખાવીઆ, સુન મંડળ સરનામે;
ઓહંગ સોહંગ પગથીએ, પ્રેમ કરી પગ ધારે. ૨
પાસે પડયો પ્રભુ કને, પતો તુજને ન લાગે;
પતો લાગે પાર પામશો, પ્રેમમાં પછી મહાલો. ૩
પારખુ હોયતો પારખો, મટે મનનો પસ્તાવો;
આવ્યો એવો જોજે ચાલતો, જો હરી તુજમાં સમાયો. ૪
આદ અનાદનો એકલો; સંગ કોઇનો ના કીધો;
જડ ચેતનની જુગતિ, ચેતન ચેતન જાણો. ૫
ચોરાશીની વાટમાં, જોયા વિના શું પધારો;
સતીયાને સાહેબ ઢુકડા, સુરતા સુનમા સમાવો. ૬
ધનરે દારા સુત સાહેબી, સર્વે ખોટી જાણો;
ગણેશપુરીની સુણે વીનંતી, તો પુરો પરમાણો. ૭

પદ ૩ રાગ ઉપરનો ૭૬

સુન મંડળ સોહામણું, શુરા હોય તે ચડશે;
કાયર કંપીને ભાગશે, પસ્તાવો રે તુને થાશે. ૧
વિચાર કરી જો વીરલા, હરી તુજમાં દરશાણા;

જેને હીંડો તમે ઢુંઢતા, તેતમામાં સમાણા. ૨
પળે પળે શું પુછવું, રોસ શીદને આણો;
જોરે જાણો દીનાનાથને, તો પછી સુખે કરો ઘાણો ૩
જુગતિ જાણો આ જોગની, આદ તેની નીશાની;
ઓહંગ સોહંગ એ દોરડે, બાંધો આતમા તાણી. ૪
અરજી સાંભળશે નાથજી, સુન શીખર પધારો;
આવન જાવન આંકડો, મનમાં નવ ધારો. ૫
જીવો ત્યાં સુધી સુખ પામશો, મુવે મુકિતને માણો,
જીવતાં વીદેહી એ જાણીયે, એ સુખ અનભે જાણો. ૬
હાર જીતની મધ્યમાં, હરિ તો દરશાણા;
ગણેશપુરીની આ વીનંતી, હોયગા પુરા પરમાણા. ૭

પદ ૪ રાગ ઉપરનો. ૭૭

સાહેબ સાહેબ શું કરો, સાહેબ તમારા પાસે;
જેને હીંડો તમે ઢુંઢતા, તે તમારામાં પ્રકાશે. ૧
મૃગ નાભીમાં કસ્તુરી વસે, તેમ તુજમાં શ્વાસા;
શ્વાસો શ્વાસે સમરજો, સબ ઘટ તેના રે વાસા. ૨
જાગૃત સ્વપના શશુપતિના, દ્રષ્ટા આપે ગણાણા;
અકળ ગતિને પામીયા. હવે લખાવ્યા પ્રમાણા. ૩
આવ્યો તો ઇશ્વર જાણુવા, ભરમે રે ભુલાવ્યો;
વારે વારે તુને વિનતી, સંતે સંદેસો કહાવ્યો. ૪
તોય માને નહિ મુરખા, જાવાનો આવે દહાડો;
જાણ્યા વિના જો જાય તો, પુરો નહિ થાય ભાડો. ૫

પાર પડે પતો નહિ મળે, જીવતાં જુક્તિ જાણો;
જોરે જાણો તો માણજો, સાહેબ શુનમાં સમાણો. ૬
ઓહંગ સોહંગ એ છાબડે, જોવો તેને રે જોખી;
ગણેશપુરીની આ વિનંતી, કોઇક થાઓ તેના સોખી. ૭

પદ ૧ રાગ મુખડાની માયા લાગી રે ૭૮

ઓમકારને યદ કરજો રે, ઓ તન મન;
પ્રકૃતીકું પાછી પાડો રે, વેઠો ને વન. ટેક.

વનમાં જઇ વાસ કરીએ, શોહંગમાં જઇ નિત્ય ફરીએ;
સાચું જુઠું કાંઇ નવ કહીએ રે, ઓ તન મન. ૧
બંક નાળકી બારી ખોલી, તરવેણીની જોવો ટોળી;

મહી બળે કેવી હોળી રે, ઓ તન મન. ૨
કાંઇ કામ નહિ આવે કાયા, પડી રહેશે સર્વે માયા;

લુટી લીધા ડાયા ડાયા રે ઓ તન મન. ૩

શુન શિખરમાં ચરખો ચાલે, મળ ન હોય તો તેને માલે;
સવાંતનાં મોતી ઝાલે રે, ઓ તન મન ૪

ઇશ્વરની કેવી ભેયુ ઘાલી, તેથી જાણી પદમી વાલી;
નહિ તો જાત એસે ખાલી રે, ઓ તન મન. ૫

પુન્ય પાપને પરાં કરી, અરજી મારી યાદ કરી;
ખોળી લો જે વાત ખરી રે, ઓ તન મન. ૬

ગણેશપુરીની સુણી અરજી, મનમાં લેજો જો હોય મરજી;
તો તો સબ ઘટમાં છે હરજી રે, ઓ તન મન. ૭

પદ ૨ રાગ ઉપરનો ૭૯

કાયેકું તેં દેહ ધરી રે, કાળના કાકા;
મેલ મુમતા મનથી પરી રે, દે નહિં ફાંકા. ટેક.

કાળના કાકાને કળજો, સફળ જન્મારો ધરજો;
ન મળે ત્યાં સુધી બળજો રે, કાળના કાકા. ૧
મનવો તે કેવી મોજું માણે, જાણનારો હોય તે જાણે;
અજ્ઞાનીને બાળો લાગે રે કાળના કાકા. ૨
ધેરા માંહી ઘડીઆળાં વાગે, સમજુ હોય તે તો જાગે;
બીજું કાંઇ નવ માગે રે, કાળના કાકા; ૩
નોધારાને ઓધાર કેવો, સસાના શીંગ જેવો;
નથી કાંઇ લેવો દેવોરે કાળના કાકા. ૪

નોબત માંહી નીયારી વાગે, કાયર હોય તેતો ભાગે;
સુરો સામો જઇ માગેરે, કાળના કાકા. ૫
અરબત પરબત ધંધુકારા, તેનાથી છે તેતો ન્યારા;
સાચા ગુરૂ તેને ધારયારે, કાળના કાકા. ૬
ગણેસપુરીના ગામ પધારો, નખશીખથી છે તે ન્યારો
વીના ભેએ લાગે પ્યારો રે, કાળના કાકા. ૭

પદ ૩ રાગ ઉપરનો. ૮૦

સર્વે સુખતો શેજે થાશેરે, ચેતોને પ્રાણી;
અરજી મારી યાદ કરજો રે, થાશો નહિ ધુડધાણી. ટેક.
શુન શિખરથી શયામ પધાર્યા, દીશેછે સૌનાથી ન્યારા;
બાવન અક્ષર તેતો બારારે, ચેતોને પ્રાણી ૧

લખવામાં ન આવે ન્યારો, બોલે છે પ્રભુજી પ્યારો
તેને ધણી હવે ધારો રે, ચેતોને પ્રાણી. ૨
ખાલી ખોટી શીદ થાવે, ખોળે તો સુખ સર્વે પાવે,
જન્મ મરણ ભેયું જાવેરે, ચેતોને પ્રાણી ૩
જે જોઇએ તે ઘરમાં ગોતો, શીદને ફરે છે રોતો;
ગ્યાની ગુરૂથી મળે પત્તોરે, ચેતોને પ્રાણી. ૪
આવરદા તો એળે ચાલી, હજુ તું બેઠો ખાલી,
દાહડી તો જાશે ઠાલીરે, ચેતોને પ્રાણી, ૫
આવરદા તું એસે ખોવે, વાંસે તું ખુબ રોવે.
મુઆ પછી શું તું જોવે રે, ચેતોને પ્રાણી. ૬
ગણેસપુરી કહે તારા માટે, તું તો ચાલે અવળી વાટે.
સત ગુરૂ સેવો શીશ સાટેરે, ચેતોને પ્રાણી. ૭

પદ ૪ રાગ ઉપરનો ૮૧

વીવેકીને વળગો વેલારે, ફેરોરે થાવે;
અવસર આવ્યો જોજો ખોતારે. કરમ શીદને વાવે. ટેક.
કરવાનું હોય તે કરી લેજો, તેથી તુને આપ્યુ ભેજ્યો,
જ્યાં હોય ત્યાંથી તેને ખોજો રે, ફેરોરે થાવે; ૧
અંધારી આ શીરે આલી, ખરી વસ્તુ તેં ના ઝાલી;
ઉમ્મર ખોઈ એસે ખાલી રે, ફેરોફાવેરે ૨
મારૂં મારૂં કરી ધંધે ધાયો અકરમી શું કરવા જાયો,
ખાલી ફેરો તેં તો ખાયો રે, ફેરોરે થાવે ૩
ધન જોબનને જે નર ધામા દંડાયા તે તો ડાયા ડાયા,

કઇક વાર ફેરા ખાયા રે, ફેરારે ફાવે. ૪
અકળતો અવિનાશી એવો, જેમાં જોને તેમાં તેવો.
તેને મુકી નવ દેવો રે, ફેરારે ફાવે, ૫
નીરવરતી નારીને લાવો, સુક્ષમણાનાં નીર પાવો;
ત્યાર પછી સુનમાં જાવોરે, ફેરારે ફાવે, ૬
ગણેશપુરીને ગુરૂ મળીયા, ભવના તો ફેરા ટળીયા;
જળમાં જેમ લુણ ગળીયારે, ફેરારે ફાવે. ૭

વિવેચન—આ કીર્તનની અકેકી લીટીનો પહેલો અક્ષર અકેકા વાંચતા કીરતન કરવાવાળાનું તથા તેમના પિતાનું નામ સમજાશે.

પદ ૧ રાગ ચોપાઈ.

સાંભ સદાશીવ શરીરમાં શોભે, જાણ હોય તો જાણુ નહિ તો ઓભે;
મીયાનમાં જેમ તરવાર રેહેવે, તેમ ઇશ્વર સર્વમાં સેવે. ૧
ગરજ વીના તો કેમ કરી ગોતે, જુગો જુગ ફીરે તે તો રોતે;
ણે કણે મણે જ્યારે મન થાવે, મુળ વસ્તુ તો તે પાવે. ૨
સરખો સામાન તે સૌમાં તે ભાસે, જાણ્યા વીના તો ફેગે જાશે;
પુરવની પ્રીતે રે પાસે પાયો, ખાલી ફેરા અમ નહી ખાયો ૩
રીસ કરો નહીં ઓ રઢીયાળા, બળી બળી શું થાઓ છો કાળા;
લવલેશ નામ ના લીનો હરીકો, જાણ્યા વીના શું કરે છે ટીકો ૪
ક્ષણ માત્ર તું શાંતી ન પાવે, કહેને હરી તારો કેમ થાવે;
મરણની મોટી તારે ફાંસી, કરવત મુકાવ ભલે જઈ કાશી. ૫
ણ હોતું પણ તેતો ભાસે, હોય તે તો તું ન તપાસે;

પુન્ય પાપ જ્યારે પરલે થાવે, ત્યારે તુ તારાને પાવે, ૬
રીઝીને એ રટીયે રામા, ઘટોઘટમાં બિરાજે સામા;
ગુરૂ ચરણે ગણેસપુરી ગાવે, જુગ દર્શનમાં ફેર ન આવે. ૭

સવૈયા.

ભુત ભુતોમાં મળી રહ્યો પ્રાણી તું, ભુલ મતિ તુ તોરે ભક્કા;
આદેહરે તુ એસે રે બોલે તો, પડેગા માર વાંસેસે ધક્કા ૧
ફુલી બેઠો ફળકી લાગી લાલચ, ભુલી ગયો તું કયા જાવેરે મક્કા;
ગુણ ગણેશ ઇયાદ કરે તો, હોયગા પુરણ તુંતો પકા. ૨
પુરણ બ્રહ્મ પ્રકાશ પડયો અબ, જેસે રે નભ હે વ્યાપક સારે;
સમજુ હોય તો સમજી લેજો રે પુરા ગુરૂ હોયતો તેરે ધારે. ૩
એક અનેક હી રૂપે રે બોલે, રે, સમજુ હોય તો સમજે રે ધારે;
ગુણ ગણેસ યાદ કરે તો, પુરણ પદવી તો તારે લારે. ૪
આદ અનાદ એક અખંડીત, તેના વીના બીજું કાંઇના ભાષે;
અલક નીરંજન આરમ પારતો, તેવું તો ગ્યાન ગુરૂથી થાશે. ૫
અડચણ સર્વે અળગી કરે તો, ગુણ ગોવીંદના તોતો રે ગાશે;
ગણેશપુરી કહે કરજોડી તો ખોળે તો ખરી વસ્તુ રે ખાશે. ૬

સવૈયા.)

સવંત ૧૯૬૭ કીં સાલમાં, ચૈતર સુદી ચૌદશનો દહાડો;
ગ્રંથ સમાપત તે દી થયો ત્યારે, બ્રહ્મનો તે દીન પુરો થયો ભાડો. ૧
પુરૂષ પ્રકૃતી પલટી ગયાં તબ, મોક્ષ જેણો નથી કાંઇ રે જાડો;
ગુરૂ પ્રતાપે ગણેશપુરી ગાવે તો, આ શુલનો પંઠયો શ્વાસકો ભાડો. ૨

સંવત ૧૯૬૭ ની સાલમાં ચૈતર સુદી ૧૪ ના દીને આ ગ્રંથ સમાપ્ત કર્યો હતો માસ આઠ અને એક દીવસે આ ગ્રંથ પુરણ થયો હતો સર્વે હરીજનોના માટે એ મહારાજે પુરણ શ્રમ લઈને ઉદ્ધારનું કામ કર્યું છે પુરી દયા હોવાથી પ્રીતી લાવીને આ ગ્રંથ પ્રકાશ કર્યો છે.

ओम शुख शांती ही, ओम तत् सत्. ममात्माने नमाहं.
॥ ओम शांती ही ॥ ओम शांती ही ॥ ओम शांती ही.

पद.

તરણ તારણ જીવન હારણ,
સુખ કારણ ગણેસપુરી સ્વામી ગુરૂ આપ મળ્યા;
આપને જોઇ હું આનંદ પામ્યો,
દુઃખડાં સરવે આજ ટળયાં;
આપ મસ્ત પુરૂષ બિરાજે,
ભગવી ચાદર ખુબ છાજે;
ચંદન તીલક શોભે છે આજે,
આ ભવસાગરમાં ડુબતાં હવે બાંહી ઝાલે. તરણ તારણ.
વિદ્યાના વિદ્વાન છો તમે,
ભગતીના ભંડારછો તમે;
આ સંસારમાં શોધતાં,
એવા પવીત્ર ગુરૂ આપ મળ્યા. તરણ તારણ.
રામ તુંહી રહેમાન તુંહી,
ઘટઘટમાં રેણુકાર તુંહી;

ગણેસપુરી પ્રતાપે ગાય અબદુલ્લા,
સમ સરસ્ટીકા પાલનહાર તુંહી;
તરણ તારણ જીવન હારન,
સુખ કારણ ગણેસપુરી સ્વામી ગુર આપ મીલ્યા.

સવૈયા.

રહેમતઅલી અલ્લાકું સમરકે,
ગણેશપુરી કો ગ્રંથ લખાયો.
ભોજવા ગામમાં પહેલી ભલાઇ લીધી,
વાસણા ગામમાં મહેતાગરી પાયો;
કુળવાન પોતે રે હોવાથી તો,
હિન્દુનો ગ્રંથ પુરોરે લખાવ્યો ૧

આપ આવ્યાથી આનંદ થયો ત્યારે,
ગણેસપુરી કો ... રે ... ૨

સવૈયા.

છો દરસનકી સાર જોયા હંમ.
સાંમ વીના બીજુ નવ રે ભાસે.
આદ અંત મધે મોરારી તું.
તારા વીના તો પુરૂં કેમ કરી થાસે. ૧

અલક નીરંજનકું યાદ કરે તો.
જનમ મરણ સરવે રે જાસે.
ગુણ ગણેસ દયાદ કરે તો રે.
પુરણ પદવી તારે રે પાસે; ૨

આદ જોવું તો અંતરે ભાસે,
અંતે જોવું તો મધે પ્રકાસે;
આદમાં અંતમાં મધ્યમા વ્યાપક.
એવી દશા થાશે જબ ગાસે. ૧

મજરો માંનશે તેતો મોરારી રે,
પછી સમરણ કરજે શ્વાસો શ્વાસે;
ગણેસપુરી કહે ગુરૂગમ હોય તો,
પુરૂં થાશે તારૂં ખટ માસે. ૨

પદ ૧ રાગ અબતો મનવા મેરા.

જાણુ જાણુ અબતો મનવા મેરા, જુગતિરે જાણુ. ટેક.

જલ તેજ પૃથ્વી વાયુ મીલકે, ભેગો આકાશકો ભાન;
પંચભુત પોતાનાં જાણો, એજ બંધનની ખાણુ ખાણુ. અબ. ૧

બંકનાળની બારીએ બેઠો, બક બક કરે બેભાન;
શુન શિખરમાં શામ છે સાચો, વિચાર હોય તો માણુ માણુ. અબ. ૨

અધર આસનપર અલબેલોજી, તેજ ખરો મેમાન;
તે મેમાનકી જો માલમ પાવો, મટી જાય સરવે તાણુ તાણુ. અબ. ૩

સુક્ષમણામાં સરતી કરો તો, ચંદ્ર સુરજ નહિ ભાન;
નીરમળ નુરતો ત્યાં વરસતહે, નાખ્ય ઓમકારકો વાણુ વાણુ. અબ. ૪

ખેવટીયાને ખોળી કાઢો, ખખડયાં માંહી નીશાન;
વિદેહ મુક્તિનોરે લાવો, જીવતાં જીવતાં જાણુ જાણુ. અબ. ૫

આગળ પાછળ અળગો નાંહિ, સમજુ હોય તો જોએ સાન;

અલબેલે તો આ રહ્યા અંગમાં, ચતુર હોય તો માણુ માણુ. અબ. ૬
કર સમરણુ કીરતન હરિકો, પછી નીકળ જાયગા પ્રાણુ,
ગણેશપુરીને અબધુત મળીયા, ખોલી રતનકી ખાણુ ખાણુ. અબ. ૭

દોહા.

પ્રણામ કરૂં ગુરૂ સંતકું, જલ થલ ભુકા નીવાશી;
ગ્રંથ સમાપ્ત અબ થયો, ભાખ્યો પ્રેમ હુલાશી.

દોહા.

બરના ચકતી કર ગ્રહી, બગ હાકે અશ્વાર;
પાલસ યુત ઠાઢે રહે, અજહુ બલકે દ્વાર.

આ દોહાનો અર્થ કરીને વીરમગામ તાબે માંડળ પાસે ગામ વાસણામાં મોકલશે તેને પુસ્તક ૧ ઇનામમાં આપવામાં આવશે.

લી. પ્રસીદ્ધ કર્ત્તા.

લાલભારથી લાલ મણી, તાકો મુલ ન હોય;.
સોવરણુ યુત જગમાં રહે, ભેદ ન જાણે કોય.



આ પુસ્તક મળવાનું ઠેકાણું

અમદાવાદ.—બુકસેલર મહાદેવ રામચંદ્ર જાગુસ્ટે.
પાસેથી.
ત્રણ દરવાજા.
શ્રી સત્યનારાયણ પ્રીન્ટીંગ પ્રેસના માલેક.
પટેલ મોતીલાલ કાળીદાસ. પાસેથી.

વાસણા. વીરમગામ તાબે કુણપુર વાસણા.
પોસ્ટ માંડલ—કર્તા પાસેથી.

પ્રસીદ્ધ કર્ત્તા.